કુમાર

તંત્રી
બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · સંસ્થાપક : રવિશંકર રાવળ



પીળાં ફૂલ · ફોટો. ડી. કાશીનાથ

૩૬૪મો અંક · વર્ષ ૩૧મું · માહે એપ્રિલ · ઈસ્વીસન ઓગણીસસો ચોપન



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે......

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

કેટલાંક સામયિકોમાં 'પ્રશ્નોત્તર વિભાગ' આપવામાં આવે છે, પરંતુ એમાંનાં લગભગ બધાં જ સામયિકો મનોરંજન અર્થે નીકળતાં હોઈ, સાહિત્યને લગતા પ્રશ્નોના ઉત્તર આપવામાં કાં તો ઉદાસીનતા સેવતા હોય છે ને કાં તો ઉડાઉ જવાબ આપીને ઉડાવે છે. 'કુમાર'માં એવો કોઇ વિભાગ ચાલુ કરવામાં આવશે તો મારા જેવા અનેક વાચકોને એ પ્રિય અને ઉપયોગી થઇ પડશે. એ વિભાગમાં માત્ર સાહિત્ય વિષે પ્રશ્નોના જ ઉત્તર અપાય એ અધિક ઇચ્છનીય છે. શું એવો કોઇ વિભાગ 'કુમાર'માં ચાલુ થઇ શકે તેમ છે ખરો?

(મુંબઈ) —અ. દો. ખાકીઆની

'કુમાર'માં દરેક પ્રકૃતિના માનવીને રુચે તેવા લેખો હોય છે, પણ આધ્યાત્મિકતાને લગતા લેખો નથી હોતા. 'સુભાષિત' આવે છે ખરું, પણ હું માનું છું કે આપણી હિંદુ સંસ્કૃતિ જેને કારણે વિશ્વવ્યાપી બની તેવા ગ્રંથો ગીતા, ઉપનિષદ, વિદુરનીતિ, મનુસ્મૃતિ વગેરેમાંથી કંઈક સમજાવો તે યોગ્ય નથી લાગતું?

(મુંબાઇ) —હેમેન્દ્ર દલાલ

'કુમાર'નાં ૩૦ વર્ષો દરમ્યાન અનેક પ્રકારના વિવિધ વિષયોનું સાહિત્ય આવી ગયું છે. તે સર્વ વિભાગ પ્રમાણે પુસ્તકાકારે ગ્રંથમાળાની યોજના હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે તો નાણાંનો પ્રશ્ન ઘણે અંશે આડે ન આવે.

'કુમાર'ની હિન્દી અને અંગ્રેજી આવૃત્તિઓ બહાર પાડવામાં આવે તો ઘણું જ સરસ.

'કુમાર'માં દેશવિદેશની ભાષા, લિપિ, સાહિત્ય અંગેનો વિભાગ પણ શરૂ કરો. તેમાં જુદીજુદી ભાષાઓનો પરિચય આપવામાં આવે અને તે ભાષાઓ શીખવાનાં પુસ્તકોની યાદી આપવામાં આવે.

(અમદાવાદ) —મુકુંદ દોલતરાય

[પ્રકાશન તથા હિંદી આવૃત્તિ વિષેના અમારા વિચારો અમે આપી ચૂકયા છીએ, જોકે એ દિશામાં અમારા યત્ન ચાલુ જ છે. વિવિધ ભાષાઓનો વિભાગ, તજ્જ્ઞોનો સહકાર મળે તો અમે તત્કાલ ચાલુ કરવા તત્પર છીએ.]

આપ 'કુમાર'માં યોગ્ય સમયે વિધવિધ ઘરમાં રમવાની રમતો વિષે માહિતી ન આપી શકો? નીચેની રમતોને ખાસ સ્થાન આપશો: ચેસ, (શતરંજ) કોન્ટ્રેક્ટ બ્રીજ વગેરે રમતો.

(મુંબાઇ) —ઈશ્વર ભટ્ટ

અંક સાથે બ્રાઉન પેપરની કોથળીની એક તરફ આકર્ષક બ્લૉકની છાપણી અને સરનામું હોય છે. બીજી તરફ સાંકળિયું છાપી તેમાં વિદ્યાર્થીઓને લગતો વાચનવિભાગ ઉપર ખાસ ડિઝાઈનથી બતાવો. ગ્રાહકો તે ભાગ કાપીને પોતપોતાના ગામની શાળામાં નોટીસબોર્ડ ઉપર અચૂક ચોંટાડવા પૂરતી ઉદારતા દાખવે તો ગ્રાહકોની સંખ્યા આવતા દિવસોમાં વધે જ—ઘટે તો નહીં જ.

સાંકળિયું ન છાપો તો ચાલુ છાપણીનો 'પચ્ચીસ વર્ષ પહેલાં'નો હિસ્સો યા 'છેલ્લું પાનું' અથવા 'કાયાની કરામત' વગેરે. ટૂંકમાં વિદ્યાર્થીને આકર્ષી શકાય તેમ અને તે મોટાં હેડિંગોમાં ખાસ છાપો. વાનગી પોસ્ટર સ્વરૂપે કોથળીની બીજી તરફ છાપીને લાયબ્રેરી અને સ્કૂલના નોટીસબોર્ડ ઉપર ગ્રાહકો મૂકતા થશે તો ઊગતી પ્રજા 'કુમાર'ની નઝદીક થઈ જશે અને ગામેગામ 'કુમાર'થી વધુ પરિચિત થશે, અને આ પરિચય ગ્રાહકો વધારશે એમ હું દઢતાથી માનું છું.

(કરાચી) —અ. સલામ

'કુમાર'ના બે અંકો વર્ષો પછી વાંચવાને મળ્યા, અનહદ આનંદ અનુભવાયો. હિન્દના ટૂંકા ને ટચ પર્યટન પછી આવું અનેરું મેળવવા શક્તિશાળી થયો છું. મુંબાઈમાં બે દિવસના રોકાણમાં કલાની દુનિયાની થોડી ઝલક જોવા મળી. (આર્ટ) સોસાએટીના અને બીજાં પ્રદર્શનો, વાર્ષિક સુશોભિત અંકો અને બીજું ઘણું બધું ભુલાએલું તાજું થયું. શ્રી પુલિનબિહારી દત્ત, નંદિનીદેવી, ગુરુજી અલીવાસીજી, બહેન-બાનુ તથા ભાઇ શુકલ વગેરેથી મળાયું અને કલા પર ઘણું ઘણું ચર્ચાયું, ને અનુભવાયું કે ધર્મનાં બંધનો કલામાં કડવાશ નાખી શકે ખરાં? કલાકારનો સાચો ધર્મ તો કલા જ હોય છે.

આજે વિચારી રહ્યો છું કે અમારી કલા કઈ તરફ જઈ રહી છે? તો લાગે છે કે વધુ પડતી તબાહી તરફ, કારણકે એ એક હદે અટકી જવાની છે એ નક્કી છે. છતાં યુવાન કલાકારો કેમ આવું અટપટું અપનાવે છે. હાં, સારું હોય તે જરૂર લેવું જોઇએ, પણ એનો મતલબ એ નથી થતો કે મોટેરાની અસરથી અંજાઈ 'ન સમજાય' એવું બનાવી 'એક્સ્ટ્રા મૉડર્ન'માં ખપવું.

જ્યારે તે વાક્ય યાદ આવે છે કે 'કલાનો નમૂનો એટલે સૌંદર્યનો ખરો અવતાર' ત્યારે આજની 'એક્સ્ટ્રા મૉડર્ન' માટે એટલું જ બોલાઈ જાય છે કે 'બેડોળતાનો અજોડ નમૂનો'.

આશા છે કે આપ તથા બીજા અનેક મારા વિચારના કલાબંધુઓ આ તરફ લક્ષ આપશે.

કોઇ ભાઈ ભારતથી મોહેં જો દારો, હરપ્પા, ટૅક્સીલા, લાહોર કે પેશાવરનાં ખંડેરો, મ્યૂઝિયમો માટે કાંઈ જાણવા જોવા મંગાવવા ઇચ્છતા હોય તો મને લખી સહકાર મેળવી શકે છે.


(રાવલપીંડી) —એમ. આર. ખાન

કહેવતમાં જ્ઞાન: મીંડાં એટલાં ઇંડાં ને થાન એટલાં કાન.* પણ ન પંખીઓમાં જેને કાનની જગ્યાએ મીંડાં (કાણાં) હોય છે તે હમેશાં ઇંડાંને જન્મ આપે છે, અને થાન (સ્તન) હોય છે તે હમેશાં બચ્ચાં (કાનવાળાં) ને જન્મ આપે છે. કેવી સરસ સરલતાથી સ્મૃતિમાં રહે તેવી ઉપયોગી કહેવત!

(ભાવનગર) —હીરાલાલ જમનાદાસ

[* આ કહેવત છેક નાનપણમાં અમે આ રીતે જાણેલી: 'કાન એને થાન ને મીંડાં એને ઇંડાં.' અને ત્યારથી અજબરીતે એ અમારી જિજ્ઞાસાને સંતોષતી આવી છે.]

'કુમાર'ના ૧૯૫૩ના અંકોમાં અકુંઠિતગતિ (perpetual motion) વિષે ઘણી જ રસપૂર્વક ચર્ચા થઇ હતી. મારી પાસે દવાની જાહેરાતનો એક કાગળ આવ્યો છે તેમાં અકુંઠિત ગતિને દવાની જાહેરાત સાથે સાંકળી લેવામાં આવી છે તે મોકલું છું. એના લખાણ પરથી



લાગે છે કે શરૂઆતમાં પ્રાથમિક બળ જરૂરી છે. આ પ્રાથમિક બળ અને ગોળીના વજનથી જે બળ inclined plane માં નીચે જવા માટે મળે છે એ બે બળથી ગોળી નીચેનો વળાંક ચડી ઉપર આવે છે ત્યારે તે inclined plane ઉપર કાણા મારફત પ્રવેશ પામે છે. [તેમાં થાંભલા પરનો ગોળો તે લોહચુંબકનો છે, અને તેને અડેલાવીને મૂકેલા સાધનમાંના ઢાળમાં લોખંડની ગોળી નાખવાથી તે ઢળીને બીજે છેડે બહાર આવતાં ચુંબકથી ખેંચાઈને સપાટ ભાગ પર ચડે છે; પણ ત્યાં આગળ પહોંચતાં તેમાંથી નીચે પડીને દડી જઇ ફરી બીજે છેડે નીકળે છે. આમ ગોળીની સતત ગતિ ચાલુ રહે.]

(અમદાવાદ) —વિપિન શાહ

તેડે દૂર

·ગાન·

મને કોઇ ઘરથી તેડે દૂર:
વેળાનાં ઝાકળ ભૂરાં
ભેદતો આવે સૂર: મને૦
આભમહિં અંકાય રે પિયળ રંગ,
વનવીથિએ ગાય છે રે વિહંગ:
હુળવી લ્હેર આંજિયું મારાં
નેણુંમાં માસુમ-નૂર: મને૦
ઝાંઝરાં પંથની આડે જલ,
મારે તો સંગ એનો મંગલ:
શિરને ભર્યા કુંભનો લાગે ભાર,
વણસંદેશો મેલતો પેલી પાર:
પૂરની છોળે પ્હોંચવા મારો
પ્રાણ શો આતુર ભૂર! મને૦

રાજેન્દ્ર શાહ

એકલું લાગે

·દરબારી કાનડા·

એકલું લાગે;
તાર વિહોણા સાજ પરે આ
સૂર મધુરો એક ન વાગે... એકલું૦
ફૂલભર્યો બાગ લાગતો શાને રણ સમો વેરાન!
તારલેમઢ્યા આસમાંડે શે તિમિરકેરાં ગાન?
ચોમાસે ઉરમાં મારે
દવ શે જાગે?... એકલું૦
વાયરો વાતાં થથરે કેવાં ઝાડનાં સહુ પાંદ!
રોમરોમને થથરાવે એવી કોઇની મિલન-યાદ;
ઓટને ટાણું ઝૂરતો આરો
ભરતી માગે... એકલું૦

ગીતા પરીખ

ફૂલોને

રાંગને ફળિયે ફૂલ બેઠાં બધાં
નાહકનો ભરી દાયરો હો જી,
રંગ-સુગંધનાં મૂલ કરે એવો
કયાં છે સોદાગર વાયરો હો જી?

અર્જુન તન્ના

ગ્રીષ્મ

·અનુષ્ટુપ·

સૌમ્ય બે શિવનાં નેત્રો સમાં પ્રાતર અને નિશા,
મધ્યે મધ્યાહ્નની ત્રીજા હરનેત્રની ઉગ્રતા.
ઘટામાં વૃક્ષની ઘેરી ક્લાન્ત આતપથી ઢળ્યો
માતરિશ્વા રહ્યો હાંફી ઉષ્ણ શ્વાસે દઝાડતો.
આકાશી આમ્રના વૃક્ષે, પાંતળાં જલદાં લટે,
શોભે મધ્યાહ્નના સૂર્ય, પાકેલી શાખ શો પીત.
ઉઘાડે અંગ જાણે કો જોગી ફાળ ભરી જતો,
છૂટી ઝાળ જટા એની તામ્રવર્ણી ઉડાડતો.
ઢળતી સાંજ ને ઓછી થતી સૂર્યની ઉગ્રતા,
વળતી સૃષ્ટિની મૂર્છા; રૂંધાયા શ્વાસ છૂટતા.
ઢળેલી દ્રુમછાયામાં ધીમેથી વાયુ જાગતો,
લહેરોમાં ઝીલી ધીમી ગતિનું ગાન ગુંજતો.
આકરા તાપને અંતે રાત્રિ શી સૌમ્ય ને શીત!
આકરા તપને અંતે જાણે પાર્વતીનું સ્મિત!

જયન્ત પાઠક

મુસાફરો

-મિશ્ર-

અમે બધા તો
મુસાફરો કેવળ થર્ડ ક્લાસના!
ઠાંસી ભરેલા અમ આમ વર્ગમાં
ઘસી ઘુસીને,
બે (એક વા!) પાય મૂકી મુસીબતે,
ફુટપાથરી પરે,
રહ્યા મજા ભોગવી વાયુયાનની!
કો બારણાને, સળિયા ગ્રહી. કે
જાણ્યા-અજાણ્યા સહપાન્થ કેરાં
કોણી-ખભા-કૉલર કોટ-જે ચડ્યું
હાથે—અમે ત્યાં લટકી, ટકીને
મુસાફરી રોજ અમે કર્યા કરી!
પસાર છો કૈં વનવૃક્ષ, ખેતરો,
રસ્તા, નદી, રોજ સવાર સાંજે—
ના યાદ કૈં! ધ્યાન અમારું તો બધું
હર્યું છ થાકયા
પ્રસ્વેદભીના
છૂટી જતા હાથ અને ઘડી ઘડી
સરી જતા પાય સમાલવામાં.*

વિનોદ અધ્વર્યુ

*ભરચક ટ્રેનના મુસાફરોની સ્થિતિનું આ વર્ણન આજના માનવજીવનનું રૂપકાલેખન પણ નથી?

જૂની ધંધાદારી રંગભૂમિની મર્યાદાઓમાં રહી જેણે સજીવ અભિનયથી નાટ્યકલાના આજીવન સાધક અને નવી રંગભૂમિના કલ્પનાશીલ

ઘડી પાટલીનું ધોતિયું, ખાદીનો સફેદ ઝભ્ભો, સફેદ વાળને ઢાંકતી છતાં ન ઢાંકતી ખાદીની સફેદ ટોપી, સફેદ ભરાવદાર મૂછો, ગોરો વાન, અને આકર્ષક ચહેરાવાળો પાંસઠેક વર્ષનો વૃદ્ધ અમદાવાદમાં પ્રેમાભાઇ હૉલ આગળ તમને મળી જાય તો જાણવું કે એક વખત 'સુંદરી' તરીકે ગુજરાતભરના નાટ્યરસિકોને જેણે ઘેલા કર્યા હતા તે આપણા ખ્યાતનામ નટ જયશંકર સુન્દરી છે.

નટની કીર્તિનું આયુષ્ય સાધારણ રીતે એના અભિનયની 'કંઈક ખૂબી' ટકી રહે ત્યાં સુધીનું ગણી શકાય. પણ જયશંકરમાં એવું કશુંક છે જેને લીધે એમની કીર્તિની સુવાસ હજી પણ એવી જ તાજી છે. નટ તરીકે નાટક ભજવીને એ આથા નથી રહ્યા, પણ પોતાના કાર્યનું સ્વરૂપ પૂરેપૂરું અવગત થાય તે માટે એમણે અથાગ પરિશ્રમ કર્યો છે અને એ રીતે એમણે પોતાની શક્તિ ખીલવી છે. પોતાની કલાને સંપ્રજ્ઞાતપણે ખીલવનારા વિરલ હોય છે. જયશંકર અભિનયકલાના આજીવન સાધક રહ્યા છે અને એ જ એમના વ્યક્તિત્વનું પરમ આકર્ષણ છે. આજે જ્યારે સાધારણ રીતે રંગભૂમિ પર એ ઊતરતા નથી ત્યારે પણ એમને રઢ નાટકની જ વળગેલી છે. અને ઊઠતાં, બેસતાં, બોલતાં, ચાલતાં હજી યે એ નટ જ છે. ઉત્તરવયનું એમનું જીવનકાર્ય પણ ગુજરાતની રંગભૂમિને જૂની પરંપરાઓ સાથે સાંધી આપીને એને વિકસાવવાનું રહ્યું છે.

જેને પોતાનું જીવનકાર્ય જડી જાય તે માણસ ખરેખર સદ્‌ભાગી કહેવાય. જયશંકર એવા સદ્‌ભાગી છે. એમને છેક નાનપણથી પોતાનું જીવનકાર્ય જડી રહ્યું હતું. પણ જીવનકાર્ય જડ્યા પછી એકાગ્ર ચિત્તે એને વળગી રહેનારા વિરલ સાધકોમાં જયશંકરની ગણના થવી ઘટે છે.' સ્ત્રી સ્ત્રીનો પાઠ કરે અથવા પુરુષ પુરુષનો પાઠ કરે અને પોતાની ભૂમિકાને યશસ્વી બનાવે એ ઘટનાથી આપણે [illegible] ટેવાયા છીએ. પણ જયશંકરને ભાગે ઘણું અઘરું કામ આવ્યું હતું. એમના સમયમાં સ્ત્રીઓ નાટકમાં ભાગ્યે જ જોડાતી અને સ્ત્રીના પાઠ પણ પુરુષે જ કરવાનો રહેતો. નાટક જોતાં પ્રેક્ષક પણ કલ્પનાથી ઘણું સરજે છે એટલે સ્ત્રીની ભૂમિકામાં પુરુષ કામ કરે તે સ્થિતિને દેશેદેશમાં વરસો સુધી પ્રેક્ષકોએ બરદાસ્ત કરી છે. જયશંકરને ભાગે પણ સ્ત્રી થવાનું આવેલું. પણ એ એવી સ્ત્રી બની રહ્યા જેનું કામણ વર્ષો સુધી પ્રેક્ષકોનાં ચિત્ત પર રહ્યું. જયશંકરની અભિનયશક્તિનો જ્યારે મધ્યાહ્ન તપતો હતો ત્યારે નાયિકાની ભૂમિકામાં એમને કામ કરતા જોનારા પ્રેક્ષકો આજે પણ એમને સંભારીને ફક્ત એટલું જ કહે છે, "જયશંકરના અભિનયનું વર્ણન કર્યું જાય તેમ નથી."

રંગભૂમિના આવા અનન્ય ઉપાસકના જીવનનો યત્કિંચિત્ પરિચય આ લેખ દ્વારા આપવો છે.

શ્રી. જયશંકરનો જન્મ વીસનગરની ભોજક જ્ઞાતિમાં ૧૮૮૯ના જાન્યુઆરીની ૩૦મી તારીખે થયો હતો. એમના પિતાનું નામ ભૂધરદાસ અને પિતામહનું નામ ત્રિભુવનદાસ.

ભોજક જ્ઞાતિ એ મૂર્તિપૂજક જૈનોની આશ્રિત જ્ઞાતિ છે. મંદિરોમાં પૂજા ભણાવવી, ધર્મધ્યાનના ગ્રંથો શીખવવા અથવા તો લહિયાઓ તરીકે પુસ્તકો લખી આપવાં એ ભોજકોનો જ્ઞાતિધર્મ વ્યવસાય છે. રેલગાડીનો જમાનો આવ્યો તે પહેલાં દૂરદૂરના જૈન ભંડારો માટે પુસ્તકો લખવા માટે ભોજકો પગે ચાલીને ગયાના દાખલા છે. પ્રત્યેક ભોજક અટકે ઠાકોર કહેવાય છે, જો કે આજથી નેવું વર્ષ ઉપર લહિયાઓએ ભોજક અટક દર્શાવવી શરૂ કરેલી. જયશંકરના પૂર્વજોમાં પણ કેટલાક લહિયા હતા, તેમ કેટલાક વૈદ્ય હતા, તો કેટલાક ગાયકો હતા. જૈન આચાર્યોની સેવાશુશ્રૂષામાં પણ કેટલાકે જીવન વ્યતીત કરેલું. નવમી પેઢીએ એમના પૂર્વજ મુન ઠાકોર એમના જમાનાના એક અચ્છા કવિ પણ હતા. દાંતાના રાણાના એ આશ્રિત કવિ હતા અને છેક હમણાં સુધી મુનવાછા(મુન ઠાકોરના પિતાનું નામ વાછા ઠાકોર માટે મુનવાછા)ના વંશજો છીએ એમ કહેવાથી જયશંકરના કુટુંબને અંબાજીના મૂંડકાવેરામાંથી માફી મળતી હતી.

ભોજક જ્ઞાતિની બીજી વિશેષતા એ કે સમાજને નટો અને ગાયકો એણે પૂરા પાડ્યા છે. ગુજરાતની વ્યવસાયી રંગભૂમિના છેલ્લા સો વર્ષના ઇતિહાસમાં મોટા પ્રમાણમાં આ જ્ઞાતિએ જ નટો પૂરા પાડ્યા છે. જ્ઞાતિસંસ્થાનાં દૂષણો અનેક છે અને ઊંચનીચભાવ સદાકાળને માટે એની સાથે જડાઈ ગયો હોવાથી એ ભાવને દૂર કરવા માટે પણ જ્ઞાતિસંસ્થાને હવે ટકવા દેવાય તેમ નથી, છતાં વ્યવસાયગત કૌશલનો સંઘરો કરવામાં જ્ઞાતિસંસ્થાએ ખૂબ કામ આપ્યું છે એમ ઇતિહાસદૃષ્ટિથી કહેવું પડે.

પણ જયશંકર ભોજક જ્ઞાતિના હોવા છતાં એમની પહેલાં એમના કોઇ પૂર્વજે નાટકના વ્યવસાયને હાથ લગાડ્યો હોય એવું સાંભરણમાં નથી. અમુક અંશે એમના કુટુંબપરંપરામાં નાટકના ધંધા સામે વિરોધ પણ ખરો. લહિયા કે ગાયક કે કવિ કે વૈદ તરીકેની કામગીરી આગળ નટની કામગીરી કદાચ કુટુંબમાં હલકી પણ મનાઈ હોય. એટલે જ્યારે જયશંકરે નાટકના ધંધામાં જવાનો પ્રસ્તાવ પહેલવહેલો કુટુંબ આગળ મૂક્યો ત્યારે એનો તીવ્ર વિરોધ થયો હતો.


બાલ્ય વયમાં જયશંકર ઉપર સંસ્કારો નાટકના નહીં પણ સંગીતના પડ્યા હતા. એમના પિતામહ ત્રિભુવનદાસ મનસુખરામ ભોજક તો ઓળખાતા જ ત્રિભુવનદાસ ગાયકના નામે. ધંધો પણ ગાયકનો જ હતો. મોટા ગવૈયા તરીકે આખા ઉત્તર ગુજરાતમાં એ મશહૂર હતા. પ્રસિદ્ધ ગવૈયા બડા ફકરૂદ્દીન એમના ઉસ્તાદ હતા. એમની ગાયકી એવી તો ઉત્તમ હતી કે ઉસ્તાદ ફૈયાઝખાંના નાના ગુલામ અબ્બાસે ત્રિભુવનદાસને છોટા ફકરૂદ્દીન તરીકે સંબોધેલા. પછી તો લોકોએ પણ આ જ નામ પકડી લીધેલું. પાલણપુર સ્ટેટના પણ પાછળથી એ રાજ્યગાયક બનેલા. ગામમાં પણ પિતામહની પ્રતિષ્ઠા ભારે. ત્રિભુવનદાસની હાજરી ન હોય તો વીસનગરમાં સંગીતનો કોઈ જલસો થઇ જ ન શકે. નૃત્ય કે નાટક થવાનું હોય તો પણ ત્રિભુવનદાસની બેઠક આગળ પડે. એ માથું હલાવે તો જ બહારથી આવેલા ગાયકની ગાયકીનો ધડો થાય. ભાતખંડેની સંગીત પદ્ધતિના અનુપમ ગુજરાતી સંગીતકાર અને મુંબઇ ગુજરાતી નાટકમંડળીમાં નાટકનાં ગીતોની વિવિધ તરજો અતિ કુશળતાથી બાંધનાર, પાછળથી જયશંકરને પણ સંગીતની અને સંસ્કૃતની તાલીમ આપનાર, પં. વાડીલાલ નાયક ઉસ્તાદ નઝીરખાંના શિષ્ય હતા. જયશંકરના એ દૂરના મામા પણ થાય. એમની તાલીમ પૂરી થયા પછી એમના પિતા શિવરામ નાયક એમને ત્રિભુવનદાસ પાસે લઈ ગયેલા. ત્રિભુવનદાસ પાસ કરે તો જ દીકરો

લોકહૈયાં ડોલાવ્યાં તે અને વત્સલ માર્ગદર્શક

શીખ્યો કહેવાય એવી શિવરામની સમજ. ત્રિભુવનદાસ ત્યારે પૂજામાં બેઠા હતા કે તમાકુ મસળતા હતા પણ એમને જરા મોડું થયું તેથી વાડીલાલ મનમાં અકળાયા. ત્યાં તો ડોસા આવ્યા અને વાડીલાલને ચુકતી પર ગાવાનું સૂચન કર્યું. ડોસાના મનમાં કદાચ એમ હશે કે ચુક્તીના તાલ પર પણ છોકરામાં હીર હશે તો પરખાઈ જશે. પણ સામે પણ હઠીલો કલા-સાધક હતો. 'સાજ વિના હું ગાતો નથી' એમ વાડીલાલે કહી દીધું. "એમ ?" ત્રિભુવન-દાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને ઉમેર્યું: 'મારી પાસે સાજમાં તો, ભાઇ, ફક્ત તંબૂરો છે.' ને એ તંબૂરો લઇ આવ્યા બાદ જે રીતે એમણે તંબૂર મેળવ્યો તે રીત ઉપર તો વાડીલાલ પણ આફરીન થઇ ગયા. વાડીલાલને જયત રાગ ગાવાની ફરમાયશ થઈ. વાડીલાલે ગાયું—ખૂબ સુંદર ગાયું. ડોસા ખૂશ થઈ ગયા અને વાડીલાલને ભેટી પડ્યા. રાત્રે જલસો ગોઠ-વાયો. ત્યાં ન્નતભાઇઓ સમક્ષ ત્રિભુવનદાસે વાડીલાલને પોતાનો તંબૂરો ભેટ આપ્યો ને જાહેર કર્યું: "વાડીલાલ સાચો ગાયક છે."

આ જલસામાં બાળક જયશંકર હાજર રહતા.

પણ ત્રિભુવનદાસનું સંગીત જયશંકરને ત્રિભુવનદાસ પાસેથી વ્યવસ્થિત રીતે મળે એવું અદૃષ્ટનું નિર્માણ નહીં હોય. દાદા સવારે ખૂબ વહેલા–ચાર વાગે– ઊઠતા અને ગીત-ગોવિંદની અષ્ટપદીઓ તેમજ આનંદઘનનાં ખુલ્લે સાદે મીઠાશથી આલાપતા. એમને સાંભળી સાંભળીને એમનાં નાનાં બહેન જમનાબાઈ પણ એમના જેટલી સુંદર રીતે ગાતાં થઇ ગયાં હતાં. દાદાની ઠેઠ ઊતરતી વય સુધી આ ક્રમ ચાલુ રહેલો, અને જયશંકરનો જન્મ થયો ત્યારે તો ત્રિભુવનદાસ ખૂબ જૈફ થઇ ગયેલા. છતાં શિષ્યો એમની પાસે સંગીતની તાલીમ માટે આવતા. રોજ સવારે નવ વાગે ત્રિભુવનદાસને ત્યાં તાલીમવર્ગ શરૂ થતો. એમાં પણ જયશંકર બાળકના હકની રૂએ બેસતા. પણ



જયશંકર 'સુંદરી'—નાટ્ય વિદ્યામંદિરના આચાર્ય, નટમંડળના નિયામક, ૬૫ વર્ષની વયે

જયશંકર 'સુંદરી'

જયશંકર આઠ વર્ષના થયા ત્યાં તો ત્રિભુવનદાસ ગુજરી ગયા. ત્યાં સુધીમાં જયશંકર પર ઉત્તમ સંગીતના સંસ્કારો પડ્યા, પણ દાદા પાસેથી સંગીતની પદ્ધતિસર તાલીમ એમને મળી નહીં. પાછળથી અભિનેતા તરીકે જયશંકરે ગળાને પણ ખૂબ કસ્યું અને સ્વ. વાડીલાલ નાયક પાસેથી સંગીતની ઉત્તમ તાલીમ લીધી. "મને નટ તરીકે જે ફાયદો થયો છે તે ગાયનથી થયો છે" એમ પણ જયશંકરે મને કહ્યું છે. ગળાને એ સાચવતા પણ ખૂબ. ગળાને જ શા માટે, શરીર આખાની કાળજી રાખતા. કસરત નિયમિત કરતા, બીડી પીતા નહીં, નટોમાં સામાન્ય રીતે પ્રચલિત બીજાં વ્યસનોથી વેગળા રહેતા અને તેલમાં તળેલું કશું ખાતા નહીં. અભિનેતા થવા માટે જીવનમાં જે જે યમનિયમની જરૂર પડી તેને જયશંકરે આવકારેલી. આથી જેઓ જયશંકરના અભિનય પર વારી જતા હતા તેઓ નાટકમાં જયશંકરને ભાગે જે ગીત ગાવાનાં આવતાં તેના પર પણ વારી જતા હતા. જયશંકરના અભિનયની જે મીઠાશ હતી તે જ મીઠાશ એમના ગાવાની પણ હતી. ગાવાનું પણ



'સુંદરી' તરીકેની જયશંકરની કારકીર્દિના કાળના એમના અભિનયનાં કેટલાંક દશ્યો

ઠીક પ્રમાણમાં આવતું. નાટકનાં કુલ ગીતોમાંથી અર્ધાં ઉપરનાં ગીતો તો તરજકાર જયશંકરને માટે જ બાંધી દેતા હતા. કેટલાક પ્રેક્ષકો તો જયશંકરનાં ગીતો સાંભળવા મળશે કરીને નાટક જોવા આવતા હતા. અને આજે જેમ સિનેમાનાં કેટલાંક હલકદાર ગીતો શેરીએ શેરીએ અને ગળે ગળે ગુંજે છે તેમ જયશંકરના જમ. .. .. એમણે ગાયેલાં ગીતો નાટકરસિયાઓ ફુરસદે કે લહેરમાં હોય ત્યારે ગુંજતા હતા. પણ ધંધાદારી નાટકમાં સંગીતનું આટલું બધું માહત્વ હતું, કહો કે નાટક સાથે સંગીત લગભગ વણાઈ ગયા જેવું હતું, છતાં જયશંકર સંગીતકાર બન્યા નહીં, નટ જ રહ્યા. સંગીતની આરાધના એમણે નટ થવા માટે અને નટ થવા પૂરતી જ કરી–એની સ્વતંત્ર આરાધના એમણે ન કરી. સંગીત અને અભિનય આટલાં અડોઅડ હોવા છતાં એમણે પોતાની પસંદગી કરી લીધી અને સંગીતને ગૌણ કરી અભિનયને જ પ્રધાનપદ આપ્યું. નાનપણથી જ જયશંકરને પોતાનું જીવનકાર્ય જડી ગયું હતું. એમના મુખ્ય રસ પાત્રનું વ્યક્તિત્વ પ્રગટ કરવાનો હતો, સ્વરસૃષ્ટિ પ્રગટ કરવાનો નહિ. આ જરાક વિસ્તારથી કહેવાનું પ્રયોજન એ છે કે સાધનામાં પણ મુખ્ય-ગૌણના વિવેકની જરૂર પડે છે.

ત્રિભુવનદાસને ભૂધરદાસ એકના એક પુત્ર હતા. આથી જયશંકર દાદાના લાડકા હતા. નાનકડા જયશંકરને જાંબુ ખૂબ ભાવે તેથી દાદા એમને 'બેટી જાંબુ' કહીને બોલાવતા. એમને સૂવાડતા પણ પોતાના જ ખંડમાં, અને દાદાની આંગળીએ વળગીને એ જ્યાં જાય ત્યાં જવાને પણ પૌત્રનો હક ખરો જ. આમાંથી જયશંકરનો નાટકનો રસ જાગ્રત થયો. વીસનગરમાં નાટકમંડળીઓ નાટક ભજવવા આવતી. જયશંકરના બાલપણમાં એક કાઠિયાવાડી નાટકમંડળી આવેલી અને એક એમના જાતવાળાની આવેલી. ત્રિભુવનદાસને નાટક જોવા માટે પણ નાટકમંડળીનું આમંત્રણ હોય જ. દાદા જો નાટક જોવા જાય તો જયશંકરને પણ લઇ જાય. આ રીતે જયશંકરના ફુઆ કેશવલાલ શિવરામે લખેલું "સંગીત લીલાવતી" નાટક જોયેલું 'માનતુક માનવતી" નાટક પણ જોયેલું. પણ 'હરિશ્ચંદ્ર' નાટક જોઇને જેમ ગાંધીજીના જીવન પર એક પ્રકારની અસર પડેલી તેમ જયશંકરના જીવન પર બીજી જ અસર પડી.

'હરિશ્ચંદ્ર'નું નાટક જોવા માટે દાદા સાથે આગળની બેઠકમાં જયશંકર બેઠા છે. બોલેલું પાળવાના પરિણામે રાજા હરિશ્ચંદ્ર, તારામતી, અને કુમાર રોહિત વેચાઈ ગયાં છે: હરિશ્ચંદ્ર ઢેડને ત્યાં અને તારામતી અને રોહિત બ્રાહ્મણને ત્યાં. રોહિતનું સર્પદંશથી મૃત્યુ થાય છે ને કલ્પાંત કરતી તારામતી જીવનાધાર બાળકનું શબ ઉપાડી મધરાતે એકલી સ્મશાનમાં આવે છે. સ્મશાનમાં હરિશ્ચંદ્રની ચોકી છે. કર લીધા વિના એ શબ બાળવા દે એમ નથી. તારામતી પાસે ફૂટી બદામ પણ નથી. કરુણની પરાકાષ્ઠા આવે છે. પ્રેક્ષકો જેમ જોવાને ટેવાયા હોય તેમ નાટક જુએ છે. કોઇ કોઇની આંખમાંથી આંસુની ધારાઓ પણ વહેવા લાગી ગઈ. પણ એક બાળકના દિલને આ કરુણની એવી ઘેરી ચોટ લાગે છે કે એ મોટેથી હીબકાં ભરે છે. નાટકને આગળ ચાલવા દેવું હોય તો એ હીબકાં બંધ થવાં જ જોઇએ. બાળકને બહાર લઈ જવામાં આવે છે. દાદા બેટી જાંબુને આશ્વાસન આપે છે, સમજાવે છે કે આ કંઈ ખરું નથી, આ નાટક છે. છતાં જયશંકર સમજતા નથી. ચિતા પર પોઢેલો કુમાર રોહિત મરેલો જ છે. દાદા જયશંકરને ખાતરી કરાવવા વિંગમાં લઇ જાય છે, જ્યાં મરેલો રોહિત જીવતો થઇને કપડાં બદલતો હોય છે. જયશંકર તાજુબ થઈ જાય છે. હજી વધારે ખાતરી કરાવવા રાળમાંથી ચિતાના ભડકા કેમ થાય તેનો પ્રયોગ કરી બતાવવામાં આવે છે. અને ચીંથરાનો સાપ પણ હાજર થાય છે. જયશંકર કંઇ સમજ્યા ખરા? સમજ્યા જ તો. પણ તે નાટક ને જીવનનો ભેદ નહીં પણ નાટકને જ જીવન બનાવવાનું સમજ્યા. જયશંકરને રોહિત થવાનો મનોરથ જાગ્યો.

બીજી બાજુ કુટુંબમાં નિર્ણય લેવાયો કે આવા પાણીપોચા છોકરાને હવે પછી નાટક બતાવવું નહીં. પણ એ પાણીપોચો છોકરો તો નિશાળમાંથી ભાગીને રોહિત થનારની દોસ્તી કરવા નાટકમંડળીના ઉતારે પહોંચી જતો અને ત્યાં ચાલતાં રીહર્સલો ધ્યાનથી જોતો; મંડળી ગામમાંથી જાય તે પછી પણ કાર્ડબોર્ડનાં પૂતળાં બનાવી, જુદાં જુદાં પાત્રો-

ની કામગીરી એ પૂતળાંને સોંપી, પૂતળાંએ બોલવાનું પોતે બોલી, અને ગાવાનું પોતે ગાઈ, એકાંતે નાટક ભજવતો. દરેક પૂતળામાં બાળ કલાકારના આત્માનો સંચાર થતો હશે. જો કે જયશંકરની તો એ વિશિષ્ટ બાલક્રીડા જ હતી. ડ્રૉપ, વિંગ, ઝાલર, ઍક્ટર, પેઇન્ટ વગેરે નાટકની પરિભાષા એ દિવસોમાં જ જયશંકરે પોતાની કરી લીધેલી.

જયશંકરની સ્મૃતિ તીવ્ર હોવી જોઇએ અથવા સ્મૃતિ એ જો અવધાનનો વિષય હોય તો પોતાને પ્રિય એવા સંસ્કારો ઉત્કટપણે ઝીલીને જયશંકર એમને આત્મસાત્ કરી લેતા હોવા જોઇએ. ગમે તેમ, જે કંઈ જયશંકર જોતાં કે સાંભળતા તે સ્મૃતિમાં બરાબર છપાઈ જતું.

અભિનયના સંસ્કારો બીજે માર્ગેથી પણ જયશંકરના પટ્ટકરણ પર ચઢી આવતા. ગામમાં જે દિવસોમાં બહુરૂપી ફરતો હોય તે દિવસોમાં શાળામાં જયશંકરની ગેરહાજરી રહેતી. બહુરૂપીની પૂંઠે પૂંઠે ફરવામાં આખો દિવસ પૂરો થઇ જતો.

જયશંકરના એક જ્ઞાતિબંધુ હરિભા નાયક અચ્છા વાર્તાકાર હતા. એ ગામમાં આવેલા ત્યારે એમની પાસે લોકોએ વાર્તા કહેવડાવી. શૂરા રાઠોડની એ વાર્તા. સાંજે વાળુ કરીને પરવારી બધા એકઠા થાય એટલે વાર્તા શરૂ થાય તે મધરાત સુધી ચાલે. હરિભાને જૂનું સાહિત્ય બધું કંઠે. એના સંસ્પર્શ વાર્તાને આપતા જાય. વાર્તાના ક્રમમાં દુહા ચોપાઈ પણ આવે. ઉઠાવદાર લાંબાં વર્ણનો પણ બેસુમાર આવે. હરીભા સાભિનય વાર્તા કહે. વાર્તાના એકે એક પાત્રમાં હરિભા પ્રવેશ કરે અને આખું વાતાવરણ સજીવ તાદશ કરે. બાવન રાઠોડ વીરો મરાયા તે પછી જ્યારે એમનાં ધડ લડવા લાગ્યાં તેનું જે વર્ણન અભિનયસહિત હરિભાએ કરી બતાવેલું તેથી નજર આગળ જ એ ધડ લડતાં હોય એવો થડકારો જયશંકરે અનુભવેલો. બાવીસ દિવસ સુધી શૂરા રાઠોડના આ એક જ વાર્તા ચાલેલી. મધરાતે ક્યાંક અટકવું પડે કરીને હરિભા અટકે ત્યારે એવી જગાએ અટકે કે રસ રહી જાય અને ઊઠવું ગમે નહીં. પણ સાંભળનારા ઊઠે તોપણ બીજે દિવસે ક્યારે રાત પડે કે વાત ભેગાં થઈએ તેની જ સૌને તાલાવેલી હોય. દાદાને તૈયાર કરીને રોજ જયશંકર એમની સાથે આ વાર્તા સાંભળવા જતા. અને બીજે દિવસે બા આગળ આખી યે વાત હરિભાના અભિનયના અનુકરણ પૂર્વક કડકડાટ કહી જતા. ભવિષ્યના અભિનેતાની આ પણ એક અજ્ઞાત તૈયારી જ હતી.

પાંચેક વર્ષની વયે જયશંકરને નિશાળે ભણવા મૂકેલા. આંક મોઢે કરવાનો એમને ખાસ્સો કંટાળો. માર્યા વિના વિદ્યા આવડે નહીં એવું માનવાવાળા જમાનાના માસ્તરના મારનો ત્રાસ પણ ખરો જ. નિશાળિયા ભણતરમાં જયશંકરનું મન ખૂંપતું જ નહિ. પોતાનો માર્ગ પોતે કાઢનારી પ્રતિભાને આ ભણતરને કદાચ વિક્ષેપરૂપ લાગ્યું હોય. જયશંકર લિજ્જતથી પોતાને વિશે કહે છે: "ભણ્યો છું બારા સુધી." પણ એ તો નિશાળમાં જ 'બારા સુધી' ભણેલા. નિશાળની બહાર જે નિશાળ છે તેમાંથી જયશંકરે આપમેળે ઘણું લીધેલું તેમ છતાં પદ્ધતિસર શિક્ષણ પોતાને નહીં મળ્યાનો થોડોક વસવસો પણ એમને છે. એ કહે છે: "ન ભણવાથી 'થીયરી' ન શીખ્યો" થીયરી એટલે નાટ્યનો સિદ્ધાન્ત.

પણ જયશંકરનું ભણતરમાં ધ્યાન નહોતું એટલું જ. એ ઠોઠ નહોતા બાલ્ય વયમાં પણ બે વિચારોનો સંબંધ જોડવાની એમની વિચક્ષણતાનું ફક્ત એક દૃષ્ટાંત રજૂ કરીશ. એમનું કુટુંબ ચુસ્ત જૈનધર્મી. વ્રતતપસ્યામાં એમનાં દાદીમા આગેવાન. માતાની હંમેશની શીખ કે, ગમે ત્યાં જઈએ પણ જૈન દેરાસર આવે તો દર્શન કર્યા વિના આગળ ન વધવું; અંદર ન જવાય તો છેવટે શિખરને નમસ્કાર કરી, નવકાર બોલી,



'પ્રેમ-કટોરો હાથમાં, માંહી મીઠું દૂધ'. 'વિક્રમચરિત' (૧૯૦૩-૪)માં રંભા (દૂધવાળીના વેષે રાણી) તરીકે જયશંકર. ફોટો · નસરવાનજી

પછી આગળ જવું. ઊકાળેલા પાણીનું, એની પર ઢાંકવાના કપડાનું, ડોશીમાના સાપડાનું, ઘડીનું, દેરે લઈ જવાની ડબીનું જયશંકરનું સ્મરણ આજે પણ તીવ્ર છે. આ ધર્મસંસ્કારો સાથે ભૂતપ્રેતની વાતોના સંસ્કારો પણ ખરા. પણ જયશંકરના પિતા ભૂધરદાસ ભૂતપ્રેતમાં ન માને. ભૂતપ્રેત હોય તો તેમને પડકારવા કાળી ચૌદશની રાત્રે પણ બેત્રણ વાર ગયેલા. ભૂતપ્રેત જેવું કંઈ છે જ નહીં એમ એ હિંમતભેર કહેતા. હવે જૈન આચાર પાળતા કુટુંબમાં ગૌતમ સ્વામીની સ્તુતિ નિત્ય ભણાતી તેમાં નીચેનાં વચનો આવતાં

ભૂત પ્રેત નવ ખંડે પ્રાણ,
એ ગૌતમનાં કરું વખાણ.

માતાની ભૂત પ્રેતની વાતોથી તરબોળ દીકરાએ આ વચનો પકડી લઇને પિતાની આગળ એવી શંકા ઉપસ્થિત કરી કે ભૂતપ્રેત જો હોય જ નહીં તો પછી ભૂત પ્રેત પ્રાણનું ખંડન ન કરે એવું ગૌતમ સ્વામીની બાબતમાં કેમ કહેવું પડયું?

જયશંકર આઠેક વર્ષના થયા હશે ને પિતામહ ત્રિભુવનદાસનું અવસાન થયું. તે પછી એક વર્ષમાં એવી એક ઘટના બની જેણે નવ



'કામલતા' (૧૯૦૩)મા કામલતા તરીકે જયશંકર અને રાજા મીનકેતુ તરીકે સ્વ. બાપુલાલ નાયક. મીનકેતુ કામલતાને રથમાં બેસી જવા આગ્રહ કરે છે ત્યારે કામલતા આનાકાની કરે છે એ પ્રસંગ. કામલતા ગાય છે: 'મને આવે છે ફેર, ઝૂલે મારું મનડું સખી!'
ફોટો • નસરવાનજી ભેદવાર

વર્ષની કુમળી વયે જયશંકરને જીવનકાર્યની ભેટ ધરી.

દુર્લભરામ ડોસા વાલમિયા નાયક રહે વીસનગરમાં. એમનો દીકરો મોતીરામ નાયક દાદી ક્રાઈસ્ટની નાટક કંપનીમાં નોકરી કરે. એ કંપનીને 'છોકરા' જોઈએ એટલે કંપનીના મૅનેજર સખારામ દુર્લભરામ ઉપર ચિઠ્ઠી લઈને વીસનગર આવ્યો. છોકરા પારખી આપવાનું અને એમનાં માબાપને સમજાવવાનું કામ દુર્લભરામનું. દુર્લભરામે થોડાક છોકરા તેડાવી મંગાવ્યાં તેમાં રૂપાળું ગોળ મોં, ચમકદાર આંખો, ગૌર વર્ણ અને મીઠા કંઠવાળા જયશંકરને એ કેમ વિસરે? નિશાળેથી પરબારા જયશંકર દુર્લભરામને ઘેર. બધા છોકરાઓને ગવડાવ્યું. જયશંકરની નમણી મુખાકૃતિ, દેહ સૌષ્ઠવ અને કંઠની મીઠાશ જોઈને સખારામને તો કંઈ વિચારવાનું હતું જ નહીં. સખારામે જયશંકરને નાટકમાં જોડાવા લલચાવ્યા. નાટકમાં? જયશંકરને તો એ જ જોઈતું હતું. સખારામે ઉપરથી કહ્યું: સારું સારું ખાવાનું મળશે, સારો પગાર મળશે, ભણવાનું મળશે, નાટકો જોવાનાં મળશે, નાટકમાં ઉતરવાનું મળશે. બસ, બસ, બસ. જયશંકરને ક્યાં બીજાં પ્રલોભનો જોઈતાં હતાં! નાટકનું પોતાનું પ્રલોભન પૂરતું હતું. પણ એકના એક દીકરાને કલકત્તા જેટલે આઘે કાઢવાનું જયશંકરનાં માતપિતાને કહેવાની હામ તો દુર્લભરામની યે નહોતી. એટલે જયશંકરે પોતે જ હામ ભીડી. ઘરમાં નાટક પ્રત્યે સૌને અણગમો અને નવ વર્ષના છોકરાએ નહીં ભણવું નહીં ગણવું ને કલકત્તા જેટલે આઘે નાટક કરવા જવું એ તે ક્યાંની વાત? ઘરમાં-

વા કોઈએ આ વાતને ઉત્તેજન ન આપ્યું. ભારે ઝઘડો થયો. છોકરાએ ખાવાનું છોડી દીધું અને રઢ લીધી કે બસ મારે તો નાટક કંપનીમાં જ જવું છે. ત્રણ દિવસ પછી પિતાએ પુરુષોચિત હિંમતથી સંમતિ આપવાનું વલણ દેખાડ્યું. મા તો એકના એક લાડકા દીકરાને આંખથી આઘો કાઢવા તૈયાર જ નહોતી. પણ માના વિરોધને પચાવીને દીકરો ગામના બીજા પાંચ છ છોકરાઓ સાથે સખારામની સાથે કલકત્તા જવા નીકળ્યો. અમદાવાદ આવતાં ઘર સાંભર્યું, પણ સખારામે વધુ પ્રલોભનો આપીને મન મનાવી લીધું. અમદાવાદથી મુંબઈ ને ત્યાંથી ચોમાસું પૂરું થયે સૌ કલકત્તા પહોંચ્યા. આમ નાટકનો રસ આ નાનકડા છોકરાને માતાપિતાની શીળી છાંયથી દોઢ હજાર માઈલ દૂર લઈ ગયો.

પણ કલ્પેલા નાટકથી વાસ્તવિક નાટક જુદું હતું. સારા પગારમાં ખાવુંપીવું ને મહિને છ રૂપિયા મળવાના હતા. સવારે દૂધ વગરની ચા મળતી. ખોરાક સાવ બેસ્વાદ. દરેક છોકરા પાસે વાસણ મંજાવે, બત્તી સાફ કરાવે અને ઓરડા વળાવે. ઉપરથી બેરહમ માર મારે. માર એ તાલીમનો જ એક ભાગ હોવાથી કોઈ કસુરની એમાં અપેક્ષા જ નહોતી. કસુર થઈ હોય તો તો માર પડવો જ જોઈએ. પણ કસુર ન ન થઇ હોય તોપણ છોકરો લાઇનસર ચાલે માટે પણ મારે. કામ સારું કર્યું હોય તો ગર્વથી ફુલાઇ ન જાય તે માટે મારે. સારું કામ કરનારને "કેમ, પર આયાં ચ કે?" કહીને દાદી શેઠ નેતર ચોડી દે. જયશંકરને પણ ખૂબ માર પડતો. સારો પાઠ કર્યો હોય તેને બીજે દિવસે તો ખાસ માર પડતો. જયશંકરને સામનો કરવાનું, નેતર ઝુટવીને સામી એક બે લગાવી દેવાનું ખૂબ મન થતું. પણ સામે પેલો બળવાન] રાક્ષસ પીંખી ખાય એવો હતો.

આત્મરક્ષણ કરવાને અસમર્થ, સ્વજનોથી દૂર, અપરિચિત સૃષ્ટિમાં નવ વર્ષનો આ છોકરો મૂંઝાવા લાગ્યો. એને ઘર યાદ આવ્યા કરે, ફરી નિશાળે ભણવા બેસવાના એ ઘોડા ગણે. એક વખત ફરવા નીકળેલો ત્યારે કલકત્તાના એક મેદાન પર ગુજરાતી પાઘડી પહેરેલા એક સદ્‌ગૃહસ્થને જોઇને છોકરો વળગી પડ્યો. આંખમાંથી આંસુની રેલ ચાલી જતી હતી. વહાલના આવા અણધાર્યા આક્રમણથી એ સદ્‌ગૃહસ્થને પણ મૂંઝવણ થઈ હશે. એણે પૂછ્યું: "છોકરા તું કોણ છે?" છોકરાએ સામું પૂછ્યું: "તમે ગુજરાતી છો ને?" પેલાએ હા કહી અને ફરી પૂછ્યું: "તારે કંઈ જોઇએ છે?" છોકરાએ કહ્યું, "મારે કશું નથી

જાઇહુ." એક અજાણ્યા ગુજરાતીથી એની એકલતા ભાંગ્યાનો ક્ષણિક અનુભવ એને થયો એ પૂરતું હતું.

આમ છતાં જયશંકર આજે પણ કલકત્તાના કેટલાક અનુભવોનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરે છે. દાદી ક્રાઇસ્ટ અથવા શેઠ દાદાભાઇ થૂથી–એને 'ઠુંઠી' પણ કહેતા— એ ધંધાદારી નાટકમંડળી ચલાવનારાઓમાં સૌથી કાબેલ પુરુષ હતો. એણે ધંધાદારી રંગભૂમિને વ્યવસ્થિત કરી. નાટકનો એ માણસને સાચો રસ હતો. ૧૮૫૩થી ૧૮૯૮ સુધી એ રંગભૂમિનો એમેટર હતો. ૧૯૧૮માં એણે વિક્ટોરિયા નાટક કંપની કાઢી. બીજી નાટકકંપનીઓ પણ એણે કાઢેલી. નાટકકંપની કાઢવી એ એને માટે રમત વાત હતી. એનો ત્રાસ ભારે હતો, પણ એ કુશળ યોજક હતો અને ઘણા નટોનો એ વિદ્યાગુરુ હતો. એનું સ્મરણ કરીને જયશંકર આજે પણ કહે છે કે, "મારું મોટું સદ્‌ભાગ્ય એ કે પ્રથમથી જ અવ્વલ નંબરના માણસો સાથે મારે પ્રસંગ પડ્યો છે." થૂથી આવો અવ્વલ નંબરનો માણસ હતો.

જયશંકર માટે થૂથીને પણ કૂણો ભાવ હતો. માર માર્યા પછી જયશંકરને ખભે પ્રેમથી હાથ ફેરવીને ડોસો કહેતો: "જા દીકરા, મારા મારથી ગભરાઈ ના મરતો. તું ધન્નો મોટ્ટો ઍક્ટર બનશે ત્યારે આ દાદાભાઇને યાદ કરસ." માણસને પારખવાની એનામાં ભારે આવડત હતી અને જયશંકર એ ઢાંક્યું રત્ન છે એ ક્યારનું એણે પારખી કાઢ્યું હતું.



'ઊડી ઊડી પંખીરાજ પ્યારા! દૂર દેશે ન જાઓ!' રાજધાનીએ જવા મીનકેતુ કામલતાની અનુજ્ઞા માગે છે એ પ્રસંગની જયશંકરની અભિનયશક્તિની લાક્ષણિકતા દર્શાવતી તસ્વીર

ફોટો · નસરવાનજી ભેદવાર

તે દિવસોમાં કલકત્તાની આ પારસી નાટક કંપની ઉર્દૂમાં નાટકો ભજવતી. નાટકો બધાં પરીકથા જેવાં. કશાનું મોંમાથું એમાં મળે નહીં. બધું અદ્‌ભુત રસની ભૂમિકાએ ઊડ્યા કરે. નાટકની મથાવટી મેલી, સમાજ નાટક જુએ પણ નાટક કરનારાઓને હલકા લેખે તેથી સ્ત્રીનો પાઠ કરવા સ્ત્રી તો મળે જ નહીં. સ્ત્રીનો પાઠ પુરુષ જ કરે. પણ દાદી ક્રાઈસ્ટની કંપનીમાં સ્ત્રીનો પાઠ કરવા સ્ત્રી પણ મળતી. હલકા ધંધામાં પડેલી બંગાળણોને દાદી શેઠ પસંદ કરી લાવે. પણ એ સ્ત્રીઓને નાટકનો નહીં પણ પૈસાનો રસ હતો એટલે ટકે નહીં. છતાં નવા છોકરાઓના હાથમાં મુખ્ય પાઠો ભાગ્યે જ આવે. એમાંથી જે અસાધારણ હોય તેનો વારો આવે ત્યારે આવે. જયશંકરને પણ એક વર્ષ સુધી વાટ જોવી પડેલી, પણ વારો આવેલો ખરો. દશ વર્ષના જયશંકરને ભાગે સ્ત્રીઓ નાટકમાં ઊતરેલી હોવા છતાં નાટકની નાયિકા બનવાનું આવેલું. 'ચતરા બદાવલી'માં ચતરાની, 'સિતમગર'માં નૂરે આલમની અને 'જમે જહાં'માં પધાનીની ભૂમિકા જયશંકરે ભજવેલી. પોતાની ભૂમિકા એ ત્યારે પણ સારી ભજવતા હોવા જોઇએ, કેમકે ૧૯૦૫માં એટલે કે દાદીશેઠની કંપની છોડ્યા પછી છએક વર્ષે મુંબઈના રાજમાર્ગ ઉપર જયશંકરને એક બંગાળી સજ્જને રોકેલા ને પૂછેલું: "મૈયા પધાની, જરા સુનો. તુમ તો થનથનિયા થિયેટરમેં થે ન?" દાદી ક્રાઈસ્ટનું થિયેટર થનથનિયા થિયેટર કહેવાતું. એ સજ્જનને પધાનીની ભૂમિકા છ વર્ષ સુધી યાદ રહી હતી એ જયશંકરની કામગીરીનું પ્રમાણપત્ર હતું.

નાટકો ઉર્દૂમાં કરવાનાં. ભાષા સમજાય નહીં અને તાલીમદ્વારા જે હાવભાવ ચોંટે તે ખરા. હાવભાવ અર્થાત્ અભિનયની નાટકકંપનીઓને ખાસ પડેલી પણ નહીં. પણ ઉર્દૂ ઉચ્ચારો તો સરખા થવા જ જોઇએ. ગુજરાતી છોકરાઓની જીભ ઉર્દૂ લહેજા (ઉચ્ચારો) તરફ વાળવાનું કઠણ કામ એક મુનશીને સોંપેલું. મુનશી પીરબક્ષ એમનું નામ, જયશંકર પર એને પણ અહેતુ પક્ષપાત. કહે: "યે હોનહાર લડકા હૈ." અને પૂછે: "બેટે, ઉર્દૂ સીખ્તે ક્યોં નહીં?" ઉર્દૂ શીખવવા માટે પોતાની સાથે ફક્ત ઉર્દૂમાં વાત કરવા જયશંકરને ફરમાવે અને કલાકો સુધી વાત કરે. ઉચ્ચારોની ભૂલો એથી સુધરતી જાય અને ધીમેધીમે પાઠ સમજાતાં પાઠ કરવાનો પણ આનંદ મળવા લાગ્યો. જયશંકર કહે છે કે ઝેરજબરની કે કાવગાફની ભૂલો બચપણમાં એમને હાથે એક પણ થતી નહીં અને હિન્દુસ્તાની સમજવાનો મોકો મળ્યો એટલો આનાથી પોતાને ફાયદો થયો.

અભિનય પર કે ભાવકથન પર કંપનીનું લક્ષ ઓછું હોવા છતાં ગીતો પર એનું લક્ષ ખૂબ હતું. સંગીતમાં જે ભેળસેળિયા રીતોનો બીજી કંપનીઓ આશ્રય લેતી તેવું અહીં નહોતું. "જે થોડી ઘણી નાટકકંપનીઓએ રાગોનું શુદ્ધ સ્વરૂપ અને માધુર્ય જાળવીને સમાજને સુંદર તરજો



'મધુબંસરી' (૧૯૧૬)માં બંસરીબાલા તરીકે જયશંકર સાર્જન્ટના વેશમાં

આપી હતી તેમાં દાદાભાઇ રતનજી થૂથીની કંપની અગ્રસ્થાને હતી અને એનો યશ દાદી શેઠને ઘટે છે.'' એમ જયશંકર કહે છે.

આ દિવસોમાં, જો કે ખૂબ નાની વયે જયશંકરમાં આત્મભાન અથવા આત્મમૌગ્ધ્ય પેદા થયું, જે એમનાવિકાસને માટે ખૂબ આવશ્યક હતું. બહારનાવાતાવરણમાશક્તિની પરખ હતી પણ શક્તિને ખીલવવા માટે પ્રોત્સાહનનો પ્રકાશ જોઇએ એ સમજ નહોતી. એ ખોટ આત્મમૌગ્ધ્ય અથવા ઊંડી અંતઃપ્રતીતિથી જ પુરાય એમ હતી. પોતાનો દેહ સૌષ્ઠવયુક્ત છે, પોતે સુંદર છે, પોતે સ્ત્રી થવાને નિર્માયા છે એ જયશંકરને કલકત્તાવાસ દરમ્યાન સમજાયું. નાયિકાની ભૂમિકા ભજવવા માટે, ઘણું કરીને 'સીતમગર'મા નૂરે આલમની ભૂમિકા ભજવવા માટે ચુસ્તસ્ટૉકિંગનેસ્લીપરપહેરી તૈયાર થઇને અરીસા આગળ ઊભા રહેતાં જયશંકરને પ્રતીતિ થઈ કે પોતાના પગ પણસુંદરને સપ્રમાણછે ને અમુકરીતે અંગ રાખવાથી ચાલ પણસુંદર લાગે એ રહસ્ય એમને અવગત થયું. પોતાની ભૂમિકા દીપાવવા માટે નટ પરિશ્રમ કરે, પોતાની ભૂમિકા નટ સમજે, એવો આગ્રહ કંપનીને નહોતો, પણ વેદપાઠીઓની જેમ વગર સમજ્યે પોતાનો પાઠ ભણી જતા જયશંકરને માતાના બલિ તરીકે વધ્ય બાલાની ભૂમિકા ભજવતાં પાત્ર સાથે તદ્રુપ થતાં આવડી રહ્યું. અને રંગભૂમિની એ વધ્ય બાલાએ સાચો કંપ, સાચો ભય અનુભવ્યો અને તેની આંખમાંથી પણ અશ્રુની ધારા વહેવા લાગી.

પણ જે નાટક માટે વીસનગર છોડવાનું દિલ થયેલું તે અરમાન તો અધૂરો જ રહ્યો. આ કથરભૂમિમાં ઉમંગોની વરાળ થઇ જતી. અહીં જયશંકરને આત્મભાન થયું. અહીં શિષ્ટ સંગીતના હળવા પ્રકાર જેવાં ગીતો એ સારાં શીખ્યા, પણ અહીં ટકવાનું એમને ન ગમ્યું. બાળનટો પરનો સિતમ હદ વગરનો હતો. જયશંકરને વારંવાર ઘરનો માર્ગ લેવાનાં સ્વપ્નાં આવતાં. પાછા જવાનો રસ્તો જોયો નહોતો એટલે બાળબુદ્ધિએ હિસાબ લગાવ્યો કે નાસીને પાટે પાટે પાછા જઇએ એટલે વીસનગર પહોંચી જવાય.

ગેરવ્યવસ્થા પણ ખૂબ. દાદી શેઠને દેવું તો હોય જ અને કંપનીનું ક્યારે ઉલાળિયું કરી લે એનું પણ ઠેકાણું નહીં. ઉલાળિયું કરે તો તો જયશંકરને ઇષ્ટાપત્તિ જ હતી. ગમે તેમ કરી અહીંથી ભાગી છૂટવું હતું. પણ ઘેર પત્ર લખવાની પણ પૂરી છૂટ નહોતી. ઘેરથી આવતા પત્રો પણ મળતા નહોતા. પણ એક પ્રસંગે જયશંકરના ચિત્તને ખૂબ હલમલાવ્યું ને જે કહી શકાતું નહોતું તે કહેવાની હિંમત આવી. પિતા માંદા હતા અને વીસનગરથી તાર આવેલો કે ''જલ્દી આવો.'' દાદી શેઠે તાર દબાવી રાખ્યો ને ફાડીને એના ચૂરા કર્યા. વીસ દિવસે ઑફિસના એક માણસ તરફથી જયશંકરને ખબર પડી કે પોતાનો તાર આવ્યો હતો ને પિતા બિમાર છે. એમને ખૂબ રોષ ચડ્યો. આ કંપનીવાળાં દુષ્ટો છે એવી પ્રતીતિ થઈ. કચરામાંથી કાગળોના કરચો વીણીને એમણે તારનો પત્તો મેળવ્યો. દાદાભાઈ પાસે પહોંચીને ઘેર જવું છે એમ રોકડું કહી દીધું. આ છોકરો હવે ઝાલ્યો રહે એમ નથી એ દાદાભાઈ બરાબર સમજી ગયા. છ રૂપિયાનો પગાર વધારીને દશનો તો કર્યો હતો પણ હવે છવીસ રૂપિયા આપવા કહ્યું. પણ રૂપિયાથી જયશંકર રીઝે એમ નહોતા. એમને ઘર ભેગા થવું હતું. માતાપિતાને મળવું હતું. આ અસુરોથી છૂટવું હતું. આખરે દાદાભાઇએ એમને છોડયા. દશ રૂપિયાની નોટ ભેટમાં આપી અને નાટ્યરસિક આત્માએ પોતાનું હૃદય ઉછરતા અભિનેતા આગળ ખોલ્યું. દાદી શેઠે ચાદર પર કોલસાથી ચીતરીને પડદા બનાવેલા. દાદી શેઠે એ જમાનામાં પણ ફોલ્ડિંગ થિયેટર તૈયાર કરેલું. દાદી શેઠે પણ ખૂબ મુશ્કેલીઓમાંથી માર્ગ કોરેલો પણ દેવું કરી કરીને યે એ નાટકને વળગી રહેલાં. ''છોકરા, જા પણ નાટક છોડતો નહિ. તું મને યાદ કરસ.'' દાદી શેઠનાં આ વચનોને ગુરુદીક્ષાની જેમ જયશંકરે હૃદયમાં સંઘર્યાં છે.

જયશંકરે વીસનગર ૧૮૯૭માં છોડેલું ને ૧૯૦૦માં લગભગ અઢી વરસે એ માતાપિતાને મળવા પામ્યા. કલકત્તાના અનુભવો ગમે તેવા જીવનવિકાસક હતા તોપણ એનું તાજું સ્મરણ એટલું ક્લેશકારક હતું કે માબાપને જયશંકર 'ડાહ્યા' થઈને પાછા ફર્યા લાગ્યા હશે, કેમકે એમણે શાળાએ જવાનું પણ શરૂ કર્યું. જયશંકરની ઉમર આ વખતે અગિયાર વરસની હતી અને ભણવાની ઉમર કંઇ વીતી ગઇ ન હતી. પણ વચ્ચે અઢી વરસનો જે ગાળો આવી ગયો, રંગભૂમિની ચિત્રવિચિત્ર અપેક્ષાઓએ એ દરમ્યાન જે સંસ્કારો ચિત્તમાં ઠાર્યા તેથી શાળામાં ભણવા જતી સામાન્ય વિદ્યાર્થીની અને જયશંકરની વચ્ચે ખાસ્સું અંતર પડી ગયું હતું. હવે જયશંકરમાં બાલસહજ 'નિર્દોષતા' રહી ન હતી, જો કે મૌગ્ધ્ય ઘણું હતું. અને હવે જયશંકર સહાધ્યાયીઓ માટે અપાર કુતૂહલનો વિષય બન્યા હતા. કોઈ એમને સુખે ભણવા દે એ અશક્ય હતું. માસ્તરનો માર ખાવાનો હવે રહ્યો નહોતો, પણ ભણવા સામેનો સામાન્ય કંટાળો એનો એ જ હતો. વળી ગોઠિયાઓ હવે એમની પાસે નાટકના ગાયનો ગવડાવતા, અને બેઠકો જમાવતા. એમાં ભણવાનું રખડ્યું.

પણ કલકત્તાએ પણ નાટક ભૂલવ્યું ન હતું. નાટક જોવાનો રસ પણ એટલો જ કાયમ હતો. હવે એમને પડદા પરના મહેલો સાચા મહેલો નહોતા લાગતા. નાટકને પ્રેક્ષાગારમાંથી નહીં પણ નેપથ્યમાંથી હવે એમણે પિછાન્યું હતું. પણ હવે નાટકનો એક જુદો જ રસ જાગ્યો હતો. એ હતો કલ્પનાને મૂર્ત થતી—આકાર ધારણ કરતી અનુભવવાનો રસ.

વીસનગરના શેઠ હકમ પારેખના દીકરા નારણભાઈની અમદાવાદમાં મિલ હતી. અમદાવાદમાં જ્યારે સંગીત કે નૃત્યનો જલસો હોય ત્યારે વીસનગરથી એ માટે આવેલી મંડળીનો ઉતારો એમણે ત્યાં. આવો કંઇ રંગતનો કાર્યક્રમ હોય ત્યારે વીસનગરના પરીખ મંગુ હરગોવન પર નારણભાઈના સાંકેતિક ભાષામાં તાર આવે: 'મિલે, હમણાં ધોતિયાં સારાં બહાર પાડયાં છે. ખરીદવાં હોય તો આવો.' એનો અર્થ એ કે દેશી નાટક સમાજે નવો ખેલ પાડયો છે અને ટિકિટો ખરીદાઇ ગઈ છે. આ રીતે વીસનગરથી જે મંડળી અમદાવાદ નાટક જોવા ઉપડતી તેમાં જયશંકરના ફૂઆને 'સંગીત લીલાવતી' નાટકના કર્તા કેશવલાલ શિવરામે ડાહ્યાભાઈ ધોળાશાજી (અનુ. પૃ. ૧૫૭મે)

પ્રોફેસર આપ્ટે



પ્રોફેસરે ઘડિયાળમાં જોયું તો પીરિયડ પૂરો થવામાં પાંચ મિનિટની વાર હતી, એટલે તેમણે હાજરી તપાસવી શરૂ કરી. પહેલા ત્રણ-ચાર, વચ્ચેના એક-બે ને છેવટના ત્રણચારની હાજરી-ગેરહાજરી જોઈ, તેમણે રજિસ્ટર બંધ કર્યું ને બહાર નીકળ્યા.

'આજે સર જરા નર્વસ કેમ લાગતા હતા?' એક વિદ્યાર્થીએ પૂછ્યું.

'હશે કંઇ દાલમે કાલા.' સિનેમાના રંગથી રંગાએલા બીજાએ કહ્યું.

'એટલે, તને ખબર નથી લાગતી એમ જ ને?' સોપારીના એક મોટો કટકો ગલોફામાં ખોસી પોતાનાં જાડા કાચનાં ચશ્માંની દાંડી ડાબે હાથે ઠીક કરતાં ત્રીજાએ સામું પૂછ્યું.

'કેમ?'

'તેમની પત્ની મુંબઈ ગઈ છે, તેથી વળી.'

'હત્ તારી, ત્યારે તો તને પણ ખબર નથી. અરે બુધ્ધુ, તેમના લગ્નને તો દસ વર્ષે થઈ ગયાં છે. સાચી વાત તો એ છે કે બંને વચ્ચે ઝગડો થયો છે.' ચોથાએ જાણકારની અદાથી કહ્યું.

'પણ તેથી શું?' પેલાએ ઉત્સુકતાથી પૂછ્યું.

'શું શું? પેલી છૂટાછેડા લેનાર છે.' 'એમ...!'

'ત્યારે વળી? મિસિસ ઉષાબાઈ આપ્ટે એટલે શું સમજો છો? ક પ્રખર સામાજિક કાર્યકર્તા અને મહિલામંડળનાં મંત્રી.'

'પણ તે તો એ પહેલાં પણ હતાં.'

'અરે બાબા, હવે તો તેઓ સાર્વજનિક કાર્યકર્તા થનાર છે.' એક જણ વધારે દાઢમાંથી બોલ્યો.

ઑફિસમાં જતાંજતાં પ્રોફેસર આપ્ટેએ આ બધું સાંભળ્યું. છેલ્લા પાંચ-છ દિવસથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ, જુદીજુદી રીતે તેમને આવી ટીકા સાંભળવી પડતી. રોજ કીર્તનમાં જનારા વૃદ્ધ પુરુષો, રાત-દિવસ ક્લબમાં જ પડ્યા રહેનારા સભ્યો, સિનેમાના વ્યસનવાળા વિદ્યાર્થીઓ અને આખો દિવસ બીજાની કૂથલી કરનારી ડોશીઓ. કોઈ મમતા બતાવીને, કોઈ ઉપદેશના નિમિત્તે 'ડરો મત'ના ગુરુમંત્ર આપીને અને કોઈ આડકતરી રીતે ટીકા કરીને,–આમ જુદીજુદી રીતે અનેક લોકો રોજ તેમને સતાવતા. ચપરાશીએ આપેલી સાઈકલ તેમણે ચૂપચાપ લીધી અને ઘર તરફ જવા નીકળ્યા.

સાહેબની સાઈકલની ઘંટડીના અવાજ સાંભળી શિવરામે બંગલાનો ઝાંપો ઉઘાડ્યો. સાઇકલ ઠેકાણે મૂકી તે દીવાનખાનામાં આવ્યો અને સાહેબને આરામખુરશીમાં વિશ્રાંતિ લેતા જોઈને અંદર જઈ થોડી વારે ચાની ટ્રે સાહેબની સામે લાવીને મૂકી. ચા પીને, પ્રોફેસરે ઘડિયાળ તરફ જોયું. સાડા ચાર થયા હતા. છેવટનો પીરિયડ રહેતો, ત્યારે ઘેર આવતાં આટલો જ સમય થતો. એવામાં બંગલાનો ઝાંપો ઊઘડવાનો અવાજ સાંભળી પ્રોફેસર બહાર આવ્યા. શિવરામે તેમનાં હાથમાં તારનું કવર મૂક્યું અને પોતે ઝાંપો બંધ કરવા ગયો.

'Usha met withaccident. Start immediately-Dada'

...તારના આ શબ્દો જેમતેમ વાંચી પ્રોફેસરે પોતાના પડતા શરીરને બારણાના ટેકાથી રોક્યું. ક્ષણભર તેમને ચક્કર આવવા જેવું લાગ્યું અને તેમણે આંખો મીંચી દીધી. ઉષાની સાથે એ પોતાનો સાત વર્ષનો રાજીવ તેમની દૃષ્ટિ આગળ તરવરી રહ્યો.

'શિવરામ!' તેમણે નોકરને હાંક મારી.

'જી.'

'મુંબાઈ જવાની તૈયારી કર.'

'ક્યારે જવું છે?'

'એક્સપ્રેસથી.'

'બાઈસાહેબનો તાર છે કે?'

'ના, તેના પિતાજીનો. તેને અકસ્માત નડ્યો છે. આ જો, હું લખી આપું તે ચિઠ્ઠી કૉલેજમાં આપી આવ.' કહીને તેઓ અંદર ગયા.

ગમે તેમ હોય, પણ આખરે ઉષા તેની પત્ની હતી. તાણેલું રબ્બર તૂટે છે અને તપાવેલું દૂધ ઊભરાય છે એ ખરું, પરંતુ તાણેલા રબ્બરનો એક છેડો છોડતાં તે ફરી પૂર્વસ્થિતિમાં આવે છે કે નહિ? અને ઊભરાતા દૂધ નીચે તાપ ઓછો કરવામાં આવે તો દૂધ ઊભરાતું નથી. પણ ઊલટું દૂધનું સત્ત્વ મલાઈના રૂપમાં ઉપર તરી આવે છે.

રાત્રે ઠેક દોઢ વાગ્યે આવતી એક્સપ્રેસમાં જનારા પ્રોફેસર મુસાફરીની તૈયારી કરવા માટે શિવરામને અત્યારથી જ ઉતાવળ કરવા લાગ્યા. વચ્ચે ફોન ઉપર તેમણે બે વખત તો પૂછી પણ લીધું કે ગાડી લેઈટ તો નથી ને? વેગથી સ્ટેશનમાં પ્રવેશેલી ટ્રેઈન ધીમે ધીમે પ્લૅટફૉર્મ પર આવીને ઊભી અને ધીમો ઘોંઘાટ જોરશોરથી એકદમ ગાડીમાં ધૂસ્યો. નસીબજોગે સેકંડ ક્લાસનો ડબ્બો જ તેમની સામે આવી ઊભો રહ્યો, અને વળી તે ખાલી પણ હતો. હમાલે બધો સામાન ડબ્બામાં મૂક્યો અને ઘરની ચાવી શિવરામને આપી પ્રોફેસર ચૂપચાપ ડબ્બામાં જઇ બેઠા. બારી પાસેની બર્થ ઉપર તેમણે બિસ્તર બિછાવ્યો અને ઓશીકું જરા ઉપર કરી, બિસ્તર ઉપર પોતાનો દેહ લંબાવ્યો. છત પરનો પંખો ઝડપથી ફરી રહ્યો હતો અને બહાર વાતો શીતળ વાયુ એક બારીમાંથી પ્રવેશી બીજી બારી દ્વારા બહાર નીકળી જતો હતો. સહેજ ઠંડી લાગતાં પ્રોફેસર તંદ્રામાંથી જાગૃત થયા. ટ્રેન આકોલા સ્ટેશન છોડી ઝડપથી આગળ વધી રહી હતી. તેમણે બહાર જોયું. મધુર ચાંદનીની શ્વેત ચાદર ઓઢીને જગત ગાઢ નિદ્રામાં પડ્યું હતું. નિરભ્ર આકાશમાં શુભ્ર ચંદ્રની સાથે કેટલાએ તારાઓ તગતગાટ કરતા ઝાંખો પ્રકાશ રેલાવી રહ્યા હતા,–જાણે દૂધિયા રંગના મખમલના ગાલીચા પર ગૂંથેલાં અનેક નાનાંમોટાં સેવંતીનાં ફૂલ!

ઉનાળાની સુંદર રાતનું મધુર સૌંદર્ય આજે નિસર્ગ જાણે મન મૂકીને વેરી રહી હતી. સંપૂર્ણ એકાંતનો અને કશા પણ ત્રાસ વગરનો સુખદ પ્રવાસ આજે તેમને પ્રાપ્ત થયો હતો, છતાં એ પણ આજે તેમને દુ:ખદ અને ત્રાસદાયક લાગતો હતો. અંગૂઠા વગરના એકલવ્યને

સોનાનું ધનુષ્ય ભેટ આપવા જેવો આ પ્રસંગ હતો !

બારી બંધ કરી, તેમણે ખિસ્સામાંથી સિગારેટની ડબ્બી કાઢીને એક સિગારેટ ચેતાવી. ઉપર પંખો ઝડપથી ફરી રહ્યો હતો. એક પછી એક સિગારેટ બળતી જતી હતી. તેમાંથી નીકળતી ધૂમ્રસેરો અવનવા આકારો રચી ઉપર જતી હતી, પણ પંખાના ઝડપથી ફરતા ચક્રના ધક્કે પ્રવેશવાથી તરત વિખેરાઈ જતી હતી. એમ ભૂતકાળના અનેક પ્રસંગો આજે તેમના વિચારચક્રમાં પ્રવેશી રહ્યા હતા. ગ્રામોફોનની તાસક ઉપર પિન મૂકતાં એ જ ગીત જેમ ફરી વાર સંભળાય છે, એ જ પ્રમાણે વિચારની તાસક ઉપર પ્રસંગની પિન મૂકતાં જ......

પ્રોફેસરે આંખો મીંચી દીધી અને પૂર્વજીવનનાં અનેક સ્મરણોની મધુર સ્મૃતિનું સ્પષ્ટ પ્રતિબિંબ તેમનાં મનઃચક્ષુ સમક્ષ તરી રહ્યું

સન ૧૯×× ની વાત. સવારની ટપાલમાં આકોલાથી આવેલો પ્રિન્સિપાલનો પત્ર, કૉલેજના ઇતિહાસ-વિભાગના પ્રમુખ તરીકે તેમની થએલી નિમણૂકની વધામણી આપતો હતો. એ તેમના પરિશ્રમનું પારિતોષિક હતું. ગયે વર્ષે જ ઇતિહાસ વિષે એક ઉત્તમ પ્રબંધ લખીને તેમણે ડૉક્ટરેટ મેળવ્યું હતું, અને કૉલેજના વ્યવસ્થાપકમંડળે આ વર્ષે તેમનું યોગ્ય સન્માન કર્યું.

'ભાઈ,હવે તો તારાં લગ્ન થાય તો હું જવાબદારીમાંથી છૂટું,' એમ જ્યારે તેમના પિતાજીએ એક દિવસ કહ્યું, ત્યારે હસીને પ્રોફેસર બોલ્યા, 'વાહ તાત્યા, તમારી જવાબદારી એથી ઘટશે કેમ! ઊલટી વધશે.'

'જો રઘુ, એ વિષે તો આપણે જે રીતે વિચારીએ એમ જ થાય.'

'એટલે?'

'હવે સ્પષ્ટ જ કહું છું. બેસને ખુરશી ઉપર.' કહીને હાથમાંનું ટાઇમ્સ તેમણે ટેબલ ઉપર મૂક્યું અને બોલ્યા, 'તારાં લગ્ન થાય કે તરત હું તો ગામડે ચાલ્યો જઈશ. થોડીઘણી ખેતી છે; પેન્શન પણ આવે છે; અને કદાચ પૈસાની ઓચિંતી કંઈ જરૂરત ઊભી થશે તો તું છે જ. વળી આકોલા દૂર પણ ક્યાં છે!'

'તાત્યા, જો આવું જ હોય તો મારે લગ્ન નથી કરવાં. આઈના મરણ પછી કોઈ હૉટેલ જેવું બનેલું ઘર સાચું ઘર બને એ જ ઉદ્દેશથી હું લગ્ન કરવાનો છું. અને શહેરમાં ભણેલી તથા ઊછરેલી છોકરી સાથે તમને કદાચ ન બને તો તમે કહેશો તેની સાથે હું લગ્ન કરવા તૈયાર છું. પરંતુ ઘરમાંથી તમને જવા દેવા બિલકુલ તૈયાર નથી.'

રઘુને નારાજ થએલો જોઈ, તાત્યાએ પ્રેમથી કહ્યું,''જો રઘુ, આજે મારી ઉંમર સાઠ વર્ષ કરતાં પણ વધારે છે, પરંતુ 'બહોત ગઈ ને થોડી રહી' એમ માનનારો હું નથી. હું હજી પણ વીસ વર્ષ જીવવાની હિંમત રાખું છું. મારા સુખ માટે તું તો કદાચ તારી ઇચ્છાઓને દાબી શકીશ, પણ જે છોકરીએ વીસ વર્ષ સુધી મારું મોં સરખું પણ ન જોયું હોય એવી તરુણ છોકરીએ, હું તારો પિતા છું એટલા કારણે મારી આજ્ઞા શા માટે માનવી જોઇએ? અને કદાચ તેણે મારી આજ્ઞા માનવી જોઇએ એમ તું માનતો હો, તો પણ એ શું શક્ય છે?

વળી બીજી એક વાત: હું વૃદ્ધ છું એટલે જીવન અંગેના મારા વિચારો અને વૃત્તિઓનો મેળ એ તરુણ મન સાથે કેવી રીતે મળશે! આપણા વચ્ચે ઉંમરનો આટલો મોટો તફાવત હોવા છતાં પણ તું મારું કહેવું સાંભળે છે અને માને છે એનું ખરું કારણ આપણી વચ્ચેના વર્ષોના ઘનિષ્ટ સંબંધ છે. પરંતુ તારી પત્ની બનીને આવનારી એ અજાણી છોકરી સાથે આવા ઘનિષ્ટ સંબંધની શક્યતા પણ છે ખરી?

ત્રીજી વાત: તું ભણેલી વહુ લાવ કે અભણ, ગામડાની લાવ કે શહેરની, તેનો સવાલ નથી; પરંતુ તું જે વાતાવરણમાં રહીશ તેની અસર તેનાં મન ને જીવન પર અવશ્ય થશે જ, અને પછી જીવન વિષેની અમારી કલ્પનાઓ સામસામી અથડાતાં બંને વચ્ચે ઘર્ષણ થશે. પરિણામે બંનેનો અહંભાવ જાગૃત થશે, અને પછી કોઈકનું દિલ પણ દુભાશે. આ સંઘર્ષનું નિરાકરણ કરવા કાં તો તું મને ગામડે જવાનું કહીશ કાં તો તેને દબાવીશ; અથવા જનાવર બનીશ તો તું તેને જંગલીની જેમ મારીશ, અને સભ્યતાનો આડંબર કરીશ તો છૂટાછેડા લઈશ.

આટલાં વર્ષો ડી. સી. ઑફિસમાં કારકુની કરતાં કરતાં હું મારી બુદ્ધિનો ઉપયોગ નથી કરી શક્યો એ ખરું, તેમ છતાં પણ હું મારા જીવનનો શિલ્પી હતો. સતત વિચાર કરીને નિર્માણ કરેલી મારી કૃતિ એટલે તું—પ્રોફેસર રઘુનાથ વી. આપ્ટે, એમ. એ., પી એચ. ડી. હજી પણ હું મારા જીર્ણ વિચારોનો હથોડો તારા ઉપર ચલાવું, તો મારા ધ્યેયનો અને સ્વપ્નાંઓનો ઘાતક હું જ ગણાઉં. માટે હવે તો તું તારી જીવનસંગિની શોધી કાઢ. પણ પસંદગી કરતાં બે વાતનો વિચાર કરજે: તું એક નવા કુટુંબનું નિર્માણ કરી રહ્યો છે, નવીન વૃક્ષનાં બી વાવી રહ્યો છે, જેનાં વિકાસ ને વૃદ્ધિ એ જ તારું ધ્યેય હોવું જોઇએ. બીજી વાત એ કે ભાવિ પત્ની કચકડાની ઢીંગલી ન હોતાં પ્રસંગ આવ્યે તારી સાથે ઝગડો કરીને તારી ભૂલો પણ બતાવે એવી હોવી જોઇએ. હું તો તમારો જ છું. એકમેકને કંટાળો નહિ આવે ત્યાં ત્યાં સુધી આપણે સાથે રહીશું. તમને જરૂર પડ્યે સલાહ આપીશ, નહિ પૂછો તો ચૂપચાપ બેસીશ અને વખત પડ્યે કાન પકડીને ભૂલો પણ બતાવીશ.'' આટલું કહીને, રઘુનાથરાવને ઊંડા વિચારમાં ગરકાવ કરીને તાત્યા ઊઠ્યા.

પોતાના ભાવિ જીવન વિષે તાત્યાએ આટલો લાંબો વિચાર કર્યો હશે તેની પ્રોફેસરને કલ્પના ન હતી; અને તેથી સીડી ઉપર ચડતા વૃદ્ધ પિતાની કૃશ મૂર્તિને તેઓ આશ્ચર્યચકિત નયને જોઈ રહ્યા.

અને તે જ વર્ષે તેમનાં લગ્ન મુંબાઇના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ હરિશ્ચંદ્રરાવ ઉર્ફે દાદાસાહેબ પેંડસેની સુપુત્રી કુ. મંગલા સાથે થયાં. લગ્ન વખતે પ્રોફેસરને લાગ્યું કે કેટલાક માણસો જન્મથી જ સુખી હોય છે એ તદ્દન સાચું છે. પોતાને આજ સુધી કદી અપયશ કે અસફળતા મળ્યાં ન હતાં. આઈનું મૃત્યુ અચાનક થયું હોવા છતાં પણ પોતે એ વખતે સોળ વર્ષના હોવાથી માતૃસુખનો સ્વાદ લીધો હતો ખરો.

ગયે વર્ષે મુંબાઇની એક કૉલેજની વિવાદસભામાં ચર્ચા સાંભળતી વખતે મંગલાની સુરેખ અને આત્મવિશ્વાસથી બોલતી મૂર્તિ જોઇને તેમને મનમાં થએલું પણ ખરું કે આવી–ફક્ત આવી જ શા માટે !—આ જ છોકરી મારા જીવનની સાથીદાર બને તો કેવું સારું? જોકે તે દિવસે કુ. મંગલાનું ભાષણ તો તેમણે ફક્ત યોગાનુયોગ જ સાંભળેલું. વાત એમ બની હતી કે તેમના એક મિત્ર મુંબાઇમાં પ્રોફેસર હતો. બાલમિત્ર અને વળી સમવ્યવસાયી હોવાથી પોતે તેમને જ ઘેર ઊતરેલા, અને તે દિવસે તેમની સાથે કૉલેજમાં ગયેલા.

કુ. મંગલાને જોયા અને સાંભળ્યા પછી વેવિશાળ પણ એવી જ રીતે અકલ્પ્ય સરલતાથી નક્કી થઇ ગયું. તે દિવસે કૉલેજથી આવ્યા બાદ મિત્રપત્નીએ પૂછ્યું: 'કેમ ભાઈજી, લગ્ન આ વર્ષે કરવાં છે ને?

'એટલે! તમારો વિચાર શું મને આજીવન બ્રહ્મચારી રાખવાનો છે કે!' તેણે હસીને મિત્રપત્નીને સામું પૂછ્યું.

'છિ: છિ: એમ નહિ. પણ અમારી મંગલા તમને પસંદ છે?'

'મંગલા તમારી જ તો પસંદ છે.'

'શું મશ્કરી ન કરો; ખરું કહો.'

'પણ એનાં પૂરાં નામઠામ–કુલશીલ વગેરે કંઈ જણાવશો કે બસ ''અમારી મંગલા'' કહી એટલે પતી ગયું!'

'તેનું નામ કુ. મંગલા પેંડસે, બી.એ. તેના પિતાનું નામ દાદાસાહેબ પેંડસે, મુંબઇના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ. હવે કહો, પસંદ છે કે નહિ!'

તાત્યાને જો પસંદ હોય તો નક્કી.'

'ખરેખર? સાચ્ચે જ?' મિત્રપત્ની એકદમ હર્ષાવેશમાં બોલી ઊઠી.

'હા, ખરેખર.'

'તો પછી આ નક્કી જ સમજો.' કહેતીક તે ચા કરવા રસોડામાં ગઇ.

અને લગ્ન પછી, સ્ટેશને વિદાય દેવા ભાભીએ મંગલાના સાંભળતાં પ્રોફેસરને હસતાં હસતાં કહ્યું, 'ભાઉજી સંભાળજો હો! અમારી મંગલા એટલે તીખું તમતમતું મરચું! કોઇક દિવસ પરચો બતાવી દેશે.'

ખોટા ગુસ્સાથી તેના તરફ જોઈ ઉષાએ બચાવ માટે પ્રોફેસર તરફ જોયું. તેને ચીડવવા પ્રોફેસરે કહ્યું:'અરે! તો પછી આ વાત પહેલી કેમ ન કરી? આવી ખબર હોત તો તેનું નવું નામ ઉલ્કા રાખત!'

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'waterseeksitsownlevel' અને તે અનુસાર, આકોલા આવતાં જ ઉષાએ પોતાને યોગ્ય એવી સહેલીઓને શોધી કાઢી. મહિલામંડળમાં કામ કરતી ઉષાની સહેલીઓએ તેના શિક્ષણનો ને વકતૃત્વ કલાનો પોતાના મંડળ માટે ઉપયોગ કરવાનો નિશ્ચય કરી લીધો. એક દિવસ રાત્રે જમતાંજમતાં ઉષાએ પ્રોફેસરને કહ્યું, 'હું આવતી કાલે મહિલામંડળની સભાસદ થનાર છું.'

'ભલે,' પ્રોફેસરે કહ્યું. અને બોલ્યા 'થોડુંક શાક આપ.'

શાક પીરસતાં ઉષા બોલી: 'આજે તમારું ધ્યાન વાતમાં નથી લાગતું.'

'કેમ?' તેના તરફ જોતાં પ્રોફેસરે પૂછ્યું.

'હું કહું છું કે મારે મહિલામંડળના સભાસદ થવું છે.'

'પણ મેં ક્યાં ના પાડી?'

'પણ હા યે ક્યાં પાડો છો?' મોં ફુલાવતાં ઉષા બોલી.

'તેં મને ક્યાં પૂછ્યું!'

'એટલે?'

'અંહં, ગુસ્સો ન કરો, ઉષાબાઈ!' પ્રોફેસરે હસતાંહસતાં કહ્યું. 'તેં કહ્યું કે તું આવતી કાલે મહિલામંડળની સભાસદ થનાર છે, એટલે કે મહિલામંડળના સભાસદ થવાનો નિર્ણય તો તેં કરી જ લીધો છે; ને તેં તો મને તેના ફક્ત ખબર જ કહ્યા.'

'હાય મા!' કહીને ઉષા મલકી પડી અને કહ્યું 'તમે સંસાર એટલે પાટા ઉપર ચાલતી રેલગાડી સમજી બેઠા કે જે પાટા સિવાય બીજે ચાલી જ ન શકે? તમને શું દરેક વખતે શાસ્ત્રીય પદ્ધતિએ પૂછવું જોઇએ? ન પૂછું તોપણ તમે શા માટે તમારો અભિપ્રાય ન કહો?'

'જો ઉષા, તું મહિલામંડળની સભાસદ થા કે ન થા, મારે મન તેનું વિશેષ મહત્ત્વ નથી. અને વળી તું શિક્ષિત તથા સ્વયં વિચાર કરી શકતી હોવાથી એ વિશે નાહક મેં વધુ વિચાર પણ નથી કર્યો.' કહેતાં તે હાથ ધોવા ઊઠયા.

'તો ઠીક; મને તો લાગ્યું કે તમને—'

'ગુસ્સો ચડયો, ખરું?' ઉષાની સાડીથી હાથ લૂછતાં તે બોલ્યા.

'અરે, અરે! આ શું? મારી સાડી ખરાબ થઇને?' ઉષાએ તેમનાં હાથમાંથી સાડીનો છેડો છોડાવતાં મીઠો છણકો કર્યો.

'છેવટ સ્ત્રી તે સ્ત્રી જ. મારા જવાબની અને અભિપ્રાયની અપેક્ષા રાખીને તેં પુરવાર કરી બતાવ્યું કે અન્ય સ્ત્રીઓની પેઠે તને પણ કોઇ સાથે નાહક વાદવિવાદ થાય, કોઈ પોતા પ્રત્યે કારણ વગર સહાનુભૂતિ બતાવે અને કોઈ પોતા માટે નાહક ચિંતા કરે—એ બધું તને ગમે છે, ખરુંને?' કહેતા પ્રોફેસર પોતાના અભ્યાસખંડમાં ગયા અને આવતી કાલના લેક્ચરની તૈયારીમાં પડયા.

સુભાષિત

· અનુષ્ટુપ ·

विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम् ।
नहि वन्ध्या विजानाति गुर्वीं प्रसववेदनाम् ॥

(અનુવાદ)

શ્રમ વિદ્વાનના જાણે સાચા વિદ્વાન એકલા,
વાંઝણી કદી ના જાણે ભારે પ્રસવ-વેદના.

[વિવરણ: વિદ્વાનોએ દેશદેશની સંસ્કૃતિનું પોષણ કર્યું છે તેથી એમના તરફ માનથી જોવું જોઇએ એમ બધા દેશો માને છે. વેપાર ઉદ્યોગ અને વિજ્ઞાનમાં આપણાથી ઘણા આગળ વધેલા એવા પશ્ચિમના દેશો પણ એમના વિદ્વાનોને સન્માને છે. વિદ્યાથી માણસના પેટનો ખાડો પુરાતો નથી એવી માન્યતા પણ પ્રવર્તે છે, પરંતુ એની અસર આપણા દેશ કરતાં પશ્ચિમના દેશોમાં જુદી છે. બધા ગુણો ધનમાં છે, ભૂખ્યો વ્યાકરણ ખાઇ શકતો નથી અને કાવ્યરસથી તરસ છીપતી નથી, એવાં સુભાષિતો આપણામાં પણ છે. વ્યવહારમાં એ ખરું પણ દેખાય છે. પરંતુ વિદ્વાનો તરફ આપણા સમાજમાં જે એક પ્રકારનો અણગમો જણાય છે તે પશ્ચિમના સમાજ કરતાં વધારે અને કાંઇક તિરસ્કારથી યુક્ત છે. પહેલાં રાજાઓ વિદ્વાનોને પોષતા. આજે એવું કાંઈ રહ્યું નથી. પરંતુ વિદ્વાનો તરફની ધનવાન સમાજની રીત કાંઇક અંશે કૂતરાને રોટલા નાખવા જેવી દેખાય છે. અંગ્રેજોના અમલમાં આપણે ત્યાં નેતાઓ પણ બોલતા સાંભળ્યા છે કે 'જવાહિન એ ચાંપલાઇ; સ્વરાજ મળશે ત્યારે મણ બાજરી આપીશું, એટલે ભાટ ઘણા મળશે!' આ સ્થિતિ આપણે ત્યાં છે. પરંતુ રાજકારણમાં પડીને કષ્ટ વેઠીને દેશસેવા કરનાર, કે પ્રયોગશાળામાં જીવન ગાળી વિજ્ઞાનની શોધ કરનાર, કે ખૂણે બેસી વિદ્યાની ઉપાસનાથી મગજને કષ્ટ આપી ચિરંજીવ સાહિત્ય આપનાર એ ત્રણેની લોકસેવામાં તત્ત્વતઃ કાંઈ જ ફેર નથી. આપણા દેશની સંસ્કૃતિના પાલન માટે વેદકાળથી આજ સુધી વિદ્વાનોએ શું કર્યું છે એના વિસ્તારમાં ઊતરવાનું આ સ્થાન નથી. વિદ્વાનના પરિશ્રમ વિદ્વાન જ ખરી રીતે પારખી શકે છે. **—ર. ભી.**]

પણ મહિલામંડળવાળી શરૂઆત કંઈ સારી ન થઇ. તે જ દિવસે સાંજે પાંચ વાગ્યે તાત્યા ગામડેથી આવ્યા. હાથ-પગ ધોઇને અંદર આવતાં તેમણે કહ્યું: 'ઉષાબાઈ, મારે માટે જરા ચા મૂકજો ને!'

'ચા?'

ઉષાનાં કપડાં જોઈ, તે ક્યાંક બહાર જવાની છે એમ તાત્યાને લાગતાં તેમણે પૂછ્યું, 'ક્યાંક બહાર જાઓ છો કે શું?'

'હા, તાત્યા, મહિલામંડળમાં.' દીનભાવે ઉષા બોલી.

'ક્યારથી જવાનું શરૂ કર્યું?'

'આજે જ પહેલો દિવસ છે.'

'એમ!–તો તો પછી જલદી જા. પહેલે જ દિવસે પ્રોફેસરની પત્નીએ મોડા ન થવું જોઈએ. કહીને તેઓ હસ્યા અને પોતાના તરફ શંકાથી જોતી રહેલી ઉષાને તેમણે કહ્યું,'અરે જાને બેટા, જલદી જા. હું ખરું જ કહું છું.' આ સાંભળતાં ઉષા ઝડપથી બહાર નીકળી ગઈ—જાણે દોડી ગઇ!

રાત્રે જમતી વખતે ઉષાને તેના સાંજના વર્તન બદલ ઠપકો દેતાં પ્રોફેસરે કહ્યું: 'ઉષા, તેં એ ઠીક ન કર્યું. પાંચ મિનિટ મોડું થયું હોત તો શી હરકત હતી? તારે તાત્યાને પહેલાં ચા બનાવી આપવી જોઈતી હતી.

'પણ તેમણે જ મને જવાનું તો કહ્યું—'

'એ તેમની મોટાઈ કહેવાય. પણ એ મોટાઇનો આમ ખોટો અર્થ કરીને તો તેં તારી જાતને તકવાદી પુરવાર કરી.'

'તકવાદી તો તું જ છો,' અંદર આવતા તાત્યાએ પાટલા ઉપર બેસતાં વાતને વાળી લેતાં કહ્યું, 'અત્યાર સુધી તો તું જ મને ચા કરી આપતો. એટલે પત્ની આવવાની તક તો તેં જ ઉપાડી કહેવાય!' કહીને

તેઓ હસ્યા અને જમવાની શરૂઆત કરી.

તે જ રાત્રે રઘુનાથરાવને પોતાના ઓરડામાં બોલાવીને મંગુએ કહ્યું, 'જો રઘુ, ઉષા આપણા ઘરની લક્ષ્મી છે. એને માટે 'તકવાદી' વગેરે શબ્દો હવે ફરી તારા મોંમાં ન આવવા જોઈએ, સમજ્યો ? જા હવે.'

ત્રણેક વર્ષ વીતી ગયાં. દરમ્યાન મહિલામંડળની પ્રવૃત્તિમાં ખૂંચતી જતી ઉષા અને રઘુનાથ વચ્ચેનું અંતર વધતું રહ્યું અને દિવસે દિવસે ઉષા, ઘરનું કામકાજ ભૂલી કોઈ દિવસ ભાષણમાં, કોઇ દિવસ મહિલામંડળની સભામાં તો કોઇ દિવસ તેના સામાજિક કાર્યક્રમમાં એમ વિધવિધ કાર્યક્રમોમાં મગ્ન રહેવા લાગી. પ્રોફેસરને મળવા આવતા મિત્રો અને મહેમાનો માટે ચાપાણી તેમજ જમવા વગેરેનો બંદોબસ્ત તો રસોઈ માટે રાખેલી બાઈ જ કરતી.

આજે મહિલામંડળ તરફથી હળદીકંકુના તહેવારનો ઉત્સવ હોઈ ઉષા સવારથી જ ત્યાં હતી. કામકાજથી કંટાળેલા પ્રોફેસર બહાર ફરવા નીકળ્યા. રસ્તામાં ચા પીવાની ઈચ્છા થઈ એટલે તેઓ એક હોટેલમાં જઈ બેઠા. તેમની બાજુમાં જ ટેબલ ઉપર પાંચછ માણસો બેઠાબેઠા ગપ્પાં મારી રહ્યા હતા. કારકુન જેવા દેખાતા એક માણસે કહ્યું, 'તારી મેમસાહેબ આજે પેલા મહિલામંડળના હળદીકંકુના ઉત્સવમાં ગઈ હતી કે?'

'ના રે ભાઇ!'

'કેમ?' પેલાએ આશ્ચર્યથી પૂછ્યું.

'અરે, મહિલામંડળ તો શ્રીમંત સ્ત્રીઓ માટે શોખનું એક સાધન છે. ત્યાં માત્ર પ્રવૃત્તિઓનો દેખાવ થાય છે. મારી એક પડોશણ આજે ગઈ'તી, તો ત્યાં શું થયું તે તું જાણે છે ! શ્રીમંત સ્ત્રીઓને રેશમી કાપડના ટુકડા આપવામાં આવ્યા, જ્યારે બીજી સ્ત્રીઓને ફક્ત હળદર-કંકુ જ ! અને કેટલીકને તો એ પણ ન મળ્યું!'

હોઠે અડાડેલો ચાનો પ્યાલો એક જ ઘૂંટડે ગળી જઇ પ્રોફેસર હોટેલની બહાર નીકળી ગયા.

આજે રામનવમી હતી. તાત્યાએ ઉષાને કહ્યું, 'આપણા કુળમાં રામનું માહાત્મ્ય છે. તેઓ આપણા કુલદેવતા છે. કાલે બ્રાહ્મણોને બોલાવ અને જમવાનું કર.'

'મારાથી એ નહિ બને તાત્યા.' ઉષાએ સ્વસ્થતાથી કહ્યું. તેનામાં હવે બોલવાની હિંમત આવી ગઇ હતી.

'પૂજા બ્રાહ્મણો કરશે, રસોઈ બાઇ કરશે, પીરસવા માટે પાડોશમાંથી કોઇને બોલાવી લઈશું, તારે તો માત્ર દેખરેખ જ રાખવાની છે.'

'તો પણ મારાથી એ થઇ શકશે નહિ. કાલે સવારે ગાઇડીનો વર્ગ મારે જ લેવાનો છે, બપોરે નાટકનું રીહર્સલ છે ને રાત્રે કુમારી વિમલા શાહાણેનું અમારા મંડળમાં ભાષણ છે.'

'આપણા કુળમાં રામનવમીનો ઉત્સવ વંશપરંપરાગત ઊજવાતો આવ્યો છે, ઉષા.'

'એ બધું અર્થહીન છે, તાત્યા. આજની પરિસ્થિતિ સુધારવા માટે આ દેવોના તથા તેમનાં માહાત્મ્યનો કોઈ ઉપયોગ નથી. આવી નકામી બાબતોને મારા ઘરમાં સ્થાન નથી.'

પ્રોફેસર શાંત મને ટાઇમ્સ વાંચતા બેઠા હતા. તાત્યાએ કહ્યું, 'વારુ ત્યારે, પણ તું આગરકરના માહાત્મ્યનો તો સ્વીકાર કરે છે ને?'

'હા.' ઉષાએ આનંદથી કહ્યું.

'તો પછી તેમનો જન્મ દિવસ ઊજવવામાં કંઇ હરકત ખરી?'

'ના.'

'એ દિવસે કામની બધી વ્યવસ્થા તું સંભાળીશ ને!'

ઉષાએ આનંદથી કહ્યું 'હા.' તેને લાગ્યું કે નૂતન વિચારસરણીનો વિજય થયો. વિજયના આ આનંદમાં મલકાતી ઉષા તરફ આશ્ચર્યથી જોઇ રહી તાત્યા બોલ્યા. 'ગાંડી ક્યાંની! હજી સાવ બાળક જેવી જ છે!

'એટલે?' છાપામાંથી મોં ઊંચું કરી રઘુનાથે પૂછ્યું.

'અરે, આગરકરને પોતાને જ જન્મ-દિવસ કે પુણ્યતિથિ વગેરે ઉપર વિશ્વાસ ન હતો. અને મેં જે ઉત્સવનું કહ્યું હતું તેનો હેતુ તો એટલો જ હતો કે આપણે જે લોકો વચ્ચે રહીએ છીએ તેઓ કોઇક નિમિત્તે આપણે ઘેર આવે અને આપણા સ્નેહસંબંધો વધુ ઘનિષ્ટ બને.'

એક નાનો આંચકો વાગ્યો ને ગાડી ઊભી રહી. આંચકો મામૂલી હતો, પણ તેણે પ્રોફેસરની સ્મરણ-સાંકળ તોડી નાખી. બારીમાંથી તેમણે બહાર જોયું, ને ઉતાવળથી જતા ગાર્ડને પૂછ્યું, 'કેમ? શું થયું?'

ગાર્ડની પાછળ ચાલ્યા આવતા એક ગૃહસ્થ બોલ્યા, 'જનાના ડબ્બેમેંસે કિસીને ચેન ખીંચી.'

'હં?' તેઓ સ્વસ્થ થયા અને સિગારેટ ચેતાવી.

તદ્દન આવો જ પરિણામકારક આંચકો તેમના જીવનમાં રામનવમીને દિવસે લાગ્યો હતો. તૂટેલી સાંકળની કડી ફરી જોડાઇ...

જાણીતા સાહિત્યકારનું ભાષણ સાંભળી પ્રોફેસર જરા વહેલા ઘેર આવ્યા હતા. એક મિત્ર સાથે વાતો કરતા તેઓ બંગલા પાસે પહોંચ્યા, અને તેમાં નિયમ મુજબ સાઈકલની ઘંટડી વગાડતાં ભૂલી ગયા. એક હાથે દરવાજો ઉઘાડી તેઓ અંદર આવ્યા તો સામે જ ઓટલા ઉપર તેમનો સાત વર્ષનો રાજીવ આઇસક્રૂટ ખાતો ઊભો હતો.

'શિવરામ!' સાઈકલ રાખવા માટે પ્રોફેસરે હાંક મારી ન મારી ત્યાં તેમનું ધ્યાન રાજીવ તરફ ગયું. પોતાનો અવાજ સાંભળીને રાજીવે કંઇક છુપાવવાનો પ્રયાસ કર્યો એમ તેમના ધ્યાનમાં તરત આવી ગયું.

'શું ખાય છે, રાજીવ?'

'કંઈ નહિ, બાબા.' ગભરાતાં ગભરાતાં રાજીવે કહ્યું અને છુપાવેલી સળી દૂર ફેંકી દીધી.

'સાચું કહે, શું ખાતો'તો?' પ્રોફેસરે ગુસ્સાથી પૂછ્યું.

બહારની કોઇ પણ વસ્તુ માટે કડક પ્રવેશબંધી ફરમાવનાર બાબાને રાજીવ સારી પેઠે ઓળખતો હતો, અને તેથી માર ખાવાના ડરે રડી પડતાં તે બોલ્યો, 'આઈસક્રૂટ'.

'શા માટે? ઘરમાં તને શું ધૂળ ખાવા મળે છે? બહારની ખરાબ વસ્તુઓ ખાવી અને પછી માંદા પડવું, ખરું ને?'

'મેં...હું....ના....'

'ખોટાં બહાનાં ન કાઢ. બોલ, તને પૈસા કોણે આપ્યા!' રાજીવના કાન ખેંચતાં પ્રોફેસરે પૂછ્યું.

'મેં આપ્યા,' સાઈકલ મૂકીને આવતા શિવરામે કહ્યું.

'તેં...? તેં શા માટે આપ્યા?' પ્રોફેસરે ગુસ્સાથી તેને પૂછ્યું.

'સાહેબ, રાજીવ એક કલાકથી ભૂખથી ટળવળી રહ્યો હતો. ઘરમાં કંઇ ન હતું અને બાઈસાહેબ તો બે વાગ્યાનાં જ મહિલામંડળમાં ચાલ્યાં ગયાં છે. તેનો રડતો ચહેરો મારાથી ન જોઈ શકાયો, અને મેં તેને આઇસક્રૂટ લઇ આપ્યું. ભૂલ થઇ હોય તો માફ કરજો; ફરી વાર...'

'છિ: છિ: શિવરામ. પણ બહારની વસ્તુઓ હમેશાં નુકસાનકારક હોય છે, એટલે જ મેં કહ્યું. ઠીક, તું જા અને ચા મૂક.'

સાંજના છને શુમારે ઉષા ઘેર આવી ત્યારે ઘરમાં હજી દીવાબત્તી થયાં ન હતાં. 'અરે! આ શું બાઇ! હજી સુધી ઘરમાં દીવાબત્તી કેમ નથી થયાં! શિવરામ!' તેણે નોકરને બોલાવ્યો.

'જી બાઇસાહેબ, કરું છું.' અને તરત જ ઘરમાં દીવાબત્તી થયા, પરંતુ સામેના ઓરડામાં હજી અંધકાર પથરાએલો હતો. ત્યાં કોઇ વ્યક્તિની આકૃતિને ઉષાએ આમતેમ ફરતી જોઇ, અને (અનુ. પૃ. ૧૫૯મે)

જન્મ સમયે સાત-આઠ રતલના આપણા દેહને ત્રણ મણની કાયામાં ફેરવતી



વૃદ્ધિ

વિષેનો કાયાની કરામતનો ૪૩મો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઉગતા છોડનું કદી નિરીક્ષણ કર્યું છે? માટી ચીરીને ફૂટેલાં કુમળાં બે પાન પ્રતિ આપણે કેવા ભાવથી નિહાળીએ છીએ! ધરતી, પ્રાણી અને પ્રકાશમાંથી પોષણ પામી વધતો છોડ જ્યારે વાતાવરણ ભરી દે એવડો મોટો થાય છે ત્યારે આપણું મન હરખાઈ ઊઠે છે. આમ, જ્યારે પા પા પગલી પાડતાં, પડતું આખડતું બાળક વીસ વર્ષના ગાળા બાદ આપણી કાંધ સમાણો થાય છે ત્યારે 'કેટલો મોટો થઇ ગયો!' આવા સાનંદાશ્ચર્ય ઉદ્ગાર સહસા નીકળી પડે છે.

જન્મ સમયે બાળકનું વજન સાત-આઠ રતલનું હોય છે, જે દર અઠવાડિયે પારોર જેટલું વધતું રહી પાંચમા માસે બેવડું થઈ જાય છે, ને વરસને અંતે ત્રણ ગણું થાય છે. શરૂઆતનાં વરસોમાં બાળક દર વરસે ચાર-પાંચ રતલ વધે છે. આમ, વજનમાં વધવા સાથે ઊંચાઇ પણ જન્મસમયની વીસ ઇંચની વધીને વર્ષને અંતે સત્તાવીસેક ઇંચ થાય છે. બીજા વરસે આમાં ત્રણ-પાંચ ઇંચનો વધારો થાય છે; ત્રીજા અને ચોથા વરસે અનુક્રમે સાડા ત્રણ ને ત્રણ ઇંચનો વધારો થાય છે.

તંદુરસ્ત બાળક પહેલાં બે વરસમાં વજનમાં પંદરથી વીસ રતલ ને ઊંચાઈમાં આઠ-નવ ઇંચ સરેરાશ વધે છે. ત્રીજા વરસે આ વધારો ત્રણ ઇંચનો હોય છે. પછીનાં છ વર્ષોમાં એ વધારો વરસે ત્રણ-ચાર રતલનો ને બે-ત્રણ ઇંચનો થતો રહે છે. દસ વર્ષ પછી દર વરસે ત્રણથી પાંચ રતલનો વધારો વજનમાં થતો રહે છે. આમ, વીસ વર્ષની વયે માનવી સરેરાશ પાંચ ફૂટની ઊંચાઈ ને સો રતલ જેટલો વજનમાં થાય છે.

શરીરની વૃદ્ધિ એ કંઈ ઊંચાઇ ને વજનમાં જ વધારો માત્ર નથી, પણ તેમાં સાથોસાથ મગજની ખિલવણી તથા શરીરનાં અન્ય અંગોનો યે ક્રમિક ને માપસર વિકાસ થતો રહે છે. જન્મ સમયે બાળકની હડપચીથી બોચી સુધીનું અંતર કુલ ઊંચાઈના ચોથા ભાગ જેટલું હોય છે ને માથાનો ઘેરાવો ઊંચાઈના ૨/૩ ભાગનો હોય છે. આમ, છાતી કરતાં તેનું માથું મોટું અને થાપા કરતાં છાતી મોટી હોય છે. હાથ ને પગની જાડાઈ તથા લંબાઈમાં વધારે તફાવત જેવું નથી હોતું. પગની લંબાઇ ઊંચાઈના ૧/૨ ભાગની હોય છે. પણ વીસ વર્ષની વયે હડપચીથી બોચીનું અંતર ઘટીને ઊંચાઇના ૧/૮ ભાગનું અને માથાનો ઘેરાવો ૧/૩ ભાગનો થઈ જાય છે. છાતી કરતાં માથું અને થાપા કરતાં છાતી નાનાં બને છે. હાથ કરતાં પગ વધુ પુષ્ટ અને લાંબા બને છે, જે ઊંચાઈના અરધા ભાગના આશરે હોય છે. બીજી રીતે કહીએ તો પુખ્ત વય આવતાં સુધીમાં માણસના માથાનું કદ બેવડું થાય છે, જ્યારે ધડ ત્રણ ગણું, હાથ ચાર ગણા અને પગ પાંચ ગણા વૃદ્ધિ પામે છે.

પરંતુ શરીરનાં બીજાં બધાં અંગોની વૃદ્ધિ પણ આ પ્રમાણ અનુસાર એકીસાથે થાય છે એમ પણ નથી. માથા કરતાં છાતીની વૃદ્ધિ ઝડપી હોવા છતાં યે તે દસ વર્ષ પર્યંત ચાલુ રહે છે. ત્રણ વર્ષની ઉમર સુધીમાં માથાની અરધી વૃદ્ધિ તો થઈ જાય છે ને દસ વર્ષની ઉમરે તો તે પૂર્ણ હદે પહોંચી જાય છે. બાર વર્ષની ઉમર બાદ ત્રણ-ચાર વરસ સુધી દર વરસે ઊંચાઈમાં વધારો થતો રહે છે, પણ પછી એમાં વીસ વર્ષની ઉમર સુધી વધારો મંદ ગતિએ જ થયા કરે છે. આમ ઊંચાઇ અને કદ પચ્ચીસ વર્ષની વય સુધી વધતાં રહે છે. ક્વચિત્ આ મર્યાદા ત્રીસ વર્ષ સુધી પણ પહોંચે છે. આ બાદ વૃદ્ધિ અટકે છે. સામાન્યરીતે વૃદ્ધિનો ખરો કાળ તો સાતથી સોળ વર્ષ સુધીનો માનવામાં આવે છે.

શરીરની વૃદ્ધિનું આ રહસ્યપૂર્ણ, અટપટું અને અદ્ભુત રસાયનકાર્ય ચામડીના બખ્તર નીચે, આપણી દૃષ્ટિ પહોંચી ન શકે—અરે આપણી બુદ્ધિ પણ બહેર મારી જાય એવી અલૌકિકરીતે થાય છે. વૃદ્ધિ એટલે શરીરનાં અંગો-ઉપાંગોનું વધવું કે મોટા થવું. આ વધવાની ક્રિયામાં અંગોના કોષોની વચમાં નવા કોષો પેદા થાય છે. મૂળ કોષોનો પણ વધારો થઇને વૃદ્ધિ થાય છે. આ બધી માનીએ એટલી સરળ હકીકત નથી. નવા કોષોનો વધારો એવો તો યુક્તિભર્યો અને નાજુકાઇથી થાય છે કે કોષો વધવા છતાં યે અંગોની સપ્રમાણતા જરા યે બગડતી નથી કે સમતુલા જોખમાતી નથી.

નવા કોષોનો જન્મ 'માઇટોસિસ' (Mitosis) કે 'કેરીઓકાઇનેસિસ' (Karyokinesis) નામની ઘણી અટપટી ક્રિયાથી થાય છે. આશ્ચર્યજનક તો એ છે કે વૃક્ષો ને પ્રાણીઓમાં કોષોની 'માઇટોસિસ' પદ્ધતિ એક જ છે. શું ત્યારે પશુ, માનવ ને વૃક્ષોના જીવનતત્ત્વના પાયામાં સામ્ય રહેલું હશે ખરું?

આ ક્રિયામાં કોષોના બે ભાગલા પડે છે. ભાગલા તો થોડા જ કલાકમાં પડી જાય છે, પણ કોષો જો આ રીતે સંખ્યામાં વધવા માંડે તો થોડા વખતમાં જ પેશી કે અવયવની વૃદ્ધિ થઇ જાય. પણ પેશીઓના બધા જ કોષો એકીસાથે વધતા નથી. પેશીના આમતેમ વેરાએલા થોડા જ કોષો એકના બે બની સંખ્યામાં વધારો કરે છે. વળી આરામ અને ઊંઘના સમયે વૃદ્ધિનું કામ ઝડપી ચાલે છે, કારણ કે આ વખતે જીવનશક્તિ અને પોષણનો વ્યય ઘણો ઓછો હોય છે. આમ, પેશીનું કદ ધીમેધીમે વધતું હોવાથી એની વૃદ્ધિ થવાને સમય લાગે છે.

શરીરની વૃદ્ધિ એટલે માત્ર વજનમાં જ વધારો એમ સમજવાનું નથી. વૃદ્ધિ એટલે વજન અને કદમાં પણ વધારો. કદના એ વધારામાં હાડકાંની વૃદ્ધિ ખાસ સમાએલી છે. અને આના આધારે જ વ્યક્તિની ઊંચાઈ, પહોળાઈ અને ઘેરાવો નક્કી થાય છે.

હાડકાંની વૃદ્ધિ બે રીતે થાય છે: એક તો સંધાનક તંતુના આવરણમાં કૅલ્શ્યમ ક્ષાર જમા થઈને. જડબાં અને ખોપરીનાં હાડકામાં આવું બને છે. વળી બાળકનાં હાડકાં તરુણાસ્થિ(cartilage)નાં બનેલાં હોય છે, જે ધીમેધીમે 'હાડકાં'નાં રૂપમાં ફેરવાય છે. આ બીજી રીત છે. શરીરનાં લાંબાં હાડકાં આ રીતે વધે છે, અને એની સાથેસાથે શરીર પણ વધતું જાય છે.

હાથ-પગનાં લાંબાં હાડકાંના—તરુણાસ્થિના વચલા ભાગમાં કૅલ્શ્યમ ક્ષાર જામે છે અને તરુણાસ્થિની બહારની બાજુએ અસ્થિ-ઉત્પાદક આવરણ ખડું થાય છે. આના અસ્થિ-ઉત્પાદક કોષોમાંથી કૅલ્શ્યમ તરુણાસ્થિની આસપાસ પણ જમા થવા માંડે છે. હવે કૅલ્શ્યમયુક્ત તરુણાસ્થિનો અંદરનો ભાગ નાબૂદ કરવા માટે અસ્થિ-નાશક કોષોનું કામ શરૂ થાય છે. આ કોષો તરુણાસ્થિ અને કૅલ્શ્યમનો નાશ કરે છે.

એની પછવાડે જ અસ્થિ-ઉત્પાદક કોષોનું કામ શરૂ થાય છે અને અસ્થિનાશક કોષોએ પાડેલા ખાડાઓમાં તે 'અસ્થિ' પૂરતાં જાય છે. હાડકાંની દાંડી અને છેડાઓમાં આ મુજબ થવા છતાં યે હાડકાંની વૃદ્ધિ તો કાયમ રહે છે, કારણકે દાંડી અને બન્ને છેડાઓ વચ્ચે તરુણાસ્થિની પટ્ટી રહે છે. આ બને છે વૃદ્ધિનાં સ્થાનો. આમાં, હાડકાંના બન્ને છેડાઓને આઘા ખસવતા જઈ, ત્યાં નવી અસ્થિ પેશીઓનો ક્રમેક્રમે થઇને હાડકું વૃદ્ધિ પામતું રહે છે. છેવટે જ્યારે તરુણાસ્થિની પટ્ટીઓમાં કૅલ્શ્યમ જામે છે ત્યારે હાડકાંની વૃદ્ધિ બંધ થાય છે. જીવન દરમિયાન અસ્થિ-ઉત્પાદક અને અસ્થિ-નાશક કોષોનું આ કામ સતત ચાલુ રહેતું હોવાથી ઘણી યે વાર 'નક્કર' હાડકું બંધાય છે, નાશ પામે છે અને ફરી વાર પેદા પણ થાય છે. આથી અદકી બીજી જીવંત અદ્ભુતતા કયી હોઇ શકે?

હાડકાં વિશે જેમ અસ્થિ-ઉત્પાદક અને અસ્થિ-નાશક કોષોનાં બે વિરુદ્ધ બળો કામે જોડાય છે, એમ શરીરની બીજી પેશીઓમાં પણ આવાં બે વિરુદ્ધ બળો જ કામે લાગેલાં રહે છે. એક બળથી કોષો સતત વધીને પેશીનું કદ વધવા માંડે છે, જ્યારે બીજી બાજુએ બીજા એક બળથી કોષોનો નાશ થતો રહે છે. જોકે શિશુ ને કુમારાવસ્થામાં કોષોના નાશ કરતાં વૃદ્ધિનું પ્રમાણ અધિક રહે છે. પુખ્ત વય બાદ વૃદ્ધિ ને નાશ સરખા રહે છે, જ્યારે વૃદ્ધાવસ્થામાં નાશનું પ્રમાણ વધે છે. આથી વૃદ્ધો ઊંચાઈમાં ઘટી એમનાં ગાત્રો સંકોચાય છે!

વૃદ્ધિને અસર કરનારાં બે બળો છે: એક તો આહાર અને બીજું અંતઃસ્રાવી રસો (hormones). આહારના છ ઘટકોમાંથી જીવન ટકાવનાર દ્રવ્યો ઉપરાંત વૃદ્ધિ કરનાર દ્રવ્યો પણ પ્રાપ્ત થાય છે. પણ વૃદ્ધિ માટે ત્રણ દ્રવ્યો ખાસ મહત્ત્વનાં છે: (૧) પ્રોટીન (૨) વિટામિન 'એ' અને (૩) વિટામિન 'ડી'. વળી, ખોરાક પેટમાં 'નાખ્યે' જ કંઈ અર્થ સરતો નથી. તેબરાબર 'પચવા'–શોષાવા સાથે જરૂરિયાત મુજબ પેશીઓમાં જવો જોઇએ. આમાં વ્યાયામ અગત્યનો ભાગ ભજવે છે.

ધાવણ

જન્મથી તે એક વર્ષની ઉમર સુધી બાળકનો એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ આહાર માનું દૂધ છે. આંચળવાળાં બધાં પ્રાણીઓમાં દૂધનું સ્થાન સ્તન છે. સ્ત્રીઓના દેહ વિષે આવેલી બે સ્તનગ્રંથિઓ (mammary glands) પંદરથી વીસ પિંડ-સમૂહો (lobes)ની બનેલી છે. એ પિંડ-સમૂહો વળી દ્રાક્ષના ઝૂમખામાંની એકએક દ્રાક્ષની જેમ અનેક નાની ગ્રંથિઓના સમૂહોના બનેલા છે. આ બધા પિંડ-સમૂહોમાં રહેલી દુગ્ધ-વાહિની નલિકાઓ જુદાંજુદાં સૂક્ષ્મ છિદ્રો દ્વારા દીંટડીમાં ઊઘડે છે. દીંટડીમાં પ્રવેશતાં પહેલાં આ નલિકાઓ વિસ્તૃત થાય છે, જેમાં દૂધકાળ દરમિયાન દૂધ એકત્ર થઇને ભરાઈ રહે છે.

દુગ્ધવાહિની નલિકાઓનાં છિદ્રોવાળી એ દીંટડી માંસપેશીઓની બનેલી છે. તે લોહીની નળીઓથી યુક્ત હોવાથી યથા સમય ટટ્ટાર બને છે. એના ઉપર સચેતન પિટિકાઓ આવેલી છે અને એની આસપાસ ગુલાબી કે શ્યામરંગી ચાઠું (arela) આવેલું છે, જેના ઉપરની સૂક્ષ્મ ગ્રંથિઓના સ્રાવને લીધે દીંટડી સુંવાળી અને નરમ રહે છે.

સ્ત્રીના ગર્ભાશય અને બીજગ્રંથિઓ સાથે તેના સ્તન અતિ ઘનિષ્ટ સંબંધમાં છે, એ તો આપણને તેની સગર્ભાવસ્થા તેમજ રજોદર્શનના સમય દરમિયાન જણાઈ આવે છે. (ઉપરાંત, એ અવયવોની રોગાવસ્થામાં પણ સંબંધ વ્યક્ત થાય છે.) સગર્ભાવસ્થાના બીજા માસના અંતે સ્તનોમાં 'ભરાવા' અને 'અસુખ'ની લાગણી પેદા થાય છે, ને પ્રસૂતિના સમય સુધી એના કદમાં વધારો થાય છે. દૂધના સ્રાવની તૈયારીઓ તો સગર્ભાવસ્થાના ત્રીજા માસથી થવા માંડે છે. આ ફેરફારો કોઈ રાસાયનિક ઉત્તેજનાને આભારી હોવાનું માનવામાં આવે છે. એનું ઉદ્ભવસ્થાન બાળકની કોઈ ગ્રંથિનો સ્રાવ કે સ્ત્રીના કૉરપસ લ્યૂટિયમ સ્રાવ હોવાનું માનવામાં આવે છે. એ તો ચોક્કસ છે કે સગર્ભાવસ્થા દરમિયાન કૉરપસ લ્યૂટિયમના અંકુશ હેઠળ સ્તનોનો વિકાસ થાય છે.

સ્તન-ગ્રંથિઓમાં પુષ્કળ લોહીની નળીઓ, ઉપરાંત જ્ઞાનતંતુઓ અને લસિકાવાહિનીઓ પણ આવેલાં છે, જેની ગુંજાયશ (calibre) સગર્ભાવસ્થા અને દૂધકાળ વખતે (ગ્રંથિઓના વધવા સાથે) વધતી જાય છે. સ્તનગ્રંથિઓની દીવાલના કોષો 'દૂધ'ના પદાર્થો તૈયાર કરે છે. સ્ત્રીના લોહીમાં આવેલા આહારનાં પરિપાક-દ્રવ્યો આ કોષોમાં આવે છે. કોષોના જીવરસ (protoplasm)ના પરિપાકને તોડીફોડી નવું વિશિષ્ટ દ્રવ્ય ઉપજાવે છે. તેમાં કોષોના પ્રકાર અનુસાર જુદાંજુદાં દ્રવ્યો પેદા થાય છે. કોષોમાં આવતા લોહીમાંથી પાણી અને ક્ષારો તથા શર્કરા કોષોમાંથી સ્રાવ રૂપે ગળપણ પ્રાપ્ત થાય છે, જ્યારે ભાગલા પડેલા દૂધનાં નક્કર તત્ત્વો (ચરબી અને તેલી પદાર્થો)ની બનાવટમાં જાય છે.

મહર્ષિ ચરકે માના દૂધને जीवनं बृहण सात्म्यं स्नेहनं (જીવન-દાતા, હૃષ્ટપુષ્ટ થવાય એવું, માફક આવે એવું અને ચિકાશવાળું) વર્ણવ્યું છે. બાળકને માના દૂધ સમાન બીજો એકે આહાર નથી. બહારના કોઇ પણ દૂધ કરતાં માના ધાવણથી જ બાળકને સાચો સંતોષ વળે છે. અને દૂધ સર્વસંપૂર્ણ ખોરાક હોવાથી જીવનદાયી કહેવાય છે.

પ્રસવ પછી ત્રીજા કે ચોથા દિવસે સ્ત્રીને ધાવણ આવવું શરૂ થાય છે. આ અગાઉ બીજા કે ત્રીજા દિવસે સ્તનમાંથી આવતા પીળા પ્રવાહીને 'કૉલોસ્ટ્રમ' (colostrum) કહે છે. એમાં પ્રોટીન દ્રવ્યો ઘણાં હોવાથી બાળકને તે ભારે પડતું હોઇ આપવામાં નથી આવતું. ખૂબીની વાત તો એ છે કે બાળકની ઉમર અનુસાર ધાવણના પ્રમાણ તથા પ્રકારમાં ફેરફાર થતા રહે છે. પ્રસવ પછીના તરતના અઠવાડિયામાં ધાવણમાં પ્રોટીનનું પ્રમાણ બે ટકા હોય છે, તે દોઢ મહિના બાદ ઘટીને દોઢ ટકા જેટલું થાય છે; પણ ગળપણ અને ચરબીનું પ્રમાણ એકએક ટકો વધે છે, જેની અસર નીચે બાળકનું વજન પણ વધતું રહે છે, માતાના ધાવણનું પૃથક્કરણ ગાયના દૂધની સરખામણીએ આ પ્રમાણે છે:

ઘટકો	માનું દૂધ	ગાયનું દૂધ
પ્રોટીનો	૧.૫૦	૪.૦
ચરબી	૪.૦૦	૩.૫૦
શર્કરા	૭.૦૦	૪.૩૦
ખનિજ ક્ષારો	૦.૨૦	૦.૭૦
પાણી	૮૭.૩૦	૮૭.૫૦
વિશિષ્ટ ગુરુત્વ	૧૦૧૦ થી ૧૦૪૦	૧૦૨૮ થી ૧૦૩૩
પ્રતિકાર્ય	સહજ અલ્કગુણયુક્ત	મોટાભાગે આમ્લિક

ધાવણને મળતું આવતું બીજું એકે ય દૂધ નથી. એની અવેજીમાં કંઈક અનુકૂળ આવે એવું માત્ર ગાયનું દૂધ છે. પણ ઉપરની તાલિકા ઉપરથી સમજાશે કે ગાયના દૂધમાં પણ પ્રોટીનો ને ક્ષારો વધારે છે, જ્યારે ધાવણમાં શર્કરાનું પ્રમાણ વધારે હોવા ઉપરાંત મગજ માટે ઉપયોગી લેસીથીન પણ વધુ હોય છે. આ ઉપરાંત બંનેના ખનિજ ક્ષારોની જાત વચ્ચે પણ ઘણો ફરક છે. ગાયના દૂધમાંના ખનિજ ફૉસ્ફરસ અને છ ગણા વધારે કૅલ્શ્યમ પચવામાં ભારે નીવડે છે. વળી એક અતિ મહત્ત્વની બીના એ છે કે ધાવણમાં કોઈ જાતના જીવાણુઓ નથી હોતા, જ્યારે ગાયના દૂધમાં તે હોય છે. બાળકની ઉમર વધતાં ધાવણનું પ્રમાણ પણ વધતું રહે છે. એ પ્રમાણનું ધોરણ મોટેભાગે વ્યક્તિગત રહે છે અને એક જ વ્યક્તિમાં બાળકની જરૂરિયાત ઉપર અવલંબે છે. વળી, સ્ત્રીના આહાર, આરોગ્ય અને મનની

સ્થિતિ પણ તેના ધાવણના પ્રમાણ અને જાત ઉપર વિશેષ અસર કરે છે.

સામાન્યતઃ ધાવણનું પ્રમાણ આ પ્રમાણે રહે છે:

પહેલા અઠવાડિયાના અંતે	૧૦ થી ૧૩ ઔંસ
બીજા અઠવાડિયામાં	૧૩ થી ૧૮ ,,
ત્રીજા ,,	૧૪ થી ૨૪ ,,
ચોથાં ,,	૧૬ થી ૨૬ ,,
પાંચમાથી તેરમા અઠવાડિયામાં	૨૦ થી ૩૪ ઔંસ
ચોથાથી છઠ્ઠા મહિનામાં	૨૪ થી ૩૮ ,,
છઠ્ઠાથી નવમા મહિનામાં	૩૦ થી ૪૦ ,,

(૧૬ ઔંસ એટલે એક રતલ)

આ ધાવણ પેદા કરવા માટે માતાના કેટલાયે અવયવો (ગર્ભાશય, બીજગ્રંથિઓ, પિચ્યુટરી ગ્રંથિ, જ્ઞાનતંતુઓ ને લોહીની નળીઓ) મહિનાઓ થયાં ભારે અને અટપટા કામમાં જોડાએલાં રહે છે. પણ તે એવા અદૃષ્ટપણે કામ કરે છે કે તેની ખાસ ખબર નથી પડતી અને દૂધે ભરાએલાં સ્તનો પુષ્ટ પયોધરો બની રહે છે. પુત્રના સ્પર્શ, દર્શન—અરે સ્મરણમાત્રથી (पुत्रस्य संस्पर्शात् दर्शनात् स्मरणात् अपि शुक्रवत्सप्रवर्तते।।——ભાવમિશ્ર) અતિ વાત્સલ્યભરી માતાના પયોધરોમાંથી ધાવણ ટપકવા માંડે છે. માતાના સ્નેહની હૂંફ સાથે ધાવતું બાળક એકધારું વધે છે. એના તનની વૃદ્ધિ સાથે મન પણ સમૃદ્ધ બને છે. આ વિષે પ્રો. મૅકડુગલ જેવા વિદ્વાન કહે છે કે 'બાળકમાં માતા પ્રત્યે પ્રેમનું ઊંડું સિંચન થવા ઉપરાંત એનામાં ભક્તિ, દયા, પૂજ્યભાવ, વિનમ્રતા, સદાચાર આદિઉન્નત ભાવોનાં મૂળ નંખાય છે.' માનું ધાવણ પામતા બાળકને ચામડી તથા પાચનના રોગો, એલર્જી અને તાવ વગેરે વ્યાધિમાંથી લાંબા વખતની કુદરતી રોગક્ષમતા પ્રાપ્ત થાય છે.

વૃદ્ધિમાં ગ્રંથિઓનું કાર્ય

શરીરની વૃદ્ધિનું નિયમન કરનાર આંતરસ્રાવી રસો છે. પિચ્યુટરી ગ્રંથિના આગલા પિંડનો વૃદ્ધિ-સ્રાવ આપણા શરીરની બધી જ પેશીઓની વૃદ્ધિનું નિયમન કરે છે. આ સ્રાવ વધારે પડતો થવાના કારણે હાથપગનાં હાડકાં ખૂબ વધી જઇને વ્યક્તિ 'પિચ્યુટરી રાક્ષસ' બને છે; અને આ સ્રાવની ન્યૂનતાના પરિણામે શરીર 'ગઠ્ઠું' રહે છે.

ગળામાં આવેલી થાઇમસ ગ્રંથિ નાનપણમાં વૃદ્ધિ પામતી રહીને યુવાવસ્થા આવતાં સુધીમાં તો ક્ષીણ બને છે. એ ક્ષીણ પામતાં જાતિગ્રંથિઓનો વિકાસ વહેલો થાય તો થાયમસ ગ્રંથિનું કામ, અધવચ અટકી પડીને વ્યક્તિની સરેરાશ ઊંચાઈ ન વધતાં તેના પગ ટૂંકા રહે એવી ઠીંગણાઇ આવે છે. નાના શરીર ઉપર મોટા માથાવાળા બુદ્ધિશાળી માનવીઓ આવા પ્રકારના હોય છે.

પણ જાતિગ્રંથિઓનો વિકાસ મોડો થતાં જો થાયમસનું કામ તે દરમ્યાન જારી રહે તો વ્યક્તિ વધુકાં ઊંચા બાંધાની ને ન્યૂનતાભર્યા જાતિલક્ષણો વાળી બને છે. આ પ્રકારની સ્ત્રીઓ પાતળી, હાડકાં દેખાતી અને સ્ત્રી-માર્દવથી વિહીન હોય છે.

થાઇરૉઈડ ગ્રંથિના સ્રાવની ન્યૂનતાના પરિણામે વ્યક્તિ બુદ્ધિહીન અને ઠીંગુજી બને છે. આવી રીતે જાતિગ્રંથિઓના સ્રાવના અભાવે કે ન્યૂનતાના પરિણામે વ્યક્તિનું પુદ્ગળ ઊંચું અને પહોળું બને છે. પૅરાથાઈરૉઇડ સ્રાવ લોહીમાં કૅલશ્યમ ક્ષારનું પ્રમાણ જાળવે છે, ને આની ઊણપ થતાં લોહીમાં કૅલશ્યમ પ્રમાણ ઘટતાં હાડકાંની વૃદ્ધિ અટકે છે. હાડકાંની આ વૃદ્ધિ માટે વિટામિન-'ડી' આવશ્યક છે. આમ શરીરની વૃદ્ધિમાં આ બધાં બળો એકબીજાનાં પૂરક રહી અટપટીરીતે પોતપોતાનું કામ ઉપાડી લે છે.

વયમર્યાદા

શરીરની આ વૃદ્ધિનાં માપ કાળની ગણતરીની ગણનામાં માણસની વય રૂપે થાય છે. એ વયની ત્રણ અવસ્થાઓ છેઃ બાલ્યાવસ્થા, મધ્યમાવસ્થા અને વૃદ્ધાવસ્થા. મહર્ષિ સુશ્રુત સોળ વર્ષની ઉમર સુધી બાલ્યાવસ્થા લેખે છે. વળી એમણે એક વર્ષની ઉમર સુધી ધાવણ ઉપર નભનાર (क्षीरपाः), બે વર્ષની વય સુધી ધાવણ અને અન્ન ઉપર નભનાર (क्षीराम्नादा) ને એથી આગળની ઉમરના તે અન્ન ખાનારા (अन्नादा) આવી વર્ગણી કરી છે. પશ્ચિમના વિજ્ઞાનના મતાનુસાર જન્મ બાદ એક માસ સુધી બાળક 'નવજાત બાળક' ગણાય છે. એક વર્ષની ઉમર સુધી તે baby-'બાળક' અને બે વર્ષની વય સુધી infant–શિશુ તરીકે ઓળખાય છે. શ્રીમદ્ ભાગવતના ટીકાકાર શ્રીધરે 'પાંચ વર્ષ સુધી કુમાર અવસ્થા, દસ વર્ષ સુધી પૌગંડ અવસ્થા, પંદર વર્ષ સુધીની કિશોર અવસ્થા અને તે પછીની યુવાવસ્થા' ગણાવી છે.

મહર્ષિ ચરકે કરેલી વયમર્યાદાનું નીચલું વર્ણન સ્થૂલ સ્વરૂપમાં સમજવાનું છે. એમણે બાલ્યાવસ્થા ત્રીસ વર્ષ સુધીની ગણાવી છે. પણ આના બે વિભાગ કર્યા છે, જેમાં સોળ વર્ષની ઉમર સુધી અપરિપક્વ ધાતુનો કાળ ગણ્યો છે. મહર્ષિ સુશ્રુતે સોળથી સિત્તેર વર્ષની વયને મધ્યમ વય લેખી છે. આમાં વીસ વર્ષની વય સુધી શરીરની વૃદ્ધિ (ચરકના કથન મુજબ આ વય ત્રીસની છે, જ્યારે આધુનિક મત પ્રમાણે પચ્ચીસ વર્ષની છે), ત્રીસ વર્ષની ઉમર સુધી યૌવન, ને ચાળીસ વર્ષની વય સુધી સર્વ ધાતુ-બળ-ઇન્દ્રિયો આદિની સંપૂર્ણતા ગણાવી છે, અને પછી સિત્તેર વર્ષ થતાં સુધી થોડીથોડી ક્ષીણતા થવા માંડે છે. આ પછી सर्वक्रियास्वसमर्थं जीर्णं गृहमिवाभिवृष्टमवसीदन्तं वृद्धमाचक्षते (સૂત્રસ્થાન-૩૫) અર્થાત્ બધી ક્રિયા કરવાને અસમર્થ, વરસાદથી ખખડી ગએલું ઘર પડવા માંડે એવી વૃદ્ધાવસ્થા શરૂ થાય છે. ચરકે આ અવસ્થા સાઠથી સો વર્ષ સુધીની ગણાવી છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં (અનુ. પૃ. ૧૫૫થી) પુણ થોડાક પ્રભુઓ સેક્રેટરિયેટ ચલાવતા એ ખરું: કેટલાક કોકણસ્થો નેચિત્તપાવનો બુદ્ધિના, જ્ઞાનના, શાસ્ત્રોના ભંડાર ઉઘાડતા એ ખરું: પણ મુંબઇના જગતવ્યાપાર ખિલાવ્યો ને માછીમારના બેટની મુંબઈ નગરી કીધી એ તો ગુજરાતીઓએ. સુરતના ઝવેરીઓ, અમદાવાદના શરાફો, કચ્છ–કાઠિયાવાડના કપોળ ને ભાટિયા, ખોજા ને મેમણો, રાંદેર સિદ્ધપુરના વહોરાઓ, નવસારી-સંજાણના પારસીઓ,-એ સૌ મુંબાઈ નગરીમાં ન હોય તો મુંબાઈની જાહોજલાલીનો દશાંશ પણ આજે હોય ખરો?

મહાગુજરાતને ઓળખ્યા વિના ગુજરાત અધૂરૂંજ ઓળખાય. પાંખોવિનાનો જાણે ગરુડ દીઠો? કલાપ વિનાનો જાણે મયૂર નિરખ્યો? મહાગુજરાત એટલે ગુજરાતનો કલાકલાપ.

દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, ઝંગબાર, એડન, મસ્કત, કરાંચી, મુંબાઈ, કોચીન, કોલંબો, મદ્રાસ, કલકત્તા, રંગૂન, જાવા, હૉંગકૉંગ, ટોકિયો: સારા યે હિંદી મહાસાગરને કિનારે કિનારે ને પૅસિફિક મહાસાગરને પૂર્વ કાંઠે આજનું મહાગુજરાત વસેલું છે. હિંદી મહાસાગરને તીરે કોઈ મોટું બંદર નથી જ્યાં ગુજરાતીઓનું થાણું નથીઃ ઇતિહાસની વાડીઓ સરીખડો, ગુર્જર મહાપ્રજાની ક્યારીઓ સરીખડો અર્વાચીન મહાગુજરાત હિંદી મહાસાગરને આરે આરે વસેલો છે.

ગુર્જરાતીઓનાં સાહસ તે અર્વાચીન મહાગુજરાત. જ્યાંજ્યાં વિચર્યા ત્યાંત્યાં ગુજરાતીઓએ ગુજરાત વસાવ્યું.

'નગરે આંબો એક મહોરિયો,
એની ડાળ પડી દરિયાપાર.'

મહાગુરાતીઓ! ગુર્જર દેશે આંબાનું થડ છે. એની ડાળો દરિયાપાર પડેલી છે. ગુર્જર સંસ્કૃતિનાં મૂળ દ્વારિકામાં, રૈવતનગરીમાં, પાટણમાં, સિદ્ધપુરમાં, અમદાવાદમાં, સુરતમાં છે: ને તમે મહાગુજરાતીઓ તો ગુજરાતના એ આંબાની કેરીઓ. તમારી મધુરપ ચાખીચાખીને જગત ગુર્જરસંસ્કૃતિનાં મૂલ મૂલવશે.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

ગ્રીસની ટિકિટો

બીજા મહાયુદ્ધમાં મેદાનમેદાન થઈ ગયા પછી ગ્રીસ આજે દુનિયામાં તેનું મૂળ સ્થાન ફરી જમાવવા મથી રહ્યું છે. ૨૫૦૦ વરસ પહેલાં 'હેલાસ' નામનો એ પ્રદેશ દુનિયાના એક મહાન સંસ્કૃતિનું ધામ હતું, જ્યાંથી જગતનાં શ્રેષ્ઠ શિલ્પસ્થાપત્ય, સુંદરતમ કલાકૃતિઓ, ચિરંજીવ સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને રાજકારણના મહાન સિદ્ધાંતો અને આજની રંગભૂમિ તથા વિજ્ઞાનના આદિ સ્રોત વહ્યા હતા. એવા ગૌરવાન્વિત ભૂતકાળને એ દેશ પોતાની ટિકિટો ઉપર સ્મરણાંકિત કરે એ સ્વાભાવિક છે. આ નીચે એવી કેટલીક ટિકિટો શ્રી અજીતકુમાર સંઘવીના સંગ્રહમાંથી આપી છે.



શું ધારો છો? આ ઉપર આપેલી ટિકિટની કિંમત કેટલી હશે? ૨૦,૦૦૦ રૂપિયા! કારણ એટલું કે તેમાં વિમાન ઊંધું છપાયું છે! ઈ. ૧૯૧૮મા અમેરિકાએ કાઢેલી ૨૪ સેન્ટની એ ગુલાબી ટિકિટોના ૧૦૦ નંગના એક જ પાના પર બ્લુ શાહીમાં છાપવાનું બાઇપ્લેન આમ ભૂલથી અવળું છપાઈ ગયું તેને કારણે એ વિરલ ને મૂલ્યવાન બની ગઈ છે.




ગઈ બીજી ફેબ્રુઆરીએ, પોતાને ત્યાં તાર વ્યવસ્થા શરૂ થયાને ૧૦૦ વર્ષ થયાંના પ્રસંગે ડેન્માર્કે કાઢેલી નવી ટિકિટનું ચિત્ર આ ઉપર આપ્યું છે, જેમાં તારવ્યવસ્થાનાં એ કાળનાં સાધનોનું આલેખન છે.

લોકો સુવ્યવસ્થિત ને સરળપણે ટિકિટો રાખી તથા ફેરવીફેરવી શકે તે ઉદ્દેશથી ટિકિટોની **નાની** નાની ચોપડીઓ કાઢવાની શરૂઆત બ્રિટિશ ટપાલખાતાએ ઈ. ૧૯૦૪ના માર્ચની સોળમી તારીખે કરી તેની સુવર્ણ જયંતી ગઈ ૧૬ મી માર્ચે આવી ગઈ. બબ્બે ટિકિટોની ત્રણ આડી હારમાં છ ટિકિટોનું એક એવાં ચાર પાનાંની બનેલી એ શરૂની ચોપડીમાં ૨૪ ટિકિટો આવતી અને એ દરેક પાનાની વચ્ચે એકેક ચોકોણો તેલિયો કાગળ મૂકીને કાર્ડની જાડાઈનું પૂઠું તે પર ઢંકાતું. ભારતમાં પણ અગાઉ એવી ચોપડીઓ નીકળેલી.



મથાળાની હાર—ડાબી બાજુથી (૧) બાળકલ્યાણ ફાળા માટેની ટિકિટ; (૨) તાર-ટપાલ ખાતાનાં માણસો માટેના ક્ષય-વિરોધી ફાળા સારુ કાઢેલી ટિકિટ જેના પર પ્રાચીન ગ્રીસની સ્વાસ્થ્ય દેવીનું ચિત્ર છે; (૩) ગ્રીક પુરાણોમાં વર્ણવેલા 'ગતિ'ના દેવ 'હર્મિસ'ની છબિવાળી ઍરમેઈલ ટિકિટ; (૪) પરદેશી પંજામાંથી મેળવેલી મુક્તિના સ્મરણમાં કાઢેલી ટિકિટ; (૫) ડાડિકેનિસ ટાપુઓ ગ્રીસને પાછા મળ્યા નિમિત્તે કાઢેલી ગ્રીસના પ્રખ્યાત પ્રાચીન પાત્ર કલાત્મક 'વાઝ'(કુંભ)ના ચિત્રવાળી ટિકિટ. (૬) ઈટાલીમાં લડતા ગ્રીક સૈનિકો તથા મથાળે લશ્કરી ચન્દ્રકના ચિત્રવાળી 'યુદ્ધવિજય'ની ટિકિટ; (૭) ડાડિકેનિસ ટાપુઓની નકશો તથા પ્રાચીન ગ્રીસના જહાજના ચિત્રવાળી નં. (૫)ના જેવી ટિકિટ; બીજી હાર: (૧) મિકોનોસમાંની પ્રાચીન પવનચક્કી; (૨) માટિયોરા મુકામે કપરા પર્વત પર આવેલો મઠ; (૩) ગ્રીક પુરાણના ઉડ્ડયનનો દેવ ઇકૅરસ તથા ડેડેલસના ચિત્રોવાળી ઍરમેઈલ ટિકિટ; (૪) સંત ડીમેટ્રિયસની આકૃતિવાળી સાલોનિકાના આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-ફંડની ટિકિટ; (૫) ટૉર્પિડોથી તારાજ કરાતી 'ઈલાસ'ના ચિત્રવાળી વિજયટિકિટ; (૬) ગ્રીક પુરાણોમાં સૌંદર્યનો દેવ ગણાતા 'એપોલો'ના નામચીન શિલ્પવાળી ટિકિટ.



માંડવીના સમુદ્રકાંઠે રાવળ પીરનું સ્થાનક. પડખે બત્તી અને દૂર દરિયો દેખાય છે.


કચ્છનું પુરાતન બંદર રિયાણ

લેખક અને તસ્વીરકાર: **રામસિંહજી રાઠોડ**

રિયાણ પત્તન જ્યારે ધીકતું બંદર હતું ત્યારે હાલ જ્યાંથી માંડવીનું શહેર શરૂ થાય છે ત્યાં તેનો ધક્કો અને માંડવી (દાણચોકી) આવેલાં હતાં. એ વિકસેલી માંડવી તે હાલનું માંડવી શહેર. દરિયાની પીછેહઠ થતાં 'રિયાણ પત્તન' મટી 'માંડવી બંદર' બન્યું.

રિયાણના દરિયાકિનારે ઘોરમનાથે તપશ્ચર્યા આદરી હતી. તેમનો ચેલો ગામમાંથી ભિક્ષાન્ન લઈ આવતો અને તે પર ગુરુ-શિષ્યનો નિર્વાહ ચાલતો. આમ થોડો સમય તો ચાલ્યું, પણ પછી એ ચેલાને દરરોજ ગામમાં આ રીતે આવતો જોઈ ગામલોક તેથી કંટાળ્યા. ગામલોકો કઠોર બન્યા અને તેને ભિક્ષા મળવી બંધ થઈ. એટલે ચેલો ગામમાં જતાં પહેલાં સીમમાંથી લાકડાની એક ભારી કરી જઇને તે વેચી તેમાંથી તેણે ખાવાનું લાવવા માંડયું. એક વખત લાકડાં કાપતાં તેને માથામાં વાગ્યું. તે ઘા પાકી તેમાં કીડા પડયા. ઘોરમનાથની નજર તેના ઉપર પડી એટલે ગામની નિર્દયતાનો તેને ખયાલ આવ્યો. આથી એ નઠોર ભોમકામાં રહેવું અયોગ્ય માની ઘોરમનાથે એ ભૂમિનો ત્યાગ કર્યો અને ધીણોધરમાં નવેસર તપશ્ચર્યા આદરી. પછી પટ્ટણ દટ્ટણ થયું.

ધીણોધરમાં અરલની ચારણિયાણી બાઈ દેવલે યોગી ઘોરમની પૂરા ભાવથી સેવા કરી. ઘોરમની આશિષથી દેવલને પુત્રપ્રાપ્તિ થઈ. તેનું નામ તેણે રાવળ રાખ્યું. રાવળ મોટો થયો ત્યારે ગુંદલ નામની એક કન્યા સાથે તેનાં લગ્ન લેવાયાં. પણ રાવળને સંસારી જીવનમાં જરા યે રસ લાગ્યો નહિ. તે ત્યાંથી રિયાણના કંઠાર પ્રદેશ તરફ ચાલી નીકળ્યો. તે દેવરાજ ધલને ત્યાં વલસરામાં ઘોડા ચારવા સાથી તરીકે રહ્યો અને પોતાને મનગમતું નિસ્પૃહી જીવન ગાળવા લાગ્યો, ત્યારે દેવરાજને રાવળની પીરાઈના પરચા જોવા મળ્યા. દેવરાજને બે પત્નીઓ હતી છતાં તે નિઃસંતાન હતો. પુત્રપ્રાપ્તિ માટે દેવરાજે રાવળની આશિષ માગી. કર્મસંજોગનું ફળ સૌને મળે છે એવી વાંછના કહી રાવળે નફ્ફટકે જાડો નાખ્યો. તેણે દેવરાજની બે સ્ત્રીઓ પાસેથી દૂધના બે કળશિયા મંગાવ્યા, તેમાં નાની સ્ત્રીએ દૂધમાં પાણી ભેળવ્યું હતું. તે બંનેને પુત્રો થવાનું તો રાવળે કહ્યું, પણ નાની સ્ત્રીનો પુત્ર કપટી થશે અને તેને લીધે તેમને એ ભૂમિનો ત્યાગ કરવો પડશે, એમ આગમ ભાખ્યું. અને થયું પણ તેમ જ. વિઝાણના હાલાઓએ પગપેસારો કરી આગળ જતાં ધલોને ત્યાંથી હાંકી કાઢયા.



કિલ્લાના કોઠા જેવા ચોરસ ઊંચા પડનાર પર રિયાણમાં આવેલું ઘોરમનાથનું મંદિર.

કંઠાર પ્રદેશમાં શેખોનો ત્રાસ બહુ વધી પડયો. તેઓ વસતિ કને જબરદસ્તીથી પંજડી ઉઘરાવતા ને તે બહાને ત્રાસ આપતા. રાવળને આ અસહ્ય લાગ્યું અને તેણે નિશ્ચયપૂર્વક હળવેથી શેખોનો ભૂક્કો કાઢી નાંખ્યો. રાવળે વસતિને વશમાં લીધી ને વિશ્વાસ આપ્યો, એટલે વસતિ તરફથી ક્યાં ય કોઈ શેખ દેખાય કે તેને પીટ પડવા લાગી. શેખો એટલા નબળા પડયા કે તેમને જીવ બચાવી ફરવું પણ મુશ્કેલ બન્યું,

ફ્યુએલ રીચર્સ ઈન્સ્ટીટચૂટ • ધનબાદ



આપણી વિજ્ઞાનસંસ્થાઓ-૩

આપણા દેશની કોલસાની ખાણોમાંથી નીકળતો માલ યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય એ અતિ આવશ્યક છે. કોલસો કંઈ કારખાનાઓમાં બનાવી શકાતો નથી: એ તો માનવીને કુદરતની બક્ષિશ છે. આથી તેના વપરાશમાં ખૂબ સાવચેતી તથા કરકસર જરૂરી છે. એ માટે કોલસાની વૈજ્ઞાનિક તપાસ પ્રત્યે કોલ-કમિશનોએ વારંવાર સરકારનું ધ્યાન ખેંચ્યું હતું. આપણા દેશમાં વાયુ અને બળતણો અતિ ન્યૂન પ્રમાણમાં પ્રાપ્ય છે. એટલે જળધોધ દ્વારા મળતી વીજળિક શક્તિને બાદ કરતાં આપણે ત્યાં માત્ર કોલસો જ ઉદ્યોગો માટે શક્તિનું મુખ્ય સાધન રહે છે. ઈ. ૧૯૪૦માં ફ્યુએલ રીચર્સ કમિટીના પ્રમુખ સદ્ગત સ્વ. ડૉ. એચ. કે. સેને ફ્યુએલ–બળતણની સંશોધન સંસ્થા માટે દરખાસ્ત મૂકી. સરકારી રીત અનુસાર કામ ચાલ્યા પછી છેક ૧૯૪૬માં આ સંસ્થાનો પાયો નંખાયો અને ડૉ. જે. ડબ્લ્યુ. વિરાકેર તેના પ્રથમ નિયામક નિમાયા. અંતે ૧૯૫૦માં આ સંસ્થાનું ઉદ્ઘાટન ભારતના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કર્યું. ઝરીઆ અને સીંદરી વચ્ચે, ઝરિયાના રાજાએ ભેટ આપેલી ૧૭૦ એકર જમીનના વિસ્તારમાં આ ઈન્સ્ટીટચૂટ આવેલું છે. તેમાં લેબૉરેટરીઓ, કાર્યાલયનું મકાન, વર્કશૉપ અને સ્ટાફનાં માણસો માટે રહેઠાણના આવાસ પણ છે. કોલસા અંગે મૂળભૂત તેમજ વ્યવહારુ સંશોધનના દરેક પાસાને લગતું કાર્ય આ સંસ્થાના ક્ષેત્રમાં સમાવવામાં આવ્યું છે અને તે કામ અત્યારે નીચેના વિભાગોમાં વહેંચી નાખ્યું છે: (૧) કોલસાની તપાસ અને પૃથક્કરણ, (૨) કાર્બોનાઈઝેશન અને તેની પેટા-પેદાશ તરીકે ઉત્પન્ન થતા પદાર્થો, (૩) પ્રવાહી બળતણ (બનાવટી બળતણ, પેટ્રોલિયમ વગેરે), (૪) ભૌતિકવિજ્ઞાન (ક્ષ કિરણો અને સ્પેક્ટ્રોસ્કોપ વડે તપાસ), (૫) વાયુ-બળતણો (કોલસાનું વાયુકરણ), (૬) એન્જિનીઅરિંગ વિભાગ (કોલસા ધોવાનું બૉઈલર વગેરે), (૭) લાઇબ્રેરી અને માહિતી વિભાગ (૮) વહીવટી કચેરી. આ બધા વિભાગોમાં નિયામક વગેરે ઉપરાંત ૧૫૦ વિજ્ઞાનીઓ તથા એન્જિનીઅરો વગેરે કામ કરે છે.

ઇ.૧૯૪૯ સુધી તો માત્ર એક કામચલાઉ પ્રયોગશાળામાં કોલસાની મોજણીનું કામ ચાલતું હતું. હવે આ અંગે પાંચ સ્ટેશનો ઊભાં કરવામાં આવ્યાં છે. આ સંસ્થાએ Indian coals: Their nature and camporitca નામનું મહત્ત્વનું પુસ્તક પ્રગટ કરી ઉદ્યોગોને ખૂબ મદદ કરી છે. કોલસામાંથી જો રાખ ખૂબ પડે તો એ કોલસો હલકી જાતનો ગણાય છે. આવા કોલસાને ધોઈને તેને સુધારવાનું કામ ઈન્સ્ટીટચૂટે પાર ઉતાર્યું છે. ઉપરાંત દામોદર ખીણની યોજના અંગે પણ આ સંસ્થાએ મદદ કરી છે. કોલસામાંથી નીકળતા ડામર અંગે આ સંસ્થા કામ કરે છે, તેમજ આસામના ગંધકવાળા કોલસા અંગે પણ સંસ્થાએ સંશોધન કર્યું છે. આ ઉપરાંત કોલસા અંગે ક્ષ-કિરણો વડે તપાસ ચાલે છે. ખાણવાળાઓને તો આ સંસ્થા સારીરીતે મદદ કરે છે. કોલસામાંથી પેટ્રોલ બનાવવાના પણ અખતરા કરવામાં આવ્યા છે. આમ આ સંસ્થા કોલસાના ઉદ્યોગને ખૂબ ઉપયોગી થાય છે. FRI News નામથી નીકળતા આ સંસ્થાના સામયિકમાં સંસ્થાની પ્રવૃત્તિઓનું અવલોકન કરવામાં આવે છે.

બુઝર્ગ ગુજરાતી ભૂસ્તરશાસ્ત્રી ડૉ. દારશા વાડિયાના શબ્દો ટાંકીએ તો 'આ સંસ્થા હિંદની ખાણો અને ખનિજોની ખિલવણીમાં સૂચક પ્રગતિ દર્શાવે છે. હિંદમાં વૈજ્ઞાનિક પ્રગતિ માટે જે અથાગ પ્રયત્નો અને ઉત્સાહ બતાવાયાં છે તેના પરિણામ રૂપ આ લેબૉરેટરી છે.'

—ડૉ. નરસિંહ મૂ. શાહ



દરિયાવાટ દેખાડતી રાવળ પીરની બની (દીવાદાંડી)

રિચાણ (અનુસંધાન આગલા પાનાથી ચાલુ)

એટલે તેઓ રાવળપીરને શરણે આવ્યા. શરણાધાર તરીકે રાવળપીરે તેમને ધાગો બાંધ્યો. માત્ર એ ધાગાની નિશાનીવાળો શેખ સમાજમાં છૂટથી ફરી શકતો. શેખો ભીખ માગતા બની ગયા. આજે પણ એ શેખોના વંશજ રાવળપીરનો ધાગો પહેરી ભીખ માગતા ફરે છે.

ગુંદલે રાવળ સિવાય બીજાને પરણવાનો સ્પષ્ટ ઈન્કાર સુણાવી દીધો. તે કુમારી રહી અને રાવળ પાસે જવાના સંજોગો અનુકૂળ દેખાયા ત્યારે તે પોતાના ભાઈ નારાયણ સાથે રાવળ પાસે જવા રવાના થઈ. પણ તે આવી પહોંચે તે પહેલાં માંડવીના દરિયાકાંઠે રાવળપીરે સમાધિ લીધી. તેમની પાછળ ગુંદલે અગ્નિસ્નાન કર્યું. એ ગુંદિયાળી ગામે દર વરસે વૈશાખ સુદ ૭ના રોજ ગુંદલમાતાનો મેળો ભરાય છે ને દરિયાવાટ દેખાડતી રાવળપીરની બની તો આજે પણ વહાણવટીઓના જાન બરદાસ્ત કરતી તેમના જિગરને અંતરનાં અજવાળાં જેવી રોશની દેતી રહે છે.



પાંચ વર્ષ રખડયો, ભીખ પણ માગી, દાન પણ લીધું, થોડુંઘણું કમાયો પણ ખરો. અનુભવ એ જ મહાન ગુરુ છે એ નક્કર સત્ય મનમાં દૃઢ કરી, એમાંથી નવનીત સારવવા સતતનું મનોમંથન એ કરતો ગયો.

લેટિટા કયાં જન્મી હતી એની લેટિટાને પોતાને જ ખબર નહોતી! એને ભાન આવ્યું ત્યારે એણે જાણ્યું કે એ એક ટોળીમાં ભમી રહી છે. ટોળી સરકસના ખેલો કરતી. બારેક વર્ષની થઈ હશે ત્યારે લેટિટા પણ એમાં ભાગ લેતી થઈ. બે બાજુ ઊંચી બાંધેલા સખત દોરડા ઉપર એ સડસડાટ ચાલી જતી, વિચિત્ર રીતે શરીર મચકોડી શકતી, અચંબો પમાડે એ રીતે એ કુદાકડા મારી દોડતી. જર્મન અને ફ્રેંચ બંને જબાન ઠીકઠીક બોલી શકતી. 'આ જ હ્રાઈન નદીને કાંઠે એની સરકસ-ટોળી

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

એલ્મર લોમંનો જીવન-પગથાર વિલક્ષણ રીતે ઘડાયો હતો. એમાં એણે લેટિટાને અનેરી રીતે સાંકળી લીધી હતી. હવે એ સાંકળને એકે ઝાટકે તોડવાનો મનસૂબો સવાર થઈ બેઠો હતો.

એલ્મરનો દાદો ડચ. ભાડૂતી સિપાઈ તરીકે એ અંગ્રેજોના લશ્કરમાં હિંદમાં લડચો હતો. બાપ ગવૈયો, મા સ્પેનના તોલેડો ગામના એક નિષ્ણાત તલવારો બનાવનાર પેઢીના માલિકની દીકરી હતી. એની જીભ અને આંખ બંને તલવાર કરતાં કારી ઘા કરી જાણતાં હતાં એવી એની ખ્યાતિ હતી. માબાપ એલ્મરને લગભગ બાળક મૂકીને બેત્રણ વરસને આંતરે ગુજરી ગયાં હતાં. નિરાધાર એલ્મરે રીગા શહેરની થીએટર સ્કૂલમાં નૃત્યમાં તાલીમ મેળવી હતી. એના અવયવોમાં તલવારની ચપળતા અને વીજળીનું ચૈતન્ય તરવરતાં. સત્તરમે વર્ષે તો એણે મિલાનમાં પ્રેક્ષકોને નૃત્યથી સ્તબ્ધ કર્યા હતાં. અઢારમે વર્ષે બર્લિનમાં એણે વાહવાહ પોકરાવી અને વીએનામાં ડંકો વગાડયો હતો. પણ નસીબસંજોગે પોલાંડમાં એક બનાવે એની કારકિર્દીને ધૂળમાં રગદોળી.

ત્યારે એ વીસ વરસનો હતો. ચમક, છટા ને ચાતુરીથી એ જ્યારે નાચતો ત્યારે ભલભલાં જિગર વલોવાઈ જતાં. પોલાંડમાં એક ઘરડા ધણીની જુવાન ઉમરાવજાદી એના ઉપર આફરીન થઈ. વીંધાએલા જિગરને રૂઝવવા એણે ખાનગીમાં મુલાકાતો ગોઠવવા પેંતરા રચ્યા. વાત વધી. ઉમરાવને કાને કોઇએ ચાડી ખાધી. તેણે અજાણતાં છાપો માર્યો. નોકરોને હાથે ટિપાવી થીજ્યા બરફમાં એને ફેંકવામાં આવ્યો.

પ્રેમમાં તો પરવારી બેઠા, પણ સાથે રંગાએલાં હાડકાં જડ થઈ જતાં નૃત્યકળા ખોરંભે પડી ને વધારામાં કાનમાં બહેરાશ રહેવા માંડી.

જુવાનીમાં જડ થએલા શરીરે અંતરમાં આગ જગાડી. હાથપગના ચમત્કારિક ચાંચલ્યે આંતરિક શક્તિઓને સચેતન કરી મૂકી. જ્ઞાનના તલસાટે એની વિહ્વળતા વધતાં, રહ્યાસહ્યા પૈસા ઘસી એણે જાતે લાઇબ્રેરીઓ ખૂંદી લૅટિન અને સંસ્કૃત શીખવા મથામણ કરવા માંડી. જર્મનીમાં એને જ્ઞાન સંપાદન કરવાની બધી તકો મળી. બહારનો તરવરાટ અને અંતરની શાંતિ, આંતરિક તરવરાટ અને બહારની શાંતિ, બેનો તફાવત એને સમજાવા લાગ્યો. દસ વર્ષે એ ભણ્યો. ત્રીસમે વર્ષે એણે હિંદમાં પ્રવાસ ખેડયો.

એણે મંદિરોનાં કોતરકામો તપાસ્યાં, દેવદાસીઓને નાચતી જોઈ, હરદ્વારની શાંતિમાં ભમ્યો, નેપાળની વનરાઇઓમાં રખડ્યો. જિંદગી એ માયા છે, બ્રહ્મ અને પરબ્રહ્મ એ શબ્દોથી શું સૂચવાય છે વગેરેના સંસ્કાર ઊતર્યા એટલા ઉતાર્યા ને મગજમાં ઘૂંટવા માંડયા. એણે ગંગાનાં જળ નિહાળ્યાં, તાજ જોયો, વિવિધ મંદિરોનાં શિખરો અવલોકયાં, નવી જ દુનિયા પ્રમાણી એની પાછળનાં રહસ્યો તારવવા મથ્યો. ચાર-

ખેલો કરતી ભટકતી તેવે ટાણે એકાએક એ તાવમાં પટકાઈ પડી. ટોળી એને પાછળ ઑસ્પિટલમાં મૂકી આગળ ગઈ. અહીં એના પર નજર રાખતો એક પ્રેક્ષક એની પાછળપાછળ ધૂમતો, તે પણ એ જ ગામમાં થંભી ગયો. રોજ ઑસ્પિટલમાં જઈ એની ખબર કાઢતો, ફૂલો લઈ જતો. સરકસનો માલિક છોકરી સાજી થતાં એને લેવા આવવાનો હતો તે પ્રમાણે આવ્યો, પણ એણે એક ધૂની પાગલને એના ખાટલા પાસે ચોકી કરતો જોયો. બંને ચડભડી ઊઠચા, વાત વધી ગઈ, જીભાજોડીમાંથી હાથોહાથ પર પણ આવી ગયા. આખરે અમુક રકમ નક્કી કરી લેટિટાને છૂટી કરવાનું માલિકે નક્કી કર્યું. આટલી નાની બાળકી પર આશક થએલો તે એલ્મર હતો. એને લાગ્યું હતું કે બચ્ચું કોઈ ખાનદાન માબાપનું ફરજંદ છે, પણ અકસ્માત કોઈ ઠગાઉગીર ટોળકીને હાથે ચડી ગયું છે. બચ્ચાનો ભૂતકાળ શોધવા મથામણ કરવી એ નકામું છે.

એલ્મરે જ એ બચ્ચીને લેટિટા નામ આપ્યું; એના અવયવોને ચાલાકી ને સંસ્કાર આપવાનું કામ માથે લીધું.

આમ તો એનું નાનકડું ઘર હોલાંડમાં હતું. ત્યાંના દરિયાકાંઠે બેસી એ ધૂનમાં આવે ત્યારે બેપાંચ ચિત્રો ચીતરી નાખતો. એ વેચાતાં અને એને ઠીક પૈસા મળી જતા. ઘર બંધ કરી એ લેટિટાને લઈ બાર્સીલોના ગયો. ત્યાં ગામને નાકે ખૂણામાં એણે આ બાળકી માટે જ નિશાળ શરૂ કરી. સવાર બપોર અને સાંજ એ લેટિટાને ભણાવતો; ભણાવતો અને શીખવતો. ઘર એકાંતમાં હતું, પણ થોડે દૂર એક નાની લાઇબ્રેરી હતી. લેટિટા જાતજાતની કવિતા વાંચતી. એણે હાઈન, મ્યુસે, વર્લેં, વરહારાન, હ્યુગોનાં કાવ્યો વાંચી નાખ્યાં હતાં. થોડીક કવિતાઓ તો ગોખી પણ નાખી હતી. એલ્મરે એને ગટે સમજાવ્યો હતો.

પણ એલ્મરનો મુખ્ય હેતુ તો લેટિટાના હાથપગમાંથી વાચા પેદા કરવાનો હતો. એના શરીરને એણે મઠારીમઠારી હલકું બનાવ્યું હતું.

તાલીમ કારમી હતી, જીવલેણ હતી. તાલ, તાલ અને તાલના પ્રમાણમાંથી હૃદયની સંવેદનાઓ ઉપસાવવાની હતી. નાસી જતાં થતો ઉદ્વેગ, આનંદનો તન્મનાટ, વિયોગની વિહ્વળતા, અધીરાઈ, અદેખાઈ, ઉન્માદ વગેરે ભાવો એ રોજ બતાવતો, રોજ નચાવતો. હવામાં ફૂલ ચૂંટાવી, દાતરડાં પકડાવી, હાર ગૂંથાવતો, છરીઓ ભોંકાવતો. એ હુકમ કરતો અને લેટિટા ભાવ વ્યક્ત કરતી. કેવળ અનુકરણ થતું તો એ ધમપછાડા કરી નવું બતાવતો, શરીર પાસે એ ધાર્યું કામ લેતો.

પછી તો એણે એને ઠેરઠેર ફેરવી. બોલેરો, ફંડાગો, ટારંટેલા, પોલ્કા વગેરે વિવિધ નૃત્યો થતાં બતાવ્યાં. જૂના ક્રિીક અને કારપેઇન નૃત્યોના પ્રયોગો કરી બતાવ્યા. ઝ્યુસ દેવતાની સમક્ષ થતાં મ્યુઝિઅનાં નૃત્યો બતાવ્યાં. આરટેમીસ, ડેલોસ, થિસ્મૂસનાં નૃત્યો બતાવ્યાં.

નાક વિષે આ તમે જાણતા હતા?

માનવીની મુખાકૃતિને તેમજ તેના વ્યક્તિત્વને શોભાવતું કોઇ અંગ માનવદેહમાં હોય તો તે તેનું નાક છે. નાક વિનાનું માણસ જેટલું બદસૂરત લાગે છે એટલું બીજા કોઈ પણ અંગના અભાવે નથી લાગતું. એટલા માટે તો 'નાક'નો લાક્ષણિક અર્થ સ્વમાનશીલતા કે ઇજ્જત તરીકે ઘટાવવામાં આવે છે, અને માનભંગ કે બેઇજ્જતી સહી લેનારને 'નકટા'ના વર્ગમાં મૂકવામાં આવે છે. જૂના સમયમાં કોઈ પણ વ્યક્તિની વધુમાં વધુ બેઇજ્જતી કરવી હોય તો તેનું માથું સલામત રહેવા દઇને માત્ર નાક વાઢી લેવામાં આવતું. જગતના મહાન ખગોળશાસ્ત્રીઓમાં જેની ગણના થાય છે એ ડૅનિશ વિજ્ઞાની ટાઇકો બ્રાહીનું નાક જ એના પ્રતિસ્પર્ધીએ દ્વંદ્વયુદ્ધમાં ઉડાવી દીધેલું. બ્રાહીએ આથી સોનાનું નાક ધારણ કરીને પોતાની મુખાકૃતિની શોભા જાળવી રાખવાનો પ્રયાસ કરેલો.

ઘાટીલું નાક જેમ ચહેરાની શોભા વધારે છે તેમ આ ઘાટહીન નાક તેને કદરૂપ પણ બનાવે છે. ઇતિહાસમાં એવું સૌથી કદરૂપું નાક ફ્રેન્ચ સાહસિક ને સૈનિક તેમજ નાટ્ય અને કટાક્ષના લેખક સીરાનો દ બર્જરાક(૧૬૧૯-૫૫)નું નોંધાએલું છે. એના નાકની હાંસી ઉડાવનાર ૧૦૦૦ જણ સાથે એ દ્વંદ્વયુદ્ધમાં ઊતરેલો, જેમાં ૧૨ને તો એણે જાનથી ખત્મ કરી નાખેલા. એડમંડ રોસ્ટાંડે એના પર નાટક લખીને એને અવિસ્મરણીય બનાવેલો છે.

આજે નાટક અને સિનેમાએ મુખસૌન્દર્યનાં જે ધોરણો સ્વીકારેલાં છે તેને અનુરૂપ પોતાનાં નાક બનાવવા નટનટીઓ તે પાછળ પુષ્કળ ખર્ચ કરે છે. એકલા પારીસમાં જ રોજ સરેરાશ દસ સ્ત્રીઓ પોતાના નાકનો ઘાટ બદલવા નિષ્ણાતો પાસે ઉપચાર કરાવે છે, જેમાં છ સ્ત્રીઓ તખ્તા કે પરદા પર કામ કરતી નટીઓ હોય છે. નાકને ઘાટ આપવાની આ કલા પ્રાચીન કાળે આપણા દેશમાં પણ પ્રચલિત હતી. જુદા જુદા ઘાટનાં નાકને બંધ બેસે એવા અલંકારો આપણા દેશમાં જેટલા શોધાયા એટલા ભાગ્યે જ બીજા કોઈ દેશમાં શોધાયા હશે. પુરાતત્ત્વવેત્તાઓના જણાવ્યા મુજબ આજથી ૩૦૦૦ વર્ષ પર પણ હિંદમાં નાકને લગતી 'પ્લાસ્ટિક સર્જરી' પ્રચલિત હતી. હિંદુઓની આ શલ્યક્રિયા મધ્યયુગમાં ઈટલીએ અપનાવી. પંદરમી સદીનો ઈટાલિયન સર્જ્યન બ્રૅન્કા એવો પ્રસિદ્ધ શલ્યશાસ્ત્રી હતો. પરંતુ એના પછી એ પરંપરા ચાલુ રાખનાર બીજા શલ્યશાસ્ત્રી ગૅસ્પેરી તાગ્લીઆકૉન્સીને (૧૫૬૪-૯૯) મૃત્યુ પછી કબ્રસ્તાનમાં દાટવા દેવામાં નહોતો આવ્યો, કારણ નાકને ઘાટીલાં બનાવવામાં એની સફળતા સેતાનને આભારી ગણવામાં આવેલી!

પ્રસિદ્ધ ઈટાલિયન કલાકાર લીઓનાર્દો દ વિન્ચીએ મનુષ્યના નાકના કુલ આઠ પ્રકાર ગણાવેલા છે. આપણા વૈદક તેમજ સામુદ્રિક શાસ્ત્રમાં પણ નાકના આકાર અને લક્ષણભેદ ગણવામાં આવ્યા છે. ૧૮૧૯માં લખાએલા ટી. કુકના 'મુખલક્ષણશાસ્ત્ર'(Science of Physiognomy)માં જણાવ્યા મુજબ નાકની લંબાઇ મસ્તકના ચોથાભાગ અને ચહેરાના ત્રીજા ભાગ જેટલી હોવી જોઇએ. લેવેટરના

જૂના ફાંકવાના ડીપીલોનના મ્યૂઝિયમોમાં સંઘરેલાં વાઝ ઉપરનાં ચિત્રો બતાવ્યાં. ચારે દિશામાં ફેરવી. અંગેઅંગમાંથી અભિનય ને એમાંથી ભાવ તારવવાની શક્તિ સચેતન કરી મૂકી. ગુરુએ શિષ્યાને સખતમાં સખત શિસ્તપાલન કરાવી ભારેની તાલીમ આપી. શિષ્યાએ ભક્તિભાવે એને વળગી રહી, એનામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી જ્ઞાન પ્રાપ્ત કર્યું. એલ્મરે લેટિટામાં માનવે સરજેલી ચિત્રોની, શિલ્પની, કાવ્યોની અમર કૃતિઓ પ્રત્યે અનુરાગ સંકોર્યો, હલકી અને બીભત્સ વૃત્તિઓ પ્રત્યે ઘૃણા અને નફરત પેદા કરાવી, ક્ષણિક અને ક્ષુલ્લક કામનાઓ સામે ટક્કર ઝીલવા મુલાયમ છતાં હૃદયને કઠણ બનાવતાં શીખવ્યું.

એથી એ નાચતી ત્યારે સાગરની વિશાળતા, તારક પ્રદેશનું નિગૂઢ મૌન, ગિરિશિખરોની અગાધ શાંતિ તે હાથના વળાકામાં વ્યક્ત કરી શકતી, હૃદયને પુલકિત કરી વિવિધ પ્રકારનાં ફૂલોનાં મનોહર હાસ્ય મુખ ઉપર પ્રદર્શિત કરી શકતી, પોતાના આત્મનિમજ્જન વડે પ્રક્ષકોનાં હૃદયમાં અનેરા અનિર્વાચ્ય સંવેદનો જન્માવી એમને ધારેલા રસમાં તલ્લીન કરી શકતી. એ ઉન્માદક અને આહ્લાદક થઈ, પગના ઠેકામાં શિખરો ઉછાળવાની તાકાત બતાવી, મુલાયમ અને મરોડદાર ઠમકામાં ભલભલાં વ્યગ્ર હૃદયોને પણ ઠારીને ઠાવકાં બનાવી શકતી.

રાતના બરાબર બે વાગ્યા હતા. કડકડતી ઠંડીએ બહાર પર્વતોને ઠારી દીધા હતા. અમને એણે હવે આરામ લેવા કહ્યું અને એ ઊઠયો. એને ગરમ કૉફી જોઈતી હતી, પણ એ ટાણે એને કૉફી કોણ આપે? અમે ઉપર જવા દાદર ચડતા હતા, એ લેટિટાને ગરમ ઓવરકોટ ઓઢાડી દરવાજા તરફ બહાર દોરવી લઈ જતો હતો.

સવારના નાસ્તા વખતે બંને અમારી જ સાથે ગોઠવાયાં હતાં. એલ્મર શાંત હતો. લેટિટાના દિલમાં જ્વાળામુખીનો રસ ઊકળતો હોય એમ એના મોં પરથી લાગતું હતું. ઠીક પ્રમાણમાં કૉફી પીધા પછી, ખાસ ખાધા વિના જ બંને ઊઠયાં. આઠ વાગ્યે ઊપડનારી બસમાં બધાં ગોઠવાયાં ત્યારે લેટિટા અને એલ્મર અમારી આગળની બેઠક પર આવી બેઠાં. બંને અવાક હતાં. સવારના સેંટ મૉરિત્ઝનું સરોવર પણ એટલું જ અવાક હતું. એની પ્રદક્ષિણા ફરી અમે સિલ્વા પ્લાના થઈ માલોજા નામના ગામમાં ગયાં. ડુંગરાઓ, ખીણ અને મનોરમ ખેતરોમાં હરીફરી અમે પાછાં આવ્યાં, અને ડાવોસને રસ્તે ઊપડયાં. ડાવોસમાં બપોરના ખાણા પછી લેટિટાની આંખમાં ઊંઘ નહિ પણ આંસુ ઊભરાતાં જણાતાં હતાં. એલ્મર હજી એવો જ શાંત બેઠો રહેતો.

સ્વિટ્ઝરલૅન્ડને અડીને પૂર્વમાં યુરોપની નાનામાં નાની એક રિયાસત ખડી છેઃ પાંચ સાત ગામનું નાનું રાજ્ય, નામે લાઈચેન્સ્ટાઇન. એનો રાજા વાડુઝ ગામમાં રહે. ત્યાં રસ્તે નાનકડી ફરતી પોસ્ટ-ઑફિસને એક ફેરીઓ હાથગાડીમાં ખેંચે. એ ત્યાંના જાતજાતના સ્ટૅમ્પ વેચે. પ્રદેશ રળિયામણો તે જુએ ને એટલામાં જ 'રાજા' પગપાળો ફરતો મળી જાય તો બે બોલ વાત કરે. ત્યાં પણ એલ્મર અને લેટિટા ભયાનક મૌન સેવી બેસી રહ્યાં. હાઈન ઓળંગી, રેપર્સવેલ થઈ સાંજ સોરા અમે ઝ્યુરિક પહોંચ્યાં ત્યાં સુધી મામલો એવો જ રહ્યો.

ઘણાં ઝ્યુરિકમાં છૂટાં પડવાનાં હતાં. અહીંથી ઊપડી હવે બેર્ન જવાનું હતું, છતાં કેટલાક તો રાત ઝ્યુરિકમાં જ ગાળવાનાં હતાં. ડૉ. દસ્તુરને સવારના આંખની ઑસ્પિટલમાં જવાનું હતું એટલે એ તો જઈને હૉટલમાં સૂઇ ગયા. પણ એલ્મર મને રાતના ઑપેરામાં લઈ જવા આગ્રહ કરી રહ્યો હતો. જમતી વખતે એલ્મરે ઝ્યુરિક વિષે બેત્રણ રસિક વાતો કહી. આપણે શરૂઆતમાં ઝ્યુરિક આવી તો ગયા જ હતા, પણ વારંવાર જતાં કેવું નવું જાણવાનું મળે છે એ જાણ્યું.

જણાવ્યા મુજબ નાકની લંબાઈ કપાળની પહોળાઈ બરાબર હોવી જોઇએ.

સાહિત્ય-જગતમાં અનેક સાહિત્યકારોએ તેમની નાયિકાઓનાં સુંદર નાકનાં વર્ણનો કરેલાં છે, પરંતુ વસ્તુજગતમાં સુંદર નાક પરની એવી ફિદાગીરીનો દાખલો તાજેતરમાં અવસાન પામેલા એક ફ્રેન્ચ દાક્તરનો છે. તે પોતાની પાછળ મોટું ભંડોળ મૂકી ગયો છે, જેમાંથી દર વરસે અમુક રકમ જેનું નાક સૌથી સુંદર સાબિત થાય તેને આપવાનું પોતાના વસિયતનામામાં તે જણાવતો ગયો છે! કોઈ પણ દેશના નાગરિકને આ હરીફાઈમાં ભાગ લેવાની તેણે છૂટ મૂકેલી—એકમાત્ર રશિયન સિવાય. પરંતુ મૅજિસ્ટ્રેટોએ તેનું આ પ્રકારનું વસિયતનામું મંજૂર નથી રાખ્યું.

આધુનિક સમયમાં સૌથી બેડોળ નાક કોઈનું નોંધાએલું હોય તો તે અમેરિકન કરોડપતિ પીઅરપૉઈન્ટ મૉર્ગનનું. એણે પોતાના નાક પર બાઝેલી ભીંગડા જેવી લાલાશ દૂર કરવા મોટી રકમની ઑફર કરેલી, પણ દુનિયાભરના ચામડીના નિષ્ણાતોમાંથી કોઇ તે નિવારી શકેલું નહિ.

બેડોળ નાક શરમને બદલે ક્યારેક ગર્વનો વિષય પણ બની શકે છે. ફિલ્મજગતમાં કામ કરતા જિમી ('શ્નોઝલ') ડુરાંટને તેના બેડોળ નાકને લઇને જ હાસ્યનટની ભૂમિકા સાંપડેલી છે અને એ ભૂમિકા ટકાવી રાખવા પોતાના બેડોળ નાકનો ૫૦,૦૦૦ પૌન્ડનો તો તેણે વીમો ઉતરાવેલો છે!

મુખશોભા તરીકેની નાકની મહત્તા બાજુએ મૂકી વિચારીએ તો શરીરના એક અંગ તરીકેની તેની ઉપયોગિતા તેની ઘ્રાણશક્તિ અથવા સૂંઘવાની શક્તિમાં રહેલી છે. જો કે માણસ કરતાં બીજાં પ્રાણીઓમાં સૂંઘવાની શક્તિ ઘણી વધારે હોય છે. દાખલા તરીકે માણસના નાકના ઉપરના થોડાક ભાગમાં જ સૂંઘવાની શક્તિ ધરાવતા ઘ્રાણકોશો પથરાએલા છે જ્યારે હરણના અડધા જેટલા નાક સુધી એ પથરાએલા છે. વળી માણસજાતમાં પણ વ્યક્તિ દીઠ તેની તીવ્રતામાં ઓછાવત્તો ફેર રહે જ છે. કેટલાકની સૂંઘવાની શક્તિ અત્યંત તીવ્ર હોય છે જ્યારે કેટલાકની સાવ બુઠ્ઠી. બર્લિનમાં ગૅસ સળગી ઊઠીને અકસ્માત ન થાય તેની સાવચેતી ખાતર એક કાળે ખાસ 'ગૅસસૂંઘી કાઢનારા' રાખવામાં આવતા જેઓ ક્યાંયથી પણ ગૅસ 'લીક' થતો હોય તો તરત



પોતાની ગંધશક્તિ વડે શોધી કાઢતા. સામન કવિ માર્શલે એક કંસારાનો દાખલો ટાંકેલો છે જે એની સામે ધરવામાં આવેલું તાંબુ સૂંઘીને જ કહી આપતો કે તે ગ્રીસની ધરતીનું હતું કે ઇજીપ્તની અથવા તો આફ્રિકાના અન્ય કોઈ ભાગની. રણપ્રદેશમાં મુસાફરી કરતા બહુ લોકો એક વસતિસ્થળથી બીજા વસતિસ્થળનાં અંતર તેમજ દિશાનું માપ કેવળ પોતાની ઘ્રાણશક્તિના આધારે જ કાઢતા હોય છે.

કેટલાક લોકો સ્વભાવે જ ગંધજડ હોય છે. તેઓ કશી વાસ પારખી શકતા નથી હોતા. કહેવાય છે કે મહાત્મા ગાંધીજીને કશી વાસ જ આવી શકતી ન હતી. ડૉ. રોઝમેરી સી. ખઇન લેન્ડના કહેવા પ્રમાણે માણસજાતમાં ગંધજડતાનું પ્રમાણ રતાંધળાપણા જેટલું જ છે અને તે વારસાગત ઊતરી આવે છે. એવું અનુમાન કરવામાં આવે છે કે સેંકડે બાર માણસો ગંધજડ હોય છે.

ઝૂરિક બહુ જૂનું શહેર છે. ઇસુની પહેલાં રોમનોએ એ બાંધેલું એમ પણ કહે છે. લગભગ હજાર-બારસો વર્ષ પહેલાં અહીં જર્મન રાજા શાર્લમેનનું રાજ્ય હતું, અને શાર્લમેન માટે અનેક દંતકથાઓ પ્રચલિત છે. એમાંની એક વળી ઓર, તે એલ્મરે જમતાંજમતાં કહી. રાજા ન્યાયી, એટલે ઢંઢેરો પિટાવ્યો કે જન કે જનાવર, પ્રાણીમાત્ર જેને ન્યાય જોઇએ એણે એના રાજ્યમહેલની બહારનો ઘંટ વગાડવો. એક વાર એમ જ ઘંટ સંભળાયો અને દરવાનોએ દરવાજા ખોલ્યા, પણ બહાર કોઇ માણસ નહિ જણાતાં દરવાજા બંધ કરવામાં આવ્યા. ફરી વાર ઘંટ વાગ્યો, પણ તો યે કોઇ જણાયું નહિ. આખરે રાજાને થયું કે માણસ નહિ હોય તો પ્રાણી હશે, માની પોતે બહાર જોવા ગયો તો ત્યાં એણે એક સાપણને દોરડે ટંગાઇને ઘંટ વગાડતી જોઇ, અને એ સાપણ એને પોતાના દરમાં દોરી લઈ ગઇ. ત્યાં એક મોટો દેડકો એનાં ઇંડાં પર બેઠેલો જોયો. રાજાએ એને પકડી એનો વધ કરાવ્યો. બીજે દિવસે રાજા ખાણું લેવા બેસે છે ત્યાં ઘંટ સંભળાયો. દરબારીઓએ દરવાજા ઉઘાડ્યા, તો સાપ સડસડાટ મહેલમાં ધસી આવ્યો, ટેબલ પર ચડ્યો ને રાજાના ભાણા પાસે મૂકેલા મોટા સોનાના કટોરામાં ટર્ડાંગ દઇને એક મોટો મણિ મૂકી એ પાછો ચાલતો થયો. એ શાર્લમેનનો ન્યાય હજી ઝૂરિકમાં પ્રકીર્તિત છે.

ના, પણ લેટિટાને આ વાતમાં કશો રસ પડે નહિ. બાર કલાક થયા, પણ એ તો એનો બધો તરવરાટ ક્યાંક ખોઈ બેઠી હતી. કારણ, હાઈન નદી લઈ ગઇ? કે રસ્તે આવતાં બાંધેલાં કેટલાંક બીઅરનાં કારખાનાંએ તારો એ કસ કાઢી લીધો? કહેને લેટિટા! ઝૂરિકના વિશાળ સરોવરને કાંઠે રામી મોહોલ્લાને નાકે બાંધેલા સુંદર સ્ટાડ થીએટરમાં જવાને સૌકોઇ સ્ત્રી પહેરે એવો લાયક ઠાઠમાઠી પોષાક પણ એણે ન પહેર્યો, અને અમે વાગ્નરનો એક ઑપેરા જોવા જઈ બેઠાં.

થીએટર ચિક્કાર હતું. હોયજને? વાગ્નરનો ઑપેરા હતો એથી? ઑપેરાની જમાતમાં વાગ્નરે લોહેનગ્રીન લખીને એક નવી જ ભાત પાડી હતી. અહીં એનો જીવનવૃત્તાંત લખવો અસ્થાને છે, પણ ૧૮૧૩માં જન્મેલા રિચાર્ડ વાગ્નરને એક ફકરામાં સમેટી લઇએ તો જર્મનીના લાઈપઝિક શહેરના સિટી પોલીસ કોર્ટના કારકુનનો એ દીકરો. પાંચ મહિનાનો થયો કે બાપ લાઇપઝિકની લડાઈમાં ફાટી નીકળેલા રોગચાળામાં ગુજરી ગયો. મા ગરીબ તે આખરે ફરીથી લુડવિક ગેયરને પરણી. એ નાટકકાર ને નટ, એટલે નાટકો જોતાં રિચાર્ડે સંગીત શીખ્યો, ભણ્યો, મોટો થયો, નટી વિલ્હેમિનાને પરણી રિગાની કલાશાળામાં સંગીતનાં આયોજન કરવા મંડ્યો. બાલ્ટિકમાંથી વહાણમાં લંડન જવા નીકળ્યો. રસ્તે ત્રણવાર વહાણ ડૂબતાં બચ્યું. પારીસ ગયો. ૧૮૪૦થી ૫૦ની સાલમાં 'ફ્લાઇંગ ડચમૅન' અને બીજા ઑપેરા લખ્યા. '૪૭માં એનું લોહેનગ્રીન, કોઇએ હાથમાં ઝાલ્યું નહિ. '૪૮-'૪૯માં જર્મનીમાં બળવો ને લાઈપઝિકમાં મારામારી, એમાં એને નાસવું પડ્યું. બીજાના પાસપોર્ટે એ નાઠો ને અહીં ઝૂરિકમાં આવી સંતાયો. પછી ૧૮૫૦માં ફ્રાન્ઝ લિઝ્ઝે જર્મનીમાં લોહેનગ્રીન રજૂ કર્યું, અને એમાંના સંગીતે યુરોપને મંત્રમુગ્ધ કરી દીધું. ઈ. ૧૯૫૦માં, સો વર્ષ પહેલાં સંતાએલા વાગ્નરની એ અજબ કૃતિની શતાબ્દી ત્યાં ઊજવતા હતા, એટલે ઝૂરિકવાસીઓને તો, 'એની ફ્લાઇંગ ડચમૅન' કે 'ટાનોહૉસર,' અથવા તો રમણીય અને મનોરમ 'એની ટ્રીસ્ટન ઇસોલ્ડા' કે જર્મન લોકકથામાં અદ્ભુત ભવ્ય વિશાળ ભાવનાવાળી 'રાઈનગોલ્ડ,' યા નિબેલુંગની વીંટીની કૃતિઓ કરતાં પણ લોહેનગ્રીન વધારે ગમે એ સ્વાભાવિક છે.

ઑપેરાની સૃષ્ટિમાં વાગ્નરનું સંગીત અનોખું અને સહેલાઇથી



અનુકરણ ન થઇ શકે એવા પ્રકારનું, અત્યંત ઉચ્ચ કોટિનું ને ઑપેરેટિક સંગીતમાં નાટકનાં તત્ત્વોને સંપૂર્ણ ન્યાયઆપનારું,ઊર્મિભર્યું, સંવેદનાશીલ ને કલ્પનાને ઉત્તેજે એવા પ્રકારનું છે. એ ગુજર્યો ૧૮૮૩માં, છતાં એ એની દુનિયામાં અનોખો છે. એની આગળથઇ ગએલા ગ્લુક, મોત્સાર્ત કે બિથોવન મહા ઉસ્તાદો ખરા, પણ નાટક,સંવાદછટા અને સંગીતવાદ્યો સાથેની વિશાળ સૂરાવલીઓની રમઝટમાં લયની માધુરી સાધવામાં એ એક્કો જ છે.

લોહેનગ્રીનની વાત રોમાંચક છે. ગાદીનો વારસ એકાએક ગુમ થઈ જાય છે અને એને ગુમ કરવાનું આળ એની બહેન પર છે. અંદરની રાજખટપટો અને બહેનને બચાવવા દૈવી લડવૈયા તરીકે પારસીફલના દીકરા લોહેનગ્રીનનું આવવું, યુદ્ધ, ઘા, મોત વગેરેના સંજોગો, એ બધું વાગ્નરે સંગીતમાં તરેહવાર બુટ્ટાઓ સાથે ઉઠાવ્યું છે.

સંગીતની ખુમારી ભારે ચડી હતી. બહાર નીકળ્યાં ત્યારે કશી વાતચીત થઈનહિ. વાગ્નર નસેનસમાં તરવરી રહ્યો હતો. ફરતા લોહીમાં વાદ્યોના સંવાદી સૂરોના આલાપ સંભળાતા હતા. ગણગણવાની કે ગુંજન કરવાની પણ કોઈની શક્તિ નહોતી. કદીક એકાદ ઊર્મિ ઊછળતી, તો ચેલો જેવાં મોટાં વાદ્યોના સૂરો એને ડારી દેતા; કચરાતી ઊર્મિની ઝીણી ચીસ નાની એકાદી રક્તવાહિની નસમાં વાયોલીનના ચમકારા જેવી ઝબકી ઊઠતી; ઉદ્વેગ થતાં બધાં જ વાદ્યો આલ્હાદક સૂરાવલીઓમાં ચેન ચડાવતાં.

બીજે દિવસે મોડા ઊઠવા વિચાર હતો, પણ એલ્મર જુદા જ મૂડમાં હતો. નાસ્તા પહેલાં જ એણે એક ખાસ રોકેલી ગાડીમાં ઉત્તરમાં શાફ્ટોસન—ટૂંકમાં હાઈનના ધોધ–જોવા જવાનું નક્કી કરી દીધું હતું. વિન્ટરથૂરમાં નાસ્તો કર્યો, અને અમે હાઈનના જલધોધ સામે આવી પહોંચ્યા. જૂની જગ્યા. એલ્મરે, રસ્કિને આ ધોધ વિષે લખ્યું છે એની યાદ આપી, અને એણે એક હજાર વર્ષ જૂના દેવળ ઉપર કોતરેલો મુદ્રાલેખ બતાવ્યો. શિલરે 'સૉંગ ઑવ ધ બેલ'ની કવિતા અહીં આ વાંચી લખી હતી, તેના કેટલાક શ્લોક બોલી સંભળાવ્યા.

ધોધ જોઇને લેટિટાનું હૃદય વધારે થીજેલું લાગ્યું. બેના સંબંધની કશી ગમ પડતી નહોતી. વચગાળે બે જણા પોતાની જબાનમાં પણ કંઈ ખાસ વાત કરતાં સંભળાતાં નહોતાં. જે થયું, ચર્ચાયું તે સેંટ મૉરિત્ઝમાં, તે ઠંડી રાતે બરફના ચોગાનમાં. એ રાતનું થીજેલું લેટિટાનું હૈયું હજી સૂરજદેવે ચકચકાવેલા નિર્મળ ઝરતા જલધોધ જોઇને પણ ઓગળ્યું લાગતું નહોતું.

પાછાં ઝ્યુરિક આવ્યાં. હું સાંજની એક ફાસ્ટ ગાડીમાં બેર્ન જવાનો હતો એની એલ્મરને ખબર હતી. પાંચ વાગ્યે એણે મને ગુડબાઈ કરી અને ભારત વિષે કરેલી અનેક વાતો સાંભળીને એને થએલી ખુશી પ્રગટ કરીને ભાવભર્યા ઊમળકાવાળા શેકહૅન્ડ કરી એ છૂટો પડ્યો. લેટિટા ત્યારે સાથે નહોતી. એ પણ એને વિષે કશું બોલ્યો નહિ ને છૂટો પડ્યો. જાણે આખર સલામ, આલબેલ, ખુદા હાફિઝ, છેલ્લી વિદાય.

હું મારી નાનકડી બૅગ લઈ ઝ્યુરિકના સ્ટેશનના પ્લૅટફૉર્મ પર દાખલ થાઉ છું ત્યાં લેટિટા મળી અને હું બેઠેલો ત્યાં જ આવી બેઠી. બે ત્રણ મિનિટમાં ગાડી ઊપડી, અને એ એકનાના બચ્ચાની માફકરડી, ખૂબરડી.

'એલ્મર ગયો. બ્યાં પેનિબલ, નથી ખમાતું! મારો ઍંજલ, મારો ગૉડ, મારો બાપ, મારું સર્વસ્વ. મસ્યુ મહેતા, પારદોં, પણ હું રડીશ. એણે મને ઉછેરી, શીખવાડ્યું, સંસારના કાવાદાવા સામે થવા મને જ્ઞાન આપ્યું, ડાન્સનું એકેએક પાસું શીખવ્યું. હવે એ કહે છે કે તું નિપુણાત થઈ ગઈ, ચતુર બની, જા સંસારમાં તારો માર્ગ તું તારી મેળે વટાવી લે. ન ન ન ના, હું શું કરું? રડું,–એલ્મર ગયો......

તે સાંજે હું નાચવાની હતી, યાદ છે? પણ એ મને બહાર દોરવી લઈ ગયો. અમે ખૂબ ચાલ્યાં, પછી બેઠાં. એણે મને ગોદમાં લઇને ખૂબ શિખામણ આપી, મારી પાસે વચનો લીધાં કે મારે શોક કરવો નહિ, રડવું નહિ, મારે મારો સાથી શોધી કાઢવો, નહિ તો નૃત્યકળાને વરેલા રહેવું. કેટકેટલા શિખામણના સુંદર લાડકોડના હૂંફાળા બોલ એ બોલી ગયો. એલ્મર! વજ્રનું એનું હૈયું! તે રાતે પણ એણે મારા દેખતાં તો આંસુ નથી જ સાર્યું, પણ એની મારે માટેની અથાગ લાગણી. એણે શું શું નથી કર્યું? હવે એ ચાલ્યો ગયો: ક્યાં, શું કરવાનો છે, ક્યા જવાનો છે એ કશું કહ્યા વિના. કદાચ મૅડ્રિડ જઇને રહે. પણ જ્યાં હોય ત્યાં મને જવાની મના કરી ગયો છે. એ અખબારોમાં મારી તારીફ વાંચશે અને ખુશ થશે એમ કહેતો હતો. પણ હું માનું છું કે એ હવે સઘળું ભૂલી જશે, સંસારમાંથી અળગો થઈ જશે, રખડશે, ભટકશે, મંક થઈ જશે,—ઓ ઓ મસ્યુ, પારદોં......'

લેટિટા બહુ રડી. અને કેમ ન રડે? અને એલ્મરે પણ હદ કરી. હું તો એ ગુરુ-શિષ્યાના આ વિલક્ષણ સંબંધના વિચારે ક્યાંનો ક્યાં ચગી ગયો હતો, ત્યાં તો બેર્નનું સ્ટેશન નજીક આવ્યું. લેટિટાએ મારી વિદાય લેવા માંડી. એ જીનીવા થઈ ફ્રાન્સની દક્ષિણે જવાની હતી. મને સરનામાં આપતી ગઈ, લેતી ગઈ. પાછા સ્ટેશન પર એ જ ઊભરા, ઊમળકા. હાઈનના ધોધ જેવાં આંસુ ઊભરાયાં. મેં એને બેર્ન થોભી જવા કહ્યું, પણ એણે ના પાડી: 'ના, હવે મને એકલી જ મૂકો. ગુરુએ ધાર્યું છે તેમ જ થવા દો. એણે વિચાર્યું હશે એમાં ક્યાંય ભૂલ નહિ હોય. ઓ એલ્મર! એલ્મર ધ ગ્રેટ, ગ્રાન્ડ, મારો દેવ...'

ટ્રેન ઊપડી. હું પ્લૅટફૉર્મની બહાર હજી તો ગયો નથી ત્યાં એક ધીમો હાથ મારા ખભા પર પડ્યો: 'ઝે પ્રીફેર દ કૉફી. ચલો, એકાદ કપ કૉફી પીએ દીકરા, પછી જઇએ. પોટ્રીને તેં બહુ રડાવી!'

સ્ટેશનના જ રેસ્ટોરાંમાં અમે બેઠા.

'લેટિટાને એલ્મર–'

'દીકરા, મને બધી ખબર છે. એલ્મર મને બી મલી ગયો અને આ જ ટ્રેનમાં જવાનું મને પણ સૂચવતો હતો. તમે બે બેઠાં હતાં, એટલે હું જરા બાજુમાં જ બેઠો. રડવાની તો એ હતી જ, પણ શું થાય? શું જિંદગી છે! ચલ એક બીજું કપ લે.'

ખૂબ વાતો કરી ડૉ. દસ્તુરે અને મેં છેક મોડી રાતે ગુડનાઈટ કરી.

છોકરી પ્રેમની 'કિંમત' જાણે છે, અને છોકરો પ્રેમનો 'ખર્ચ'!

બિલ્ડિંગ મૅનેજર એક એવી વ્યક્તિ છે કે જે પહેલાં તમારા મકાનના પ્લાનનો ડ્રાફ્ટ ઘડે છે અને પછી તમારા બૅન્કના ડ્રાફ્ટના પ્લાન ઘડે છે.

વચલું માણસ



પ્રબોધ જોષી

એક ઉક્તિ છે કે 'દુનિયાના બધા પુરુષો કંઇ મૂર્ખા નથી હોતા; કેટલાક કુંવારા પણ હોય છે.' આ વાત અમે બસમાં મુંબઈમાં સાંભળી હતી.

જેમજેમ એ વાત ઉપર અમે વિચાર કરતા જઈએ છીએ તેમતેમ તેની સચ્ચાઇ વિષે વધુ ને વધુ ખાતરી થતી જાય છે. પણ આમાં હવે કંઈ વળે તેમ નથી. એક પ્રસંગ યાદ આવે છે. મેં એક મિત્રને પૂછ્યું કે 'તમે પરણેલા છો?' તેણે કહ્યું 'હા.' મેં પૂછ્યું 'ક્યારે પરણેલા?' તેણે કહ્યું 'ખબર નથી.' મેં આશ્ચર્ય સાથે પૂછ્યું કે 'તમે ક્યારે પરણેલા તેની યે તમને ખબર નથી?' તેમણે કહ્યું ''ઓહ, તમે 'ક્યારે' પૂછ્યું! હું સમજ્યો કે તમે એમ પૂછ્યું કે 'કેમ' પરણેલા.'' જે જવાબ મારા મિત્રે આપ્યો તે દુનિયાનો દરેક પુરુષ આપશે. એમાં ભાષા, પ્રાંત કે વાદ કંઈ જ વસ્તુ નહિ નડે. આ એક આંતરરાષ્ટ્રીય ગૂંચ છે. દુનિયાના કોઈ જ પુરુષની પાસે જવાબ નથી કે તે 'કેમ' પરણ્યો.

મૂળ વાત સાહેબ, એમ છે કે પરણ્યા પછી જ માણસને ખબર પડે છે કે સ્ત્રીઓનાં વર્તન જરા વિચિત્ર છે. સ્ત્રી તમારી વિરુદ્ધ જાય ત્યારે તો તમને હેરાન કરે જ કરે, પણ જ્યારે તે તમને અનુરૂપ થવા ઈચ્છે ત્યારે પણ છેવટના સરવૈયે તો આપસાહેબ ખોવાના જ.

આ સત્યની પાછળ અમારી એક વીતક થા રહેલી છે. ઘણા વખત ઉપર એણે મને કહેલું કે 'રમેશ આપણે નવો સ્ટવ લાવવાનો છે.' મેં વાત ઉડાવી દીધેલી. પછી તો જેમ કોઈ ધાર્મિક પુસ્તકની વિધિ કે ફળમાં હોય છે કે **त्रिसंध्य यः पठेत स्वर्गमाप्नाति निश्चितम्** તે પ્રમાણે રોજ સુબાહની ચા વખતે, બપોરના ભોજન સમયે અને રાતના વાળુ વેળા 'રમેશ! આપણે નવો સ્ટવ...'ની જપમાળા ચાલવા માંડી. આપણે તો જાણીએ છીએ કે પુરુષને ભગવાને બે કાન એટલા માટે આપ્યા છે કે તેને કોઈ વાત કહેવામાં આવે તો તે એક કાને પેસી બીજા કાને નીકળી જાય. પણ અમારી આ બેદરકારી—નહિ ગણકારવાની નીતિમાં અમે એક વાત ચૂકી ગયા સાહેબ, અને તે એ કે સ્ત્રીને ભગવાને બે કાન એ માટે આપ્યા છે કે તેને કોઈ વાત કહેવામાં આવે ત્યારે તે બન્ને કાન દ્વારા પ્રવેશીને મુખ દ્વારા બહાર નીકળે!

લતાએ સ્ટવની જરૂરિયાત છે તેની ટેલ, છાપામાં ચર્ચાપત્રો દ્વારા કે સભા-સરઘસો દ્વારા જનતા પોતાની માગણી પોકારે છે તે રીતે નાખવા માંડી. આડોશપાડોશ, સગાંવહાલાં અને સમાજ-સોસાઍટીમાં બહુ વગોવાઈ ના જઈએ એ બીકે મેં નક્કી કર્યું કે હવે સ્ટવ તો લાવવો, પણ 'સર્પ્રાઈઝ પૅકેટ'ની પેઠે ઓચિંતા લાવીને તેને હર્ષાશ્ચર્ય અનુભવાવવું.

એકાદ સોદામાં મને જરા વધુ મળતર નીકળ્યું એટલે એ જ દિવસે સ્ટવ ઉપર હાથ અજમાવવાનું નક્કી કર્યું. બેત્રણ દુકાને ફર્યો. ભાવ માટે નહિ, માર્કા માટે. ભાવ ઠરાવવાની કે કસવાની આપણને મૂળથી જ ચીડ; અને લતા ભાવ કસ્યા વિના કંઈ જ લે નહિ. મારું ઘર આરામથી ચાલતું હોય તો તેમાં લતાનો જ ફાળો છે. બાર રૂપિયાની વસ્તુના વેપારી ૧૧ કહે ત્યારે 'અઢી રૂપિયામાં આપવી છે?' કહેવાની હિંમત લતામાં જ; આપણામાં એ હિંમત ન મળે.

એક સ્ટવ ખૂબ ગમ્યો. ભાવ પૂછ્યો. ૪૨ રૂપિયા કહ્યા. જિંદગીમાં પહેલી વાર મેં કહ્યું, 'વ્યાજબી કહી દો.' વેપારીએ તરત ૪૦ કરી નાખ્યા. એટલે મને પણ જરા મઝા આવી. મેં રકઝક શરૂ કરી. અંતે ૩૫માં પતાવટ થઈ. સ્ટવ લઈને આપણે ઘર તરફ ચાલ્યા.

આપણો જ વાંક! હેં, એકદમ આવું કેમ કહ્યું એમ તમે પૂછો છો? અરે, હું એમ કહું છું કે આ સ્ત્રીઓ આપણો આનંદ અરધો અને ખર્ચો બેવડો કરાવે છે તેમાં આપણો જ વાંક છે. આપણે આટલી બધી ગપ્પો મારીએ છીએ પણ સ્ત્રીઓને ખુશ કરવા માટે ખોટું બોલવાના અખતરામાંથી આપણે ઊંચા નથી આવતા. મને થયું કે લતા જો લેવા આવી હોત તો ૩૦થી શરૂ કરત. માટે આજે લતાને પણ ચમકાવી દેવી, અને હું સસ્તી વસ્તુ ખરીદી શકું છું એમ કહેવું. આપણામાં આ ભાવના વર્ષોથી છે. કોઇ પણ ચીજ પોતે સસ્તામાં લાવ્યા એ બતાવવું એ એક જાતનું ગૌરવ મનાય છે. મેં પ્લાન ગોઠવવા માંડ્યા. ૨૫ કહું? પણ ના ૨૫ કહું તો તો લતા એમ જ કહેશે કે ૨૫માં તો હું લાવી જ હોત. તો ૨૦ કહું? ૨૦ કહીશ તો ખુશ થશે? હેં? ના ના, થશે જ વળી. અને સ્ટવ તો દસ વર્ષે લાવવાનો હોય છે ને? હવેની વખતે વળી પંદરનો આવ્યો, એમ કહીશું.

અમે ઘેર ગયા. લતાને બૂમ પાડી. બૂમ પરથી જ તે સમજી ગઈ કે સ્ટવ આવ્યો છે. તેણે તે ઉઘાડ્યો. પછી પૂછ્યું 'કેટલાનો લાવ્યા?'

'તારે કિંમત સાથે શું કામ છે? કેવો છે એ કહે ને?'

લતાએ એક નજર સ્ટવ તરફ નાખીને કંઈ ગજબ ભાવથી કહ્યું 'ફાઈન!' આવું તો તેણે મારા પોતાના માટે પણ તેની બહેનપણીઓને લગ્ન પહેલાં નહિ કહ્યું હોય તેની મને ખાતરી છે.

'ના ના, પણ કહો તો ખરા, કેટલાનો લાવ્યા?'

'કેમ, તને શું લાગે છે?'

'તમે તો વધારે જ આપી આવ્યા હશો!'

'બસ કે? ધાર તો, કેટલાનો હશે?'

'એમાં ધારવાનું શું છે? લાવ્યા હશો વળી ૪૦ નો.' 'ના.'

'તો ૩૯?' 'ના.'

'તો શું ૩૭માં?' 'ના.'

'તો?' '૨૦માં!'

'વી...ઇ...સમાં?!!' અને તે હર્ષમાં આવી ગઇ. તેને જીવનમાં પહેલી વાર—આઇ ઍમ સોરી, લગ્નજીવનમાં પહેલી જ વાર લાગ્યું કે હું તેને લાયક છું. એણે આજે મારા તરફ જે ઊમળકો બતાવ્યો તે જોઈને તો મને પણ લાગ્યું કે એ લાગણી માટે પંદરમાં છાનામાના મૂંડાવું પણ વસૂલ હતું.

પણ, તમે તો જાણો છો, કે મારા નસીબમાં સુખ નામનો શબ્દ ભૂલેચૂકે પણ નથી. ત્રીજે દિવસે આખા પાડોશમાં—આખા માળામાં ખબર પડી ગઈ કે લતાને રમેશે ૨૦ રૂપિયામાં એવો 'ફાઈન' સ્ટવ લાવી આપ્યો છે કે ન પૂછો વાત!

અને જેમજેમ આ વસ્તુ આશ્ચર્યની બની રહી તેમતેમ જાણે કોઇ નરવીરને પરણનારી નારી માયકાંગલાની પત્નીઓને જલાવે તેમ લતાએ જોરશોરથી મારી ખરીદવાની શક્તિ-

નાં વખાણ ઠોકચે જ રાખ્યાં. પણ ભાઈ, એક કહેવત છેને કે બહુ હસે તે રોવા માટે.

ચંપાબહેને કહ્યું, 'મને એક સ્ટવ ના લાવી આપો, ભાઈ?' હું કહું તે પહેલાં તો લતાએ કહ્યું, 'વાહ! એમને ક્યાં કામ કરવાની આળસ છે? એ કંઇ ચંપકભાઈ જેવા નથી.' ચંપકભાઈ ચંપાના વરનું નામ.

ગીતાબહેને કહ્યું, 'મારે પણ સ્ટવ લાવવાનો છે, વાંધો ન હોય તો...'

લતા ઉવાચ: 'અરે ગીતાબહેન, એ તે કંઈ ભાગવતભાઇ જેવા છે કે ના પાડે?' ભાગવત એ ગીતાબહેનના ઘરવાળા.

સુધાબહેનને તો બોલવા જ દીધા વિના લતાએ કહ્યું, 'એ કંઇ અમૃતભાઈ જેવા નથી; લાવી આપશે.' સુધાબહેનને, પોતાને બોલવા પણ ન મળ્યું એ દુઃખ જરૂર થયું હશે.

ટૂંકમાં મારે ત્રણ સ્ટવ લાવવા પડચા, અને ૨૦ના જ છે એમ કહેવું પડ્યું. લતા પોતાની પાડોશણો આગળ મારો વટ પાડી એક રીતે પોતાનો (કોનો વર હોશિયાર એ હરીફાઇમાં) વટ પાડી રહી હતી અને આમ લતા અને પાડોશણોની હરીફાઈમાં વચલું માણસ માર્યું જતું હતું.

એકાએક રમાબહેને દર્શન દીધાં. રમાબહેન કોઈ દિવસ અમારે ત્યાં ન આવે. એમને એમના વર કુશળ વેપારી છે એવું અભિમાન હતું. એમણે જ્યારે '૨૦ રૂપિયામાં મળતો હોય તો મને લાવી આપો' કહ્યું ત્યારે માત્ર લતાને જ નહિ, મને પણ લાગ્યું કે ના, આમાં કંઈક મહત્તા છે ખરી. ભાઈ, આપણે તો લાવી આપ્યો. એ સોમવારની વાત.

મંગળવારે રમાબહેન પાછાં આવ્યાં: 'મારી બહેન આશા સુરતથી આવી હતી તેને સ્ટવ ખૂબ ગમ્યો ને રમેશભાઈ ૨૦માં લાવ્યા કહ્યું ત્યારે રમેશભાઈનાં તેણે ખૂબ વખાણ કર્યાં. એને માટે એક સ્ટવ ન લાવી આપો?'

વખાણ કરે પછી ના કેમ પડાય ભાઈ? લાવી આપ્યો. બુધવારે રમાબહેન પાછાં આવ્યાં: 'આશાએ આભાર કહેવડાવ્યા છે અને આજે વડોદરાથી મારાં મોટાં નણંદ માલતીબહેન આવ્યાં છે, તે તો સ્ટવ જોઇને ગાંડાં જ થઈ ગયાં! ૨૦ રૂપિયા રોકડા આપ્યા ને અબી હાલ આપી આવો એમ કહ્યું; લો.'

એમને લાવી આપ્યો.

ગુરુવારે પાછાં રમાબહેન હાજર થયાં: 'લતાબહેન, મારી નાની નણંદ રંજના જ્યાં પરણી છે તે શાંતાબહેનની પાડોશવાળાં હંસાબહેનને તો તમે ઓળખો, એ મળવા આવ્યાં હતાં. તેમણે સ્ટવ જોયો. તમારા રમેશભાઇ લાવ્યા છે જાણીને તો તરત તમારી વાત કાઢી અને તમારો સ્વભાવ તો મૂળથી જાણે, તે તમારાં ખૂબ વખાણ કર્યાં. એમને પણ...'

લતાનાં વખાણ કરે એને ના કેમ પડાય?

પછી તો સાહેબ, રમાબહેન તો રોજ નવા ને નવા ઑર્ડર લાવીને આપવા માંડચાં. અને આ વચલું માણસ નામે રમેશ, જાણે રોજ જીવતા રહેવાનો—બલકે કહો કે સુખી લગ્નજીવન માટેનો દૈનિક પંદર રૂપિયાનો ટૅક્સ હોય તેમ મૂંડાતો જ ગયો. આમ બોલાય નહિ, આમ સહેવાય નહિ! મેં લતાને આ રોજના દુઃખ વિષે કહ્યું પણ ખરું. તેણે કહ્યું 'તો તમે દુકાન બતાવો.' ક્યાંથી બતાવું? કેમ બતાવું? પણ રમાબહેન તો જાણે 'મુંબઈ શહેર સસ્તા સ્ટવ સપ્લાઇંગ સોસાએટી'નાં સેક્રેટરી હોય તેવી રીતે તેમણે મને પરેશાન કરવાનું શરૂ કરી દીધું.

એક દિવસ રમાબહેનને મળવું જ નહિ એમ નક્કી કરી બંદા લતાને કહીને ઑફિસેથી છૂટી ફરવા નાસી ગયા. ત્યાં એક મિત્ર ગોવિંદ મળ્યો ને તેને ઘેર ખેંચી ગયો. એણે ચા માટે આગ્રહ કર્યો. ગોવિંદની પત્નીએ કહ્યું, 'સ્ટવ બગડી ગયો છે.' ગોવિંદે કહ્યું, 'બાજુવાળાં હંસાબહેનનો લઈ આવ.' ગોવિંદનાં મિસિસ જતાં હતાં ત્યાં હંસાબહેન જ આવ્યાં. હંસાબહેન કંઈક વાત લઈને આવ્યાં હતાં. તેમણે કહ્યું, 'ગોવિંદભાઈ, આ બાજુવાળાં શાંતાબહેનના નાના છોકરાની વહુ રંજન ખરીને?'

ગોવિંદે કહ્યું, 'હા. હા.'

'તે માંદી છે, પણ તેની ભાભી રમા જબરી છે. બીચારીને પોતાને ઘેર નથી રાખતી. મૂઈ રમા જબરી છે.' ત્યાં ગોવિંદનાં પત્નીએ કહ્યું, 'હંસાબહેન, તમારો સ્ટવ જરા જોઈએ છે.'

'મારો સ્ટવ? એ તો બગડી ગયો છે. એને લીધે દસ વરસ થયાં. હવે કેટલોક ચાલે?'

કંઇ સમજ્યા? આ હંસાબહેને જ લતાનાં વખાણ કરી સ્ટવ મંગાવ્યો છે એમ રમાબહેન તો કહી ગયાં હતાં; પણ આની પાસે તો નવો સ્ટવ છે જ નહિ! આપણને કંઈ સમજાયું નહિ.

બીજે દિવસે રમાબહેન પાછાં આવ્યાં. આ વખતે તેમણે તેમની જોડે સુરતમાં ગોપીપુરાની નિશાળમાં જે શ્રીદાબહેન ભણતાં હતાં તેમને માટે એક સ્ટવ મંગાવ્યો હતો. હું સ્ટવ લાવ્યો. રમાબહેન લેવા આવ્યાં ત્યારે હું 'ઘેર નહોતો.' તે લઈને ગયાં ત્યારે હું તેમની પાછળપાછળ ગયો. એ ઘેર ગયાં, હું એમના ઘરની બહાર ઊભો રહ્યો: પાંચ, દસ, પંદર મિનિટ. વીસેક મિનિટ પછી તેમનો ગુમાસ્તો નીકળ્યો. તેના હાથમાં એ સ્ટવ હતો. મેં તેને થોડા પ્રશ્નો પૂછ્યા. જવાબમાં જે જાણ્યું તેનો સાર એ હતો કે એ સ્ટવ તે દુકાને લઈ જઇ રહ્યો હતો. પણ કેમ લઇ જઈ રહ્યો હતો? ગુમાસ્તાએ કહ્યું કે, 'આ સ્ટવ અહીં એક માણસ ૨૦માં આપે છે. અમારે ત્યાં એનો ભાવ ૩૦ ઊપજે છે. હોલસેલમાંથી વેચવા લાવીએ ત્યારે અમને ખરીદ-કિંમત ૩૪ની પડે છે. રોજ એક સ્ટવ શેઠાણી લાવે છે, અને અમે તે ૩૫ની કિંમતે વેચીએ છીએ. રોજ ઊપડી જાય છે!'

વચલું માણસ! કોણ? એક તો હું કે જે મૂંડાયો. અને બીજાં રમાબહેન! એમને માટે તો શું કહેવું? તમે જ જે કહેવું હોય તે કહોને!'

જો નથી કહેવું? ઓ. કે. તો હવે મારી પેઠે પત્નીને ખુશ કરવા ખરીદ-કિંમત ઓછી કહેવાનું ડહાપણ કદી ના કરતા મારા સાહેબ!

બાદશાહી ઠાઠમાઠથી મોટી મિજબાની ગોઠવાઇ છે. રકાબી, ચમચા, કાંટા સર્વે ચોખ્ખી ચાંદીના છે. બધા ભોજન પૂરું કરી રહેવા આવ્યા છે ત્યાં એક ભેજું એમાંથી કાંઈક સુંદર ચીજ, ઘર ભેગી કરવાનો લાગ શોધી રહ્યું છે. છેવટે એક નાના સુંદર ચમચા ઉપર, એ સાહેબની નજર ચોંટી. ધીરેથી ચમચો ઉઠાવીને તેણે તે પોતાના જોડામાં સરકાવી દીધો.

એક બીજો ઉસ્તાદ આ બધું ત્રાંસી આંખે જોઇ ગયો. એ પોતે પણ કંઈક ઘરભેગું કરવાની જ તક શોધતો હતો, પણ કાંઈ કરી શકેલો નહિ. એટલે તેણે ભેજું કસ્યું. ભોજન પછીનાં ગપ્પાં ચાલવા લાગ્યાં ત્યારે એ ઉસ્તાદે કહ્યું કે ભાઈઓ, ચાલો તમને સૌને થોડી ગમ્મત કરાવું. બધા તેની આસપાસ ફરી વળ્યા. તેણે પહેલાં તો બેચાર રમૂજી ટુચકા કહી દરેકને ખૂબ હસાવ્યા. પછી કહે હવે એક જાદુનો ખેલ કરી બતાવું.

તેણે ટેબલ ઉપરથી એક સુંદર ચમચો ઉઠાવીને કહ્યું, 'જુઓ, આ ચમચો હું મારા કોટના અંદરના ખિસ્સામાં મૂકું છું.' એમ કહીને પોતાના કોટના અંદરના ગજવામાં તે ચમચો સેરવ્યો, અને પછી બોલ્યો, 'જુઓ, હવે એ જ ચમચો તમને બીજા કોઈ સ્થળેથી કાઢી બતાવીશ'. એમ કહી પેલા ભાઇ તરફ હથેળી પસારી તે પર ફૂંક મારીને કહ્યું: 'આપ આપના જમણા પગનો જોડો ખોલો.' પેલા ભાઈને જોડો ખોલવાની ફરજ જ પડી, અને તેમાંથી તો સાચે જ ચમચો નીકળ્યો! આ જાદુની પ્રશંસામાં આખો ભોજનખંડ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠચો.

ખરા ચોરને કોઠીમાં મોં ઘાલીને રોવા જેવું થયું, અને ઉસ્તાદ રીતસર ચમચો લઇને ઘર ભેગા થઇ ગયો, તે આજે પણ એ જ વાપરે છે।

પચ્ચીસ વર્ષ પહેલાં

ચૈત્ર '૮૫ અંક ૬૪

સમસ્ત ભારતની કૉંગ્રેસના આજના મહામંત્રી શ્રી બલવંતરાય મહેતાનું લેખનકાર્ય એ કાળે પણ તેજસ્વી હતું. એની પ્રતીતિ રૂપ 'જુવાની' વિષેનો ફકરો પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી સામે ફરી ઉતારીએ.

૩૬૧મા અંકમાં ઉતારેલા 'માણસ ચીતરવાનું સહેલ છે'વાળા 'ચિત્રશિક્ષણ'ના પાઠને અનુસંધાને આવેલો ૬૪મા અંકનો હપતો પણ ભૂલવા જેવો નથી, બલ્કે ઉપયોગી છે: મનુષ્યના માથાના હિસાબ આખા શરીર જોડે શો છે એ એક વાર મગજમાં ઊતર્યા પછી લંબાઈ મૂકવાની ભૂલ નહિ થાય. પછી તો શરીર કયાકયા ભાગોમાંથી વળે છે તે વિચારવાનું. પાછલે પાને તેની આકૃતિઓ આપી છે.

આકૃતિ નં. ૧માં, માણસ બેસે છે ત્યારે મુખ્ય અવયવો ક્યાંક્યાં વળે છે તેના વિભાગ દેખાડયા છે. દરેક વિભાગની અંદરનું હાડકું, તેના બીજા છેડે બીજા હાડકા સાથે, મિજાગરાની પેઠે ફરતું કે વળતું હોય છે. હાડકાની લંબાઈ સાચવીને આ હિલચાલ ગમેતેમ ફેરવવાથી પ્રમાણ બગડતું નથી. હાથ ને પગના પંજાની લંબાઈ મૂકવામાં ખાસ ધ્યાન રાખવું.

નં. ૨ની આકૃતિમાં આખી બેઠક ફક્ત ઝોક મૂકીને સૂચવી છે. છતાં આખો પિંડ માપસર હોઈ પલાંઠી વાળી બેઠેલા માણસનો ખયાલ બરોબર આપે છે. આકૃતિ નં. ૩માં બેઠેલા માણસનો એક બાજુથી બતાવેલો દેખાવ છે. તેમાં બરડાની રેખા તથા ગોઠણ સુધીના પગ અને ચહેરાનો હિસાબ બતાવ્યો છે. નં. ૪માં મુખ્ય પ્રમાણોની લીટીઓ મૂકીને જ આકૃતિ બતાવી છે. આવી આકૃતિઓની અનેક વિવિધતા કરી શકાશે. નં. પાંચમામાં આકૃતિને અવયવોના વિભાગ સાથે દોડતી બતાવી છે. એવાં ચિત્રોમાં પ્રમાણો ઉપરાંત ગતિ અને શરીરનું તોલ પણ સાચવવું પડશે.

છઠ્ઠી આકૃતિ સાદામાં સાદી રેખાઓ પ્રમાણ પર ખેંચવાથી બનેલું સ્વરૂપ બતાવે છે. આવી લીટીઓ દોરવાને હાથમાં અનુભવ અને માપ ઉતારવાં જોઇએ. આકૃતિ નં. ૭ પણ એ જ વિચાર સિદ્ધ કરે છે; ઉપરાંત સ્ત્રીની આકૃતિ પુરુષ-આકૃતિથી કોમળતામાં કેટલી જુદી પડે છે તે એ બતાવે છે. નં. ૮, ૯ અને ૧૦, એ વહેતી પ્રમાણસર રેખાઓથી આકૃતિ કેટલી જલદીથી બાંધી શકાય તેના નમૂના છે. ખૂબ દોરશો તેમ વધુ સહેલું થશે.

પણ પચ્ચીસ વર્ષ પહેલાંના એ અંકમાં સૌથી અગ્રણી લેખ તો, કદાચ, શ્રી નરહરિ પરીખે લખેલો ગુજરાતી જ્ઞાની કવિ અખાનો ટૂંકો પરિચય. વળી શ્રી રવિશંકર રાવળે ગુજરાતના ઇતિહાસ, સાહિત્ય ને સંસ્કારક્ષેત્રની વ્યક્તિઓની આલેખેલી જે લાક્ષણિક તસ્વીરો આપણી ચિત્રકળાના ઇતિહાસમાં સીમાસ્તંભ જેવી છે, તે પૈકીની આ અંક માટે એમણે આલેખેલી 'અખા ભગત'ની તસ્વીર એમાંનું એક વિશિષ્ટ ઉદાહરણ હોઈ આ સાથે એ બંનેનો આસ્વાદ ફરી લઈએ:

સંસ્કૃત કહેવત છે કે પવન દીવાને હોલવી નાખે છે, પણ દાવાનળને ફેલાવે છે. સંકટનું કાર્ય પણ ઘણી વાર એવું બને છે. ઉપરાઉપરી સંકટો આવે એટલે પોચો માણસ હતાશ થાય છે, ઘણી વાર નાસ્તિક બને છે, 'ભલાની દુનિયા છે જ નહિ' એમ કહી ભલાઇનો ત્યાગ કરે છે. એ જ સંકટો જ્યારે કોઈ મહાન વિભૂતિ ઉપર આવી પડે છે ત્યારે એ સંકટોને લીધે જ તે ઊંડામાં ઊતરે છે, જીવનરહસ્યના સાગરમાં ડૂબકી મારે છે અને તેમાંથી અસાધારણ તેજવાળા અનુભવના સિદ્ધાન્તો શોધી કાઢી દુનિયાને તેની ભેટ આપે છે. આવા મરજીવા વિરલ માનવીઓમાં અમદાવાદનો સોની કવિ અખો ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં અસાધારણ સ્થાન ભોગવે છે.


ગુજરાતના કવિઓમાંથી કેટલાકે પૌરાણિક આખ્યાનો કહ્યાં છે; મોટા ભાગના કવિઓએ વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન અને કૃષ્ણ-ગોપીનાં ભક્તિશૃંગારનાં પદો ગાયાં છે; શામળ જેવાએ સસ્કૃત તથા પ્રાકૃત લૌકિક સાહિત્યમાંથી વસ્તુ લઈ આપણને વાર્તારસ ચખાડયા છે. પરંતુ હાથમાં બેધારી તલવાર લઈ, દંભ પાખંડ અને વહેમ સામે ઝૂઝનાર તો જ્ઞાની કવિ અખો જ છે. ગુરુઓ, ધર્માચાર્યો તથા સંન્યાસીઓનાં ધતિંગોનો છડેચોક વિરોધ કરી તેમની પ્રપંચજાળથી મુક્ત રહેવા સમાજને તેણે હાક પાડીને ચેતવ્યો છે. જ્ઞાનનો ઈજારો રાખી બેઠેલા પંડિતોને એણે બતાવી આપ્યું છે કે મનુષ્યની ઉન્નતિ પાંડિત્યના આડંબર વિના પણ થઈ શકે છે. પોતાનો ઉપદેશ સમજાવવા તેણે જે રૂપમાઓ અને દૃષ્ટાંતો આપ્યાં છે તે એના વિશાળ અનુભવ અને બારીક નિરીક્ષણમાંથી સૂઝેલાં હોઈ તે દ્વારા સમાજના ખોટા રિવાજો ઉપર કરેલી એની ટકોર તેમનું અનિષ્ટપણું બહુ સચોટ વ્યંગમાં સૂચવ્યું છે. ટૂંકામાં, જ્યાંજ્યાં તેને સડો દેખાયો છે ત્યાંત્યાં તેની સખત ઝાટકણી કાઢીને સમાજને તેણે જાગૃત કર્યો છે.

અખાનું પ્રમાણભૂત જીવનચરિત્ર મળી આવતું નથી, પણ તેના જીવનના જે થોડાક પ્રસંગો સાંભળવામાં આવે છે તે ઉપરથી તેના ચરિત્રની આછી રેખા અંકાઈ રહે છે.

અખો ન્યાતે સોની હતો. પ્રથમ તે અમદાવાદની નજીકમાં આવેલા જેતલપુર ગામમાં રહેતો, પરંતુ પંદર-સોળ વર્ષની વયે જ એને અમદાવાદમાં આવીને રહેવાનું થયું. દેસાઈની પોળમાં તે રહેતો એમ કહેવાય છે. વીસ વર્ષની વય પહેલાં તો પિતાનો સ્વર્ગવાસ થયો ને ત્યાર પછી થોડા જ વખતમાં એકની એક વહાલસોયી બહેન ચાલી ગઈ. તે જ અરસામાં તેની પત્ની પણ ગુજરી ગઈ. આમ, નજીકનાં સગાંનાં ઉપરાઉપરી મરણથી સંસારની ક્ષણભંગુરતાનો તેને અનુભવ થયો અને તે નિમિત્તે વૈરાગ્યનાં બીજ તેના હૃદયમાં વવાયાં.

જુવાની

'જુવાની એ માનસિક દશા છે; એ જિંદગીનો કોઈ કાળ નથી. વીસ વર્ષનો તે જુવાન, અને સાઠ વર્ષનો તે વૃદ્ધ, એ જુવાનીની વ્યાખ્યા નથી. જેણે જિંદગીની તાઝગી ન ગુમાવી હોય, જે આદર્શોના વ્યોમમાં ઉન્મુક્ત કલ્પનાવિહાર કરી શકતો હોય, જેનું મસ્તક સદા ઉન્નત રહેતું હોય, જેનું હૃદય સાહસના સાગરો અને ગિરિગુહાઓ ખેડવા ઊછળતું હોય, જેની ઈચ્છાશક્તિ અજેય હોય, જેના જીવનમાં ભીરુતાનાં તત્ત્વો ઉપર શૌર્યનાં બળોનો વિજય સ્થપાયો હોય, જે અસમાનતા અને ભેદભાવની રચના વિદારવા કટિબદ્ધ હોય, તે જુવાન છે. તમારો આત્મવિશ્વાસ જેટલો અગાધ તેટલી તમારી જુવાની અપરિમિત; તમારો આશાવાદ જેટલો જ્વલંત તેટલી તમારી જુવાની તેજસ્વી. જ્યાં સુધી તમે આકાશના તારાઓની વાણી સમજી શકો, જ્યાં સુધી તમારું દિલ ન કબૂલી શકે એવી કોઈ વાત સામે તમે પડકાર ફેંકી શકો, જ્યાં સુધી જુલ્મ સામે તમારી આંખોમાંથી રોષ-જ્વાળાઓ છૂટે છે અને આ દુનિયાને કદરૂપ, કંગાલ ને ક્લેશપીડિત બનાવતાં એ તત્ત્વોના નાશ માટે તમે ઝંખો છો, ત્યાં સુધી તમે જુવાન છો.'



અખાને વિશે અનેક દંતકથા ચાલે છે. એક બાઈને તે પોતાની ધર્મભગિની ગણતો અને તેના ઉપર સગી બહેનના જેટલું હેત રાખતો. તેણે એક વખત સોનાની કંઠી કરી આપવા અખાને ત્રણસો રૂપિયા સોંપ્યા. ઉદાર દિલના અખાએ તેમાં પદરના સો રૂપિયા ઉમેરી ચારસો રૂપિયાની કંઠી કરી આપી. પણ બાઈના મનમાં અણવિશ્વાસ પેદા થયો. કંઠી ચોકસીને દેખાડી ને તેણે ચારસો રૂપિયા કિંમત આંકી. આ પ્રસંગથી સંસારના સંબંધ કેવા જૂઠા ને સ્વાર્થી છે તે અખાને દિલમાં સચોટ વસી ગયું.

બીજી એક દંતકથા એવી છે કે અમદાવાદની ટંકશાળનો તે ઉપરી હતો. કોઈએ બાદશાહને ફરિયાદ કરી કે અખો તો ચાંદી-સોનાના સિક્કામાં બીજી ધાતુ ભેળવે છે. બાદશાહે તપાસ ચલાવી. અખો નિર્દોષ ઠર્યો, પણ આ પ્રસંગથી તેના ચિત્ત પર વૈરાગ્યની છાપ સજ્જડ પડી.

સોનીના ધંધાને તિલાંજલિ આપી સત્યની શોધમાં તે લાગ્યો. ઘણા સાધુસંતોનો સમાગમ કર્યો, પણ તેથી તેના મનનું સમાધાન થયું નહિ. છેવટે કોઈ સંતમહંત મળી જાય તો તેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરી, માલમિલકત વેચી નાખી તે યાત્રાએ નીકળી પડ્યો. પ્રથમ શ્રીનાથજી વગેરે સ્થળે તે ગયો. માલદાર હોવાથી ત્યાં તેને બહુ સારો સત્કાર મળ્યો. પણ આ સત્યશોધક જિજ્ઞાસુને મહારાજોના મોજશોખ અને વિલાસ જોઈ બહુ જુગુપ્સા ઉત્પન્ન થઈ. ત્યાંથી તે કાશી તરફ ચાલી નીકળ્યો. ત્યાં બ્રહ્માનંદજી નામના કોઈ સંન્યાસી પાસે વેદાંતનો અભ્યાસ કર્યો. કેટલાંક વર્ષો કાશીમાં ગાળી એ પાછો ગુજરાતમાં આવી રહ્યો.

એનાં કાવ્યોનાં ત્રણ વિભાગ થઈ શકે: વેદાન્તના ગ્રન્થો, દુનિયાના દંભ ને વહેમો પર કટાક્ષના છપ્પા તથા ભજનો ને પદો.

પરંતુ અખાની ખાસ ખૂબી, જે એની માર્મિક ને હૃદયમાં સોંસરી ઊતરી જતી વાણીમાં છે, તે તો તેના છપ્પામાં દીપી ઊઠે છે. તેનાં બે દૃષ્ટાંત આ અંકની માધુકરીને મથાળે આપ્યાં છે.

હાલ જે અર્થમાં માણસ ભણેલો કહેવાય છે તે અર્થમાં અખો ભણેલો ન હતો; પરંતુ તેનું અનુભવજ્ઞાન વિશાળ હતું અને તે બહુશ્રુત પણ હતો. સોની જેવી કેળવણીની બાબતમાં પછાત કોમનો હોવા છતાં, ઉચ્ચ ગણાતી કોમના મોટામોટા વિદ્વાનોના વિચાર તથા આચાર તેણે ઝાંખા પાડ્યા. તેણે સ્વતંત્ર વિચારનો આશ્રય લઈને ધાર્મિક ચિંતન કર્યું છે અને તેના ફળ રૂપે માર્મિક છપ્પા લખીને આપણી ભાષાના સાહિત્યમાં મૂલ્યવાન વધારો કર્યો છે.'

રસપિપાસુ અને અભ્યાસીની દૃષ્ટિથી કરેલા શ્રી સુરેશ દીક્ષિતના પ્રવાસોની માળામાં પાવાગઢના એમણે આપેલા પરિચયમાંથી થોડું:

'ગુજરાતના સપાટ મેદાનમાં કીર્તિસ્તંભ જેવો પાવાગઢ ગૌરવભર્યા પ્રદેશનું અચળ સ્મારક છે. છવ્વીસ માઈલના ઘેરાવામાં દરિયાની સપાટીથી અઢી હજાર ફીટ ઊંચાણમાં આવેલી આ પર્વતભૂમિ ઉપર કાળ અને ઇતિહાસનું અદ્ભુત ચક્ર ઘસાયાનાં અસ્તવ્યસ્ત ચિહ્નો ઠેરઠેર જણાય છે. ઇતિહાસ કરતાં પણ ધર્મનું રાજ્ય અહીં પહેલું પથરાયું હતું. વિશ્વામિત્રના ઋષિઆશ્રમ અને કોઈક વખત રોષમાં આવી પ્રલય પ્રસારતી વિશ્વામિત્રીનો જળપ્રવાહ આજે ય તે ઈશ્વરી માયાનું દર્શન કરાવે છે. રજપુત, મોગલ અને મરાઠાઓના રક્તથી છંટાએલી આ ભૂમિનાં દર્શન કરતાં ગુજરાતનું અસ્ત થએલું ગૌરવ મનોચક્ષુ સમક્ષ તરે છે.

સાતસો વર્ષ પૂર્વે ચૌહાણ રજપૂતોની આણ આ પ્રદેશમાં ફરતી. એ રજપૂતોની છાયામાં બંધાએલા પાવાગઢ અને ડભોઈના કિલ્લાઓ હિંદુઓના ક્ષાત્રતેજ સમાન છે. તોફાનની પેરે ધુઘવાટ કરતી ધસી આવતી મોગલ સત્તાએ ઈ. સ. ૧૪૮૪માં પાવાગઢને ગળી લીધો.

નગરો વસાવી સત્તાને સમૃદ્ધ કરવાના પ્રયાસોના ફળરૂપે ચાંપાનેરનો પુનર્જન્મ મુસલમાનોના કાળમાં થયો. પણ એક વેળા સમૃદ્ધિની છોળો ઉડાડતા અને કાગળ, સાબુ, રેશમ, તલવાર તથા રંગરોગાન માટે પ્રસિદ્ધ એ નગરમાં આજ માત્ર ધૂળ જ ઊડે છે.


ચાંપાનેર કરતાં પાવાગઢના ઇતિહાસ અનેક

રંગેરંગાએલો છે. ચાંપાનેરથી પાવાગઢને શિખરે પહોંચતાં ત્રણ માઈલના ચઢાણનો રસ્તો છે. કાલી માતાનાં દર્શન કરતાં પહેલાં બાર દરવાજામાંથી પસાર થવું પડે છે. કુદરતી પથ્થરને ઉપયોગમાં લઈ બાંધેલો કિલ્લો આઘેથી ફરતા સ્ક્રુ જેવો દેખાય છે. ખરેખર, વિલાયતની સિમેન્ટ અને એન્જિનીઅરિંગની ચોપડીઓ આપણા દેશમાં આવી તે પહેલાંનું બાંધકામ અને શિલ્પ જોઈ ચકિત થવાય છે, અને વિચારે આવે છે કે આજ સુધી ભણેલી લડાઈ અને સંધિની સાલવારીથી ઊભરાતી ઇતિહાસની ચોપડીઓ આપણી ગૌરવભરી સંસ્કૃતિને જરા યે કેમ નહિ અડકતી હોય! નવલખ કોઠાર, મકાઈ કોઠાર, ટંકશાળ, નાગર હવેલી, ઝવેરીનો મહેલ વગેરે જોઈ પાવાગઢની સમૃદ્ધિ ને મહત્તાનો ખયાલ બરાબર આવે છે. ધૂળમાં દટાએલાં આ વિશાળ મંદિરોમાં આજે તો ઘાસ ઊગે છે. જ્યાં રૂપભરી રાણીઓ વસેલી તે મહેલોમાં આજે કાળા સર્પ ફરે છે. હિંદુ જૈન અને ઈસ્લામ ધર્મ વચ્ચેની ખેંચતાણમાં અજબ રૂપ પામેલાં અહીંનાં ધર્મમંદિરો કંઈક આવેગભરી સ્મૃતિઓ ઊભી કરે છે. મહાદેવના દહેરા જેવું જૈન મંદિર અને કાલિકા માતાના શીશ પર સદનશાહ પીરની ગાદી જોતાં પ્રભુને નામે મરી ફીટેલાં માનવોની દયા આવે છે.

પાવાગઢની ચોપાસ સાગનાં જંગલ છે. કોઈક કારીગરો રોહિસાનું તેલ અહીં બનાવે છે. પાવાગઢનો કેટલોક વિસ્તાર ઊંચા ઘાસથી છવાએલો છે. જરો, કણજ, દાંતિયો, કવચ, વીંછુડો, કાંસકી, સરાજ, ઈક્કડ, ખેર, સાગ, નેપાળો, શણ અને ઉભનાં ઝાડ અહીં સાધારણ છે. ક્યાંક અરીઠાનાં ઝાડ પણ છે. જાંબુ, આંબા વગેરે ઝાડની તો અહીં અછત જ છે. જંગલી કેળ અને એડીવાળાં બાલઝમનાં સુંદર પણ સુગંધ વિનાનાં ફૂલ મને આ સુક્કા પ્રદેશમાં વસતાં જોઈ ઘડીભર નવાઈ થઈ.

લશ્કરી નજરે આજે કોઈ પણ સત્તા પાવાગઢને જરા યે ઉપયોગી ન માને. પાંચસો વર્ષ પહેલાં ઊંચી ટેકરી, સપાટ મેદાન હાથ રાખવા કામની હશે, પણ આજે તો બદલાએલી રાક્ષસી રીતોથી આ ગઢ કાગળના બખ્તર જેવો છે. રાજ્યનું પાટનગર બનવા આ સ્થળ નકામું હશે, પણ માનવને વસવા લાયક તો છે જ. ઉનાળામાં ચોખ્ખી હવા માટે પાવાગઢ સારી રીતે ઉપયોગી છે. ઉનાળામાં વડોદરે ૧૦૫ ડિગ્રી તાપ હોય ત્યારે પાવાગઢ ઉપર ૮૭ ડિગ્રી જ હોય છે.

નૈસર્ગિક રમણીયતાને ભૂલી ઘડીભર અહીંની માનવ સૃષ્ટિમાં ફરતાં સ્વર્ગ જોયા જેવું લાગે. લોકો અજ્ઞાન, પછાત, દરિદ્ર અને કુદરતની



વધારે સોડમાં જંગલી સ્થિતિમાં છે. કેડે નછુટકે એક ચીંથરું વીંટાળવું સમજે છે. પિત્તળ કે કલાઈનાં ઘરેણાં અને કાચનાં કીડિયાં એમની સ્ત્રીઓનો શણગાર છે. આટઆટલા આપણા બાવાઓ ધર્મને નામે ભીખ માગતા ફરે છે તો આવાં સ્થળોમાં આવી વસી કંઈક જ્ઞાનદીપ પ્રગટાવતા હોય તો? ઊંધે માથે હરદ્વાર ઉપર લટકવા કરતાં જ્ઞાનયજ્ઞની આહુતિમાં ઓછું પુણ્ય નહિ જ હોય! કીડીઓને લોટ નાખવા કે ખોડાં ઢોરને જીવાડવા કરતાં લક્ષ્મીવાનોની લક્ષ્મી સહજ પણ આ દેહ ને આત્માનાં ભૂખ્યાં માટે વહેતી હોત તો! બી. એ. બની મુંબાઈની કોઈ કોટડીમાં ટાઇપિસ્ટ થવા કરતાં મરતાંને જીવતદાન દેવા ભૂખ્યા રહેવાય તો પણ બ્રાહ્મણ-ધર્મ અંગીકાર કરવામાં કંઈ શરમ હશે?'

અને છેલ્લે, કવિ નાનાલાલના 'મહાગુજરાત' ઉપરના વ્યાખ્યાનમાંથી બે ફકરા: જેમાંનો પહેલો ફકરો 'મુંબઈ પર મહારાષ્ટ્રનો દાવો' કરનારાઓને સજ્જડ જવાબ રૂપ છે.

૧૬૬૨માં ઈંગ્લંડના મહારાજ બીજા ચાર્લ્સ સ્પેઈનની રાજકુમારીને પરણ્યા, ને પહેરામણીમાં આ વિશ્વવિખ્યાત મચ્છીમારોનો ટાપુ તેમને મળ્યો. ૧૦૦ પૌંડમાં એ ટાપુ ઈસ્ટ ઈંડિયા કંપનીને ચાર્લ્સ મહારાજે વેચ્યો. આજે એ મુંબાઈ નગરી પાંચ કરોડ પૌંડે પણ જ્યૉર્જ મહારાજ વેચે ખરા? એ મુંબાઈ નગરીની જાહોજલાલી કોણે જમાવી? રાજકારણનિ-

(અનુસંધાન પૃ. ૧૪૩ ઉપર)

પ્રોફેસર આપ્ટે (અનુસંધાન પૃ. ૧૪૦થી) ગભરાઇને પોતાના ઓરડામાં જતી ઉષા ત્યાં જ થંભી ગઈ. તેને તે આકૃતિ પ્રોફેસરની લાગી. બત્તીનું બટન દબાવી, કોચ પર બેસતાં પ્રોફેસરે કહ્યું, 'ઉષા, અહીં આવ.'

'કપડાં બદલાવીને આવું છું.' ઉષાએ કહ્યું.

'નહિ!, પહેલાં અહીં આવ, પછી કપડાં બદલજે.'

'શું છે, કહો?' કહેતી તે પ્રોફેસરની સામે આવીને બેઠી.

'તું મહિલામંડળની મંત્રી છો ને?' 'હા, પણ તેનું શું?'

'તું નાટકમાં કામ કરનાર છો કે?' 'ના.'

'નાટક ક્યારે છે?' 'કાલે; પણ આ……'

'થોભ જરા. આજ સુધી તું બોલી. હવે મને બોલવા દે.' થોડી વાર પછી તેમણે પૂછ્યું; 'આજે તું વહેલી શા માટે ગઇ હતી?'

'આજે નાટકનું છેલ્લું રીહર્સલ હતું.'

'બરોબર. મને પણ એ જ લાગ્યું હતું.' કહી તેઓ કોચ પરથી ઊઠ્યા. 'હવે ખરું કહે, નાટકમાં કામ કરનારી બધી સ્ત્રીઓ હાજર હતી?'

'ના, જજ રાનડે અને ભિડે વકીલની પત્નીઓ હાજર ન હતી.'

'જો ઉષા, આજે તું વહેલી ગઈ. રાજુને ભૂખ લાગી અને તેણે બહારથી લાવીને ખાધું. નાનાં બાળકોને જ્યારે ભૂખ લાગે છે, ત્યારે તેમને ફક્ત અનાજની જ નહિ, પરંતુ માતાના વાત્સલ્યની પણ ભૂખ લાગી હોય છે. આપણા નાના રાજીવને એ જ ન મળે, તો આપણો સંસાર કેવો? અને ઘરનાં બીજાં અનેક કામ તું માત્ર તારી-એટલે કે મહિલામંડળની સગવડે કરે છે. એ બધી પ્રવૃત્તિઓ જોકે મહત્ત્વની છે, પરંતુ ન કરીએ તોપણ ચાલી શકે. પણ જો રાજીવ તરફ આ રીતે હમેશાં દુર્લક્ષ રાખવામાં આવશે, તો પછી આપણો સંસાર મીઠી વીરડીને બદલે વેરાન બની જશે, ઉષા! મારે તને એક જ વાત કહેવી છે, પહેલાં આપણું ઘર અને પછી મહિલામંડળ……'

'તમારા સંકુચિત માનસની મને દયા આવે છે. બહારનું અફાટ સાર્વજનિક કાર્ય કરતા મહિલામંડળને મારા જીવનમાં કદી પણ બીજું સ્થાન મળી શકે તેમ નથી!' ગર્વથી ઉષાએ કહ્યું.

'ઉષા, તેં કદી પણ મહિલામંડળના સંપૂર્ણ કાર્યનો વિચાર સરખો પણ કર્યો છે? તમારા મંડળની એક પણ સભાસદ સમયસર આવે છે કે? ના. તું કદાચ કાલથી એવો નિયમ કરીશ કે દરેક સભાસદે વખતસર આવવું જોઇએ, તો મોડી આવનાર સ્ત્રીઓ "આજે અમારા પતિ મોડા આવ્યા, આજે અમારો બાબો રડતો હતો, અમારા પતિને અમારા હાથની જ ચા જોઈએ" વગેરે કારણો જ બતાવશે. ઘરનું બધું કામકાજ કર્યા પછી, બાકીના સમય દરમ્યાન તેઓ એ પ્રવૃત્તિ કરે છે. ઉષા,, આ વિષે તું ફરી વિચાર કર અને તારું દૃષ્ટિબિંદુ બદલ.'

'વિચાર?' ઉષા અભિમાનથી બોલી,' મેં વિચાર કર્યો જ છે, અને કહું છું કે મારું દૃષ્ટિબિંદુ યોગ્ય જ છે.'

'ઉષા,' પ્રોફેસરે ગુસ્સાથી કહ્યું, 'તો તારા માટે આ ઘરમાં રહેવું અશક્ય છે.'

'ઠીક છે; હું આજે જ એક્સપ્રેસથી મુંબઇ જઈશ.' સામે ગુસ્સાથી આટલું બોલી ઉષા ઊભી થઇ ગઈ.

'ઉષા' પ્રોફેસરે કહ્યું, 'હું ગુસ્સે થયો હોઉં તો તે માટે મને માફ કર. પણ આ વાત તારા ધ્યાનમાં આવી ગઇ હશે કે આપણા માટે અલગ રહેવું જ ઠીક પડશે. હું અને તું હજી યુવાન છીએ. આપણે મુંબાઈ પ્રાંતનાં નાગરિક બન્યા પછી, તું છૂટાછેડા માટે અરજી કર. તને જે લાગે તે આરોપ મારા ઉપર મૂકજે, હું ગેરહાજર રહીને તારા ભાવિ જીવનનો રસ્તો મોકળો કરી આપીશ.'

'તમારા વિચારો પ્રત્યે મને… ખૂબ આદર છે.' કહીને તે પોતાના ઓરડામાં ચાલી ગઇ.

વિચાર અને બુદ્ધિનું ઢાંકણ ભાવનાના ઊકળતા રસે ઉછાળી દીધું. 'ઉષા…!' માનસિક આઘાતનો ફટકો લાગતાં, લાગણીભીના અવાજે પ્રોફેસર માત્ર આટલું જ બોલી શક્યા અને કોચ ઉપર ફસડાઈ પડ્યા. અંતરની વેદના આંખો દ્વારા વહેતી થઈ.

બીજે દિવસે સવારે શિવરામે તેમને એક ચિઠ્ઠી આપી. એમાં લખ્યું હતું: 'હું રાજુને લઇને દાદાને ત્યાં જઇ રહી છું—ઉષા.'……

અને આજે હું એ જ એક્સપ્રેસથી, જેનું મોં કોઈ દિવસ ન જોવાનો નિર્ણય કર્યો હતો તેને મળવા જઇ રહ્યો છું….' પ્રોફેસરે વિચારની સાંકળ પૂરી કરી.

દાદર સ્ટેશને દાદાસાહેબ સામે આવ્યા હતા. મોટરમાં બેઠા પછી પ્રોફેસરે પૂછ્યું, 'અકસ્માત શાનો થયો?'

'મોટરનો.' 'પોતે જ ડ્રાઇવિંગ કરતી હશે.'

'હા, પણ તે ડ્રાઇવિંગ શીખી ક્યાં?'

'આકોલા. પણ હાં, જખમ મોટો તો નથી ને?'

'જીવ બચાવતાં આંખો ખોઇ!' કહીને દાદાસાહેબે નિશ્વાસ નાખ્યો.

'એટલે? ઉષા આંધળી થઈ?' પ્રોફેસરે ભયથી પૂછ્યું. દાદાસાહેબે હકારમાં માથું હલાવ્યું એટલે પ્રોફેસરથી દુઃખનો એક લાંબો નિશ્વાસ નંખાઈ ગયો. તે પછીનો બધો પ્રવાસ મૌનમાં જ પસાર થયો.

દીવાનખાનામાં આવતાં પ્રોફેસરે પૂછ્યું: 'ઉષા ઘેર જ છે ને?'

'રઘુનાથરાવ!' દાદાસાહેબ ગળગળા થઈ બોલ્યા, 'મારે તમને એક વિનંતી કરવાની છે.'

'વિનંતી શા માટે? આજ્ઞા કરો; પણ જે હોય તે જલદી કહો, દાદાસાહેબ!' કહીને પ્રોફેસરે માનપૂર્વક તેમનો હાથ પોતાના હાથમાં લીધો.

'તેની હઠને લીધે જ તે ઘર છોડીને આવી છે, પણ હવે તેને છૂટાછેડાના કાયદાની કટકટથી માનસિક ત્રાસ ન આપશો. તેને પોતાની દુર્બળતાથી ખૂબ જ ધક્કો લાગ્યો છે. હવે વધુ નહિ, રઘુનાથરાવ!' કહીને દાદાસાહેબે આંખો લૂછી અને 'તમે બીજું લગ્ન કરો….'

તેમને આગળ ન બોલવા દેતાં પ્રોફેસરે હસવાનો પ્રયત્ન કર્યો અને અંદર ગયા. ઉષાનો ઓરડો બંધ હશે એમ તેમને લાગ્યું. તેમણે દ્વાર ધક્કેલ્યું, પણ તે ખુલ્લું જ હતું. દ્વાર ઊઘડતાં જ ઉષા બોલી: 'કોણ?'

આંખે પાટા બાંધેલી ઉષા પલંગ પર સૂતી હતી. ફરી તેણે પૂછ્યું: 'કોણ?'

'હું છું, ઉષા!' વેદનાગ્રસ્ત અવાજે પ્રોફેસરે કહ્યું.

ઊઠવાનો પ્રયત્ન કરતાં તેણે પૂછ્યું: 'કોણ?—તમે તો નહિ?'

'હા, હું જ-તારો રઘુનાથ.' પ્રોફેસરે આવીને એકદમ તેનો હાથ પકડ્યો અને 'અંહં, ઊઠ નહિ, ઉષા' કહીને તેને પલંગ પર સુવડાવી દીધી.

'હવે તો આવી જ રીતે કોઈની સૂચના અનુસાર રહેવું પડશે.' કહીને નિરાશાથી ઉષાએ પોતાને કપાળે હાથ મૂક્યો.

'કોઈની શા માટે, ઉષા?—મારી જ.'

'ના રે ના, એ તે કંઈ શક્ય છે? આપણે તો…' કહેતાં તેને ગળે ડૂમો ભરાઈ આવ્યો અને તે આગળ બોલી ન શકી.

'અરે ગાંડી, મેં તો મારી એવી ઉષાને રજા આપી હતી, જે આ દુનિયામાં સ્વતંત્રપણે રહેવા યોગ્ય હતી. પણ હવે તને છોડવી એટલે માનવતાનું અને મારા શિક્ષણ-સંસ્કારનું અપમાન ગણાય. આપણે હવે એકબે દિવસમાં જ આપણે ઘેર પાછાં જઈશું.'

આભારવશ આનંદથી પ્રોફેસરના હાથ ઉપર પોતાનું માથું રાખતાં ઉષા હર્ષાવેશમાં બોલી: 'મેં મારી પસંદગીમાં થાપ નથી ખાધી, ખરું ને રઘુ?'

જયંત વ્યાસ

(શ્રી. પ્રભાકર ગંગેશ બાપટની મરાઠી વાર્તા ઉપરથી અનુવાદ)

જયશંકર 'સુંદરી' (અનુસંધાન પૃ. ૧૩૬થી) સાથે જયશંકરનો પરિચય કરાવ્યો. ડાહ્યાભાઇએ જયશંકર પાસે ગવડાવ્યું. જયશંકરની હલક એમને બહુ ગમી અને પોતાની કંપનીમાં એમને રાખવાની વાત કરી. પણ એમને કેટલો પગાર આપવો તે બાબતમાં ડાહ્યાભાઈ અને કેશવલાલ વચ્ચે મતભેદ રહ્યો. દરમ્યાન આ છોકરો હવે નાટક ભજવવા સિવાય બીજા કોઇ કામનો રહ્યો નથી એવી ખાતરી થવાથી કંપનીના માલિકોને હરીફાઈમાં ઉતારી એને બને એટલો ઊંચો મૂલવવા માટે કેશવલાલે ડાહ્યાભાઈ સાથેની વાટાઘાટ ચાલુ રાખી અને સાથે મોરબી આર્ય સુબોધ અને મુંબઈ ગુજરાતી નાટકમંડળી સાથે પણ પત્રવ્યવહાર શરૂ કર્યો. કેશવલાલની ઈચ્છા એવી પણ ખરી કે જયશંકર મુંબઈ ગુજરાતીમાં જોડાય તો સારું જયશંકર નાટકકંપનીમાં જોડાય એ એનાં ઘરમાં ગમશે નહિ એની કેશવલાલને ખબર હતી પણ એમને સમજાવવાની પોતાની શક્તિમાં એમને ઈતબાર હતો તેથી એમને પૂછ્યા વિના જ કેશવલાલે વાટાઘાટો શરૂ કરી દીધી.

૧૯૦૧ની સાલ ચાલતી હતી. કલકત્તેથી પાછા ફર્યાને એક વર્ષ વીતી ગયું હતું. મુંબઇ ગુજરાતી નાટક મંડળીએ 'વિક્રમચરિત' નામે ખેલ તૈયાર કર્યો હતો. સાવંત નામનો એક નીવડેલો છોકરો એમાં અગત્યનો ભાગ ભજવતો હતો. પણ એનો અવાજ પડી ગયો હતો. છોકરો પણ સચવાયેલો રહે એમાંનો નહોતો. એટલે કેશવલાલના પત્રવ્યવહારને પરિણામે જયશંકરને તેડી લાવવા માટે મુંબઈ ગુજરાતી નાટકમંડળીએ બાપુલાલ નાયકને લેવા મોકલ્યા. બાપુલાલ વીસનગર આવ્યા, જયશંકર પાસે ગવડાવ્યું ને રત્ન પારખી લીધું.

કુટુંબનો વિરોધ હવે અર્થહીન અણગમામાં ફેરવાઈ ગયો હતો એટલે રજા મળવામાં તો કંઈ આડખીલી રહી જ નહોતી. બધાં એક વાત સમજી પણ ગયાં હતાં કે આ છોકરો આગળ ભણવાનો નથી અને નાટક સિવાય બીજો ધંધો એને ફાવવાનો નથી. વળી હવે જયશંકર છેક અપરિચિત વાતાવરણમાં જવાના નહોતા. કેશવલાલ વચમાં હતા અને બાપુલાલ પણ દૂરના સગા થતા હતા અને કંપનીમાં ભાગીદાર પણ બન્યા હતા. છતાં માનો જીવ એટલે કલકત્તાના અનુભવમાંથી બોધ લઇને માતાએ શરત મૂકી કે મારા છોકરાને પગાર ગમે તેટલો આપો પણ એનું જમવાનું માલિકો સાથે, બીજાઓ સાથે નહીં. એ શરત સ્વીકારાઈ અને પળાઇ પણ ખરી. આમે પણ દાદી ક્રાઇસ્ટની કંપનીની મારઝૂડ કે કૃપણતા મુંબઈ ગુજરાતીમાં નહોતાં. ગેરવ્યવસ્થા પણ ઓછી હતી અને સારા કામની કદર પણ હતી. જયશંકર ખાવું પીવું ને વીશ રૂપિયાના દરમાયાથી મુંબઇ ગુજરાતીમાં જોડાયા. એમની ઉંમર ત્યારે બારથી વધારે નહોતી.

મુંબઈ ગુજરાતી નાટક-મંડળીના માલિકો ઘણા હતા. તેમાંના મુખ્ય માલિક દયાશંકર વૃદ્ધ થયા હતા અને દિગ્દર્શનની જવાબદારી બાપુલાલે સંભાળવા માંડેલી. જયશંકરને મુંબઈ લાવીને બાપુલાલે દયાશંકર સામે ખડા કર્યા. દાદાભાઈ દયાશંકરના પણ ગુરુ હતા એટલે દાદાભાઈની કંપનીમાં જયશંકરે કામ કર્યું છે જાણીને ખુશ થયા. ચીજ ગવડાવી. જયશંકરે 'ગમકા તરાના' ગાયું. દયાશંકર કંઠ સાંભળીને ન્યાલ થઇ ગયા. બાપુલાલને ઈશારત કરી પૂછ્યું, 'શું પગાર ઠરાવ્યો છે?' બાપુલાલે આંગળીઓથી ચાર વખત દશની સંજ્ઞા કરી ઉપરથી પાંચ ઉમેરીને પિસ્તાલીસ સૂચવ્યા. દયાશંકર એથી પણ રાજી થયા. રત્ન કંઈ મોંઘું નહોતું પડ્યું. પાછળથી એમનો વીશનો પગાર જાણ્યો ત્યારે બાપુલાલ કંપનીના કેવા મોટા હિતચિંતક હતા એની પ્રતીતિ થઈ હશે!

જયશંકર સ્વ. બાપુલાલ નાયકને પોતાના એક પરમ હિતચિંતક, ગુરુ અને મિત્ર ગણે છે. મુંબઈ ગુજરાતીમાં જયશંકર જોડાયા ત્યારે અઢી વર્ષના એકધારા મહાવરાને લીધે એમના બોલવામાં કંઈ ઉચ્ચારણોની અસર આવતી હતી. હવે એમને શુદ્ધ ગુજરાતી ભાષામાં ગુજરાતી પ્રેક્ષકો આગળ કામ કરવાનું હતું. એટલે એમને તાલીમ આપવાનું કાર્ય બાપુલાલે શરૂ કર્યું.

જયશંકરને પહેલા જ નાટકમાં મોટી જવાબદારીનું–નાયિકા બનવાનું–કામ સોંપાયું હતું. નાટકનું નામ હતું "સૌભાગ્ય સુંદરી." પુરુષચરિત્ર કરતાં સ્ત્રીચરિત્ર ચડિયાતું છે એમ 'વિક્રમચરિત' નાટકે સિદ્ધ કર્યું હતું અને તે ખૂબ વખણાયું હતું. એના લેખક સ્વ. નથુરામ સુંદરજી હતા. જયશંકર મુંબઈ ગુજરાતીમાં જોડાયા ત્યારે નાટકકંપનીના 'કવિ' શ્રી. મૂળશંકર મૂલાણી હતી. 'વિક્રમચરિત'ની સફળતાથી પ્રેરાઇને એવું જ બીજું નાટક શ્રી. મૂળશંકર લખી આપે એ નક્કી થયું. એમણે નથુરામના નાટકનું સ્વરૂપ એવી રીતે બદલાવી નાખ્યું કે આખું નાટક નાયિકા દ્વારા–સુંદરી દ્વારા ચાલે.

'સૌભાગ્ય સુંદરી' નાટકને શ્રી. જયશંકર પોતે ભજવેલાં નાટકોમાં સર્વોત્તમ ગણતા નથી. જયશંકરના જીવનમાં એનું મહત્ત્વ એના આંતરિક ગુણોને લીધે નહીં પણ ઐતિહાસિક કારણોને લીધે છે. નટ થવા નિર્માયેલા એક કલાસાધકને બહારની ઝાઝી રોકટોક વિના પોતાની સ્ફૂર્તિથી અભિવ્યક્તિની તક પ્રથમ વાર 'સૌભાગ્ય સુંદરી'માં મળી એ કારણે એનું ઘણું મહત્ત્વ છે. જયશંકરે આત્મવિશ્વાસ પૂર્વક સુંદરી થવાની તૈયારી કરી. પહેલા છ મહિના તો ઉચ્ચાર સુધારવામાં એટલે કે ઉર્દૂના લહેજાની અસર કાઢી નાખવામાં જ ગયા. કંપનીના જૂનાં નાટકમાં પણ ઊતરવા માંડ્યું, અને એ રીતે શક્તિ એકઠી કરી. શરૂઆતનો ક્ષોભ પણ ભારે. બંગડીમાં કપડાં ભરાય અને ધ્રુજારી છૂટે. પણ પહેલા પ્રવેશમાં જ ક્ષોભ દૂર થઈ ગયો અને 'સૌભાગ્ય સુંદરી'માં સુંદરીના પાત્ર સાથે આ મોહક છોકરો એવો તદાકાર થઈ ગયો કે જોનારા ગાંડા થઈ ગયા. વાયુવેગે વાત પ્રસરી. પ્રેક્ષકોનો મોટો ધસારો થયો અને જ્યાં ત્યાં સુંદરી સુંદરી થઈ ગયું. 'સૌભાગ્ય સુંદરી' નાટકે જયશંકરની કુટુંબદીધી અટક લઈ લીધી અને 'સુંદરી' અટક આપી. નામ પુરુષનું અને અટક સુન્દરી? પણ પ્રેક્ષકસમાજની કદર બૂઝવાની આ નૈસર્ગિક રીતનો જયશંકરે ખેલદિલીથી પુરસ્કાર કર્યો છે. 'સુંદરી' ઉપનામને એમણે ખીજ નહીં પણ પ્રેમનું પારિતોષિક ગણ્યું છે.

કીર્તિ જેવી જયશંકરને મળી છે તેવી ભાગ્યે જ બીજા કોઈ ગુજરાતી નટને મળી હશે. પણ કીર્તિથી એ કદી ફુલાયા નથી કે હવે પોતાને કશું શીખવાપણું રહ્યું નથી એવું માન્યું નથી. ઊલટું પોતાની શક્તિને ધાર કાઢવામાં એ મચ્યા રહ્યા છે.

હમણાં જ થોડા દિવસ ઉપર **અમદાવાદની** ગુજરાત સાહિત્ય સભાએ શ્રી. જયશંકરને રંગભૂમિની જે ઉત્તમ સેવા એમણે બજાવી છે તે માટે સાહિત્યકારો અને કલાકારો પ્રત્યેના સન્માનના પ્રતીકરૂપ જે એક માત્ર ચંદ્રક આપણે ત્યાં અપાય છે તે રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કર્યો. તે પ્રસંગે સન્માનનો ઉત્તર વાળતાં શ્રી. જયશંકરે આજના પ્રેક્ષકોના પ્રેક્ષક-પૂર્વજોને સંભારીને એમનો આભાર માન્યો હતો. પોતાની લાક્ષણિક ઢબે એમણે કહ્યું હતું: "મને 'સુંદરી' તરીકે સ્વીકાર્યો ત્યારે સુંદરીની વહારે એ પ્રેક્ષક-પૂર્વજો ધાયા હતા. નાટક જોઇને એ જતા નહોતા રહેતા; નટને મળતા, એને પૂછતા, એનામાં રસ લેતા."

એ પ્રેક્ષક-પૂર્વજોમાંના કોઈ કોઈએ અભિનેતા જયશંકરના વિકાસ માટે અથવા તો એમને પ્રોત્સાહન આપવા માટે **શું શું** કર્યું હતું તે જાણવું રસપ્રદ થશે.

જી.આઈ.પી. રેલવેમાં નાગેન્દ્રનાથ ઘોષ કરીને એક બંગાલી અમલદાર હતા. એમની થનાર પત્નીનો ચહેરો 'સુંદરી'ના ચહેરાને મળતો

આવતો હતો તેથી કે જયશંકરની નટ તરીકેની શક્તિ પ્રત્યેના નિ:સ્વાર્થ આકર્ષણથી એ નિત્ય બપોરે જયશંકરને મળવા આવતા. જ્યારે આવે ત્યારે પુસ્તકો, સાડીઓ અને બીજી ભેટોના ઢગલા કરે. અલકમલકની વાતો કરે. એ રોજ બપોરે આવે તેથી જયશંકરના સાથીઓને કચવાટ પણ થતો; પણ પ્રશંસકનું આટલું આક્રમણ જયશંકર માધુર્યથી સહી જતા. આ ઘોષ મહાશય ખૂબ લાગણીવશ સ્વભાવના હતા. જ્યારે જયશંકરનું લગ્ન થયું ત્યારે અનેક ભેટ આપવા ઉપરાંત એક પત્ર પણ લખેલો કે "મને વીસરીશ નહીં." પણ ઘોષ મહાશયનો 'સુંદરી' ઉપરનો મોટામાં મોટો ઉપકાર એ હતો કે સુંદરીના શ્રેયની જ એણે સતત ખેવના કરેલી. જયશંકર અંગ્રેજી ભણે તો પોતાનું કાર્ય એ વધારે સમજે, એ વધારે સારા નટ બને. શેક્સપિયરનાં નાટકો સુધ્ધાં વાંચી શકે એ માટે જયશંકર અંગ્રેજી ભણે એવો એમણે આગ્રહ રાખ્યો. એણે એ માટે એક શિક્ષક પોતાને ખરચે રોક્યા. માસ્તર હરદેવસિંગે જયશંકરને અંગ્રેજી ભણાવ્યું, શેક્સપિયરનાં નાટકો પણ વાંચી બતાવ્યાં અને સમજાવ્યાં. ઘોષ મહાશય અંગ્રેજી સામયિકોનો પણ વરસાદ વરસાવે. જગતનાં ઉત્તમ નાટકોનો અને નાટ્યપ્રણાલીનો જયશંકરને આથી પરિચય થવા લાગ્યો.

બીજા ફજલી હુસેન પૂંઠાવાળા કરીને એક વોરા સજ્જન જયશંકરના 'સુંદરી' તરીકેના અભિનય પર વારી ગયા હતા. એમને કંઈ સન્તાન નહોતું. પરિચય વધ્યા પછી જયશંકર એમને ઘેર જતા આવતા થયા ત્યાર પછી એમનાં પત્ની અને એ જયશંકરને પોતાના પુત્ર સમાન ગણીને વહાલ વરસાવતાં. પણ ફજલી હુસેનની પ્રશંસા મૂગી હતી–આક્રમક નહોતી. 'સુંદરી'ને રંગભૂમિ પર જોયા પછી એમનું નામ કોતરાવીને એક મોંઘું દૂરબીન એમણે ભેટ મોકલાવેલું તેની ખબર જયશંકરને ત્રણ વર્ષ પછી પડી હતી. ભાગીદારોની તકરારમાં નાટકમંડળી તૂટી જશે એવી ધાસ્તી પેદા થતાં કંટાળીને જયશંકર દુકાન માંડવાનો વિચાર સેવતા થઈ ગયેલા અને બે હજાર રૂપિયા હોય તો પોતે જરૂર દુકાન કાઢે એમ સમજતા થઈ ગયેલા. ત્યારે આ સજ્જન જયશંકરને ખબર પણ ન પડે એમ એમના નામે વેપાર કરતા રહેલા ને એ રીતે જે કંઈ કમાય તે 'સ્પેશી' બૅંકમાં જયશંકરને નામે જમા કરાવતા રહેલા. એક વખત એક ડબી હાથમાં મૂકીને ચાલતા જ થઈ ગયેલા. પોતાની રૂમમાં જઈને જયશંકરે ખોલી તો એમાં હીરાની વીંટી દેખીને એ તાજુબ થઈ ગયેલા. ટેટ્લર, સ્કેચ, ધપ્લે વગેરે સામાયિકો જયશંકરને નિયમિત મળે તે માટે બુકસેલરને ત્યાં પરબારો ઑર્ડર નોંધાવતા. જયશંકરનો પૂરો આભાર પણ માનવા દેતા નહીં. ફક્ત એમની અભિનયશક્તિ વિકાસ પામે એટલું જ ઝંખતા. જ્યારે સ્પેશી બૅંક ભાગી ત્યારે સ્વ. ચુનીલાલ સરૈયાએ જયશંકરના નાણાં તો ઈમ્પીરિયલ બૅંકમાં ફેરવાવી દીધાં હતાં. પણ ફજલી હુસેન ભાગ્યા. નાદારીની નફરતથી પોતાના મકાનના ત્રીજે મજલેથી એમણે પડતું મૂક્યું. તરત તો એમનો દેહ ન પડ્યો પણ મરણપથારીએ પડ્યા. અંદર જવાની હરકોઈને મનાઈ હતી. તે વખતે એમણે આપેલી ભેટસોગાદો અને એમના તરફથી મળેલી રકમનું પોટલું કરીને જયશંકર એમને ત્યાં પહોંચી ગયા અને માંડ અંદર જવાની રજા મેળવી. ફજલી હુસેન બોલી શકતા ન હતા. પણ એમની આંખ જયશંકરને જોઈને આનંદથી ચમકી. આંખમાં પાણી આવ્યાં. જયશંકરે પોટલું ફજલી હુસેનની બીબીના હાથમાં મૂક્યું, પણ ફજલી હુસેને "એ તો તારું જ છે. અમને એ ન ખપે." એમ ઈશારતથી આગ્રહપૂર્વક કહ્યું. પણ જયશંકર એકના બે થાય નહીં. આ રકઝકમાં નાટકમાં પહોંચતાં એમને મોડું થઈ ગયું. ત્યાં તો ખોળાખોળ ચાલેલી. જયશંકર પહોંચ્યા ગયા અને કારણ પૂછતાં શેઠને જ્યારે બધી વાતનો ખુલાસો કર્યો ત્યારે જયશંકરને આમ હાથમાં આવેલી મોટી રકમ ખોઈ બેસવાની 'મૂર્ખાઈ' બદલ મૃદુતાથી ઠપકો પણ આપ્યો. પણ એ 'મૂર્ખાઈ' જયશંકરને સ્વભાવસિદ્ધ હતી એમ જ્યારે સમજ્યા ત્યારે કહ્યું, "છોકરા, તારો રોટલો કોઈ દિવસ નહીં ટળે." જયશંકરના જીવનમાં આ આશીર્વાદ ફળ્યો પણ છે.

ત્રીજા એક પ્રેક્ષક-પૂર્વજ મુંબઈની કપોળ જ્ઞાતિના અગ્રણી શ્રીમંત હતા. ગોપાળદાસ રામજી વોરાવાળા એમનું નામ. એમણે તો જયશંકરને કુટુંબમાં જ અપનાવી લીધેલા. ગોપાળદાસ નાટકઘેલા હતા અને તેથી નટઘેલા પણ હતા. જનસમાજ નટોને રંગભૂમિ ઉપર વખાણે પણ વ્યવહારજીવનમાં એમને હલકા ગણે એ મનોવૃત્તિ ગોપાળદાસમાં નહોતી. તેથી નટો સાથે એ છૂટથી વર્તે. સારેમાઠે પ્રસંગે આપ્તજનોની જેમ એમને પણ નોતરે. આથી આ વર્ગ હલકો છે એ છાપ ભૂંસવામાં મુંબઈમાં આ સજ્જન અનાયાસે અગ્રેસર બન્યા. જયશંકર એમની મારફત ઘણા સારા સારા માણસોના પરિચયમાં આવ્યા. જયશંકરની ઉંમર નાની, ક્ષોભ ઘણો અને લાજુલાડીપણું પણ ઘણું. કુટુંબમાં એ છૂટથી ભળે નહીં. કોઈ પરાણે જીભ ખોલાવે ત્યારે ખોલે બાકી એક ખૂણે ચાલ્યા જઈ આ ગૃહસ્થના પુસ્તકસંગ્રહનો, એમના ચિત્રસંગ્રહનો લાભ લે. પણ કુટુંબે એમની શરમ છોડાવી અને એ ઘરના માણસ બની ગયા. ગોપાળદાસ ભારે શોખીન માણસ. કપડાં, સેન્ટ, ઝવેરાત વગેરેનો એમને અનહદ શોખ. ધોતિયાની પાટલી ચીવામાં એ પોણો કલાક કાઢતા. આ બધો વૈભવ જયશંકર પણ ભોગવે એવો એમનો આગ્રહ. પણ જયશંકરે તો કલાકારના જન્મસિદ્ધ કૌશલથી પોતાને જોઈતું હતું તે જ પસંદ કરી લીધું. એમણે પુસ્તકો તો પસંદ કર્યાં જ, પણ આ કુટુંબમાંથી એમણે નારીતત્ત્વની પસંદગી કરી.

"મને પુરુષપાત્ર ભજવવાની કદી ઇચ્છા થઈ નથી. સ્ત્રીપાત્ર ભજવવું જ ખૂબ ગમતું. મારા મનની રચના એવી હશે." એમ જયશંકરે પોતાને વિશે વાત કરી છે. આ કુટુંબ સ્ત્રીપાત્ર ભજવવામાં જયશંકરને ખૂબ ઉપકારક નીવડ્યું. અનેક સુશિક્ષિત ભાઈબહેનો ગોપાળદાસને મળવા આવે. ગોપાળદાસ એ સૌની સાથે જયશંકરનો છૂટથી પરિચય કરાવે. આથી શિષ્ટ વ્યવહારના સંસ્કારો તો દૃઢ થાય જ, પણ જયશંકરના શરમાળપણાને લીધે બીજાઓને નિરીક્ષણના વિષય બનાવવાની એમને સારી ફાવટ મળી ગઈ. સ્ત્રીઓનું નિરીક્ષણ એ ખૂબીથી કરતા. કપોળ સ્ત્રીઓ એમના પોષાકની અને વ્યવહારની સુઘડતા માટે જાણીતી છે. એમના સુઘડપણાનું નિરાંતે નિરીક્ષણ અને અનુકરણ કરવાની અખૂટ સામગ્રી ગોપાળદાસના સંબંધમાંથી એમને મળી ગઈ.

પ્રેક્ષકો તરીકે ગુજરાતના વિદ્વજ્જનોએ પણ જયશંકરના વિકાસ માટે કાળજી દર્શાવી હતી. સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી, સ્વ. રણછોડભાઈ ઉદયરામ, સ્વ. છગનલાલ પંડ્યા અને પાછળથી સ્વ. નાનાલાલ કવિના સંપર્કમાં પણ જયશંકર આવ્યા હતા. સ્વ. છગનલાલ પંડ્યાએ પોતાનું 'કાદમ્બરી'નું ભાષાન્તર જયશંકરને ભેટ આપ્યું હતું, જેનું આ નટશ્રેષ્ઠે પૂરા છ માસ સુધી સેવન કર્યું હતું. બાણભટ્ટના અલંકારો સમજવાની જયશંકરને વૃત્તિ નહોતી પણ એમાંનાં વર્ણનો એ ભોગવતા. એનું સંસ્કૃતપ્રાચુર્ય પણ એ ભોગવતા. સંસ્કૃત શબ્દોનો અર્થ સંદર્ભ પરથી ઘટાવતા. આ રીતે સેંકડો તત્સમો એમને સિદ્ધ થયા હશે. પણ આમાંથી યે એમને સૌથી વધુ પ્રત્યક્ષ થતાં બાણનાં પાત્રો ખાસ કરીને ચંદ્રાપીડ અને મહાશ્વેતા. મહાશ્વેતાનું તત્ત્વ એમણે કલ્પનાથી ગ્રહી લીધું અને જયશંકરની નારીસૃષ્ટિમાં એક મહત્ત્વનો ઉમેરો થયો.

આવા જ રીતે 'સરસ્વતીચંદ્ર'ના વાચને તેમને ઘેલા કરેલા. 'સરસ્વતીચંદ્ર' પણ એમણે વારંવાર વાંચેલો. એમાંથી પણ એમણે પ્રિય કરી લીધાં ત્રણ પાત્રો : ગુણસુંદરી, કુમુદ અને કુસુમ. એમના ચિત્તે આ ત્રણે સ્ત્રીપાત્રો સાથે અનુસંધાન શોધી લીધું. જયશંકર કહે છે; "ગુણસુંદરી કરતાં કુમુદ અને કુમુદ કરતાં કુસુમ વિશેષ ગમી." વળી કહે છે: "જે ગુજરાતણને હું પ્રગટ કરવા ઈચ્છતો હતો તેની મોટી સામગ્રી 'સરસ્વતીચંદ્ર'માં ભરી હતી."

સરસ્વતીચંદ્ર કે મહાશ્વેતાનું નાટક તો કોણ જાણે ક્યારે ભજવાય, એની રાહ જોઈને કંઈ બેસી ન રહેવાય. વળી પોતાના વાંચવામાં આવેલું એકેએક સ્ત્રીપાત્ર રંગભૂમિ પર ભજવવાનું મળે એ વ્યવહારમાં પણ હમેશાં શક્ય ન જ બને. એથી નહીં ભજવાયેલાં અનેક નાટકોની નાયિકા જયશંકર કલ્પનાથી થતા. એને માટે નાટકની પણ જરૂર નહીં: ફક્ત પાત્ર જોઈએ. બાણભટ્ટની કાદંબરી કે ગો. મા. ત્રિ.નો સરસ્વતીચંદ્ર એ કંઈ નાટકો નથી. પણ એમાંથી અનુપમ સ્ત્રીપાત્રો જયશંકરને મળી રહ્યાં તે પૂરતું હતું. સમર્થ સર્જકોએ ઘડેલી આ વિશિષ્ટ નારીઓને રંગભૂમિ પર મૂર્ત કરવી હોય તો એ કેમ બેસે, કેમ ઊઠે, કેમ ચાલે, કેમ બોલે, કેવી દેખાય, કેવા હાવભાવ કરે, લેખકે સર્જેલી ઘટનાઓમાં કેમ પ્રવર્તે, વિવિધ ભાવોમાં કેવી રીતે પ્રવેશે, એ બધું કલ્પનાથી મેળવી મેળવીને જયશંકરે પોતાની ફુરસદની ક્ષણોમાં, ઓરડીના એકાન્તમાં સિદ્ધ કરવા માંડ્યું. આમાં ભજવનાર પણ પોતે અને પ્રેક્ષક પણ પોતે. ભજવનાર કેવું ભજવે છે તે પ્રેક્ષકને ઓરડીમાંનો અરીસો કહેતો. ઓરડીના એકાન્તમાં અરીસાની સાક્ષીએ જયશંકરે જે અભિનયવ્યાયામ કર્યો હતો તેનાં ફક્ત પરિણામો રંગભૂમિ પર દેખવા મળતાં હતાં. પણ તેની પાછળનો પરિશ્રમ આ પ્રકારનો હતો. પ્રાપ્ત જીવનકાર્યમાં અધિકાધિક કુશળતા પ્રાપ્ત કરવા એકાગ્ર પરિશ્રમ કરવો એને જો યોગ કહી શકાય તો જયશંકરની આ યોગસાધના હતી.

ઉન્નત સાહિત્યના સ્પર્શથી એમની રુચિ સંસ્કારાઇ હતી. અને બારીક અવલોકનશક્તિથી સ્ત્રીનાં લક્ષણો એ આત્મસાત્ કર્યે જતા હતા. જયશંકર કહે છે કે, "મારું શિક્ષણ બે જગ્યાએથી : પુસ્તકોમાંથી અને પ્રત્યક્ષ સ્ત્રીઓમાંથી."

પુરુષ હોઈને સ્ત્રીને મૂર્ત કરવી એ કેવું વિકટ કામ ? વિધાતાની યોજના ઉથલાવવાનો જ એ પ્રપંચ થયો ને? એ વિકટ કામ જયશંકરે બજાવ્યું. અમુક હદ સુધી સ્થૂળ અનુકરણ આભાસ ઉપજાવવામાં સહાય કરે, પણ આજ તો સ્ત્રી, સ્ત્રીઓએ પણ થવા જેવી સ્ત્રી, એવું જોતાંવેંત લોકો બોલી ઊઠે એવી સ્ત્રી જયશંકર થયા. એમના જેવી ચાલ ચાલવા, એમના જેવા બોલ બોલવા, એમના જેવાં વસ્ત્ર સજવા મુંબઈની શ્રીમંત સ્ત્રીઓ મરી ફીટતી. કિંવદંતી પણ ચાલી કે ફૅશનની બાબતમાં મુંબઈની ભાટિયાણીઓ અને કપોળણો જયશંકરનું ટ્યુશન લે છે.

પણ જયશંકરને અનેક સ્ત્રી પણ થવું હતું અને એક સ્ત્રી પણ થવું હતું. અનેકોને એ ઓળખવા મથતા પણ એમાંથી નારીનો એક આદર્શ એમને સરજવો હતો. આ આદર્શ નારી કોઈ શરીરધારિણી રૂપે સામી મળે તો તો એનું અનુકરણ કરીને કૃતાર્થ થવાય. પણ એ તો ક્યાંથી મળે? એટલે વાટે અને ઘાટે, ચોરે અને ચૌટે જયશંકરે 'સ્ત્રી' શોધવા માંડી. મિત્રો સાથે ફરવા નીકળ્યા હોય, કે કોઇને ત્યાં મળવા ગયા હોય, મેદનીમાંથી માર્ગ કરતા હોય કે એક ગામથી બીજે ગામ રેલગાડીમાં પ્રવાસ કરતા હોય, પણ એમની આંખ અને એમના કાન તો પોતાનું કામ જ કર્યે જતા. આ ખોજ એમની અવિરામ સાધના હતી. આ ખોજને સ્ત્રી સાથે સંબંધ હતો, એની સામાજિક કે આર્થિક સ્થિતિ સાથે નહીં. પરિણામે જયશંકર કહે છે તેમ સ્ત્રીનું હૃદ્ગત પારખવું એમને બહુ સહેલું થઈ પડ્યું. સ્ત્રીને ઉપાસતાં મનથી એ સ્ત્રી જ બની ગયા.

છતાં એમની આદર્શ સ્ત્રી હજી એમને મળી નહોતી. પણ એક દિવસ એમના મિત્ર અને મુરબ્બી ગોપાળદાસને ત્યાં જ એ મળી ગઈ. એક ઉનાળામાં હવા ખાવા માટે મુંબઈથી સહેજ દૂર અંધેરીમાં ગોપાળદાસને બંગલે જયશંકર મહેમાન બન્યા હતા. ત્યાં ગોપાળદાસનાં પત્ની કૃષ્ણાબહેનના ભાઇની વાગ્દત્તા વધૂ ગુલાબબહેન પણ આવેલાં. કિશોરી મુગ્ધાવસ્થામાં પ્રવેશ કરતી હતી અને થોડા સમય પછી થનારા લગ્નનો પણ ઉમંગ હતો. સુઘડ વસ્ત્રો, મધુર હાસ્ય, સુંદર ગતિ, વ્યક્તિત્વ આખાની યે મોહક છટા—આંખમાંથી ફૂલડાં ઝરે અને પગની પાનીએથી કુમકુમ ખરે એમ કવિકલ્પના જેને વિશે કહી શકે એવું નખશીખ નયનમનોહર એ નારીરૂપ હતું. ગુલાબબહેનમાં જયશંકરને જોઈતી હતી તે ગુજરાતણ જડી ગઈ. જયશંકરે ગુલાબ થવા આકાશઅવનિ એક કર્યાં. થોડાક દિવસ પછી 'જુગલ જુગારી' નાટક ભજવાવાનું હતું. જયશંકરએ નાટકની નાયિકા લલિતાની ભૂમિકામાં હતા. ગોપાળદાસનું કુટુંબ નાટક જોવા આવેલું. લલિતાને અભિનય કરતી જોઇને કૃષ્ણાબહેન બોલી ઊઠ્યાં: "જોયું, જયશંકર તો અસ્સલ આપણી ગુલાબ લાગે છે!"

પાનબીડીઓથી, ઠઠ્ઠામશ્કરીઓથી, અર્થહીન વાતચીતોથી, સર્વશક્તિહર પ્રમાદથી, કીર્તિના કેફથી કે ધનની લાલસાથી—સામાન્ય નટ માટે કલ્પી લેવાતાં સર્વ અપલક્ષણોમાંથી જયશંકર મુક્ત રહ્યા, એટલું જ નહિ, પોતાની સાધના માટેની શિસ્ત પણ પોતાની સ્ફૂર્તિથી પોતે જ પ્રગટાવી. જે જયશંકરે માસ્તરના મારથી ત્રાસીને કે નીરસ ગોખણપટ્ટીથી ત્રાસીને નિશાળને રામરામ કરેલા તેણે નટ તરીકેની શક્તિ ખીલવવા સ્વાધ્યાયનો પણ વગર કહ્યે આશ્રય લીધો. પહેલાં એ વાંચતા કે ભણતા નહોતા એનો વડીલોને વસવસો હતો. હવે એ વાંચે એનો નાટકકંપનીના માલિકોને વિરોધ હતો. બહુ વાંચવાથી ગળું ખરાબ થઈ જાય છે એમ સુદ્ધાં એ કહી ચૂકેલા! પણ જયશંકર તો પોતાના બીજા નટમિત્રોને પણ સમયની વ્યર્થ બરબાદીમાંથી વારવાનો અને વાચનનો ચેપ લગાડવાનો પ્રયત્ન કરતા.

મુંબઈ ગુજરાતી નાટકમંડળીમાં એક સુખ એ હતું કે ત્યાં 'છોકરા'ઓને મારની કે બીજી રંજાડ નહોતી. ખાવાપીવાનું સારું મળતું, ઉનાળામાં છત્રી અને દિવાળીમાં ફટાકડા પણ મળતા. કંપનીની આર્થિક સ્થિતિ સારી હોય ત્યારે વારતહેવારે ભેટો પણ મળતી. જયશંકર તો પોતાની જ શરતે આવેલા અને પહેલા જ ખેલમાં પ્રેક્ષકો ઉપર એમણે જે જાદુ કર્યો તેથી કંપની માટે અનિવાર્ય જેવા બની ગયેલા. એમની પ્રત્યેનો સૌનો–માલિકોનો વર્તાવ પણ કૂણો રહેતો. એમની ખાનગી વાતોમાં પણ જયશંકરની હાજરી એમને કઠતી નહોતી. સ્વ. બાપુલાલ નાયક એમને લાવનાર એમના મુરબ્બી હતા, અભિનયના શિક્ષાગુરુ હતા, તેમ મિત્ર પણ હતા. રંગભૂમિની પલટાતી રુચિ સમજવાની સૂઝ પણ બાપુલાલમાં હતી. બાપુલાલની હૂંફ જયશંકર જેવા ઊછરતા જુવાન માટે કીમતી હતી.

બીજા હૃદયના મિત્ર તે સ્વ. પં. વાડીલાલ શિવરામ નાયક હતા એ જયશંકરના સંગીતગુરુ તો હતા જ; વળી એમને સંસ્કૃતનું પણ શિક્ષણ આપતા. પણ બંને પરસ્પર માટે હૃદય ઠાલવવાનું ઠેકાણું પણ હતા. સ્વ. વાડીલાલ નાયકનું નામ આવતાં જયશંકર આજે પણ ગળગળા બની જાય છે. એકેએક રાગની બાંધણી જુદી હોય છતાં

એનું ગુજરાતીપણું અને વૈવિધ્ય બંને જળવાયાં હોય એવી પાંચસોથી ઓછી નહિ એટલી તરજો બાંધી જનાર આ મહાન સંગીતકાર આટલો બધો ઉપેક્ષિત રહ્યો તેનું જયશંકરને દુઃખ છે.

મુંબઇ ગુજરાતી નાટકમંડળીના નાટ્યલેખક—જે કંપનીમાં 'કવિ' કહેવાતા—તે શ્રી મૂળશંકર મૂલાણી પણ જયશંકરના એક પ્રેરક અને પ્રોત્સાહક વડીલ મિત્ર હતા. ધંધાદારી નાટકમંડળીમાં અભિનેતાઓને લક્ષમાં રાખીને નાટકો માગ્યા પ્રમાણે લખી આપવાનાં હોય છે. પણ શ્રી મૂલાણી એ મર્યાદામાંથી યે સંસ્કૃત-અંગ્રેજી નાટ્યસાહિત્યના સ્પર્શવાળી શિષ્ટ નાટ્યકૃતિ 'સુંદરી'ને નજર આગળ રાખીને રચી આપતા.

પણ મર્યાદા એટલે મર્યાદા. આજે ધંધાદારી નાટકમંડળીની મર્યાદાઓ એટલી બધી જાણીતી છે, એની હાંસી પણ એટલી બધી થએલી છે કે વિસ્તારીને એ કહેવાની જરૂર જ નથી. માઇક વગરના જમાનામાં ઠેઠ છેડેના પ્રેક્ષકને સંભળાવવાને માટે મોટે સાદે અને કૃત્રિમ લહેંકે પાઠ ભણી જવો, વન્સમોર પડે તો ફરીફરીને ગાવું, અને મરણ પામેલા માણસે પણ ફરી સજીવન થઇને ફરી લડીને ફરી ભોંયે પટકાઇને પ્રેક્ષકોને રીઝવવા મરવું–આ બધું એમાં પોસાતું હતું. હલકી અને ઉંચી અભિરુચિનો વિવેક જ નહોતો. જરાજરામાં ગાયનો ગવાતાં. નાટ્યવિકાસને થંભાવીને પણ લાંબાં ટાહેલાં થતાં. સંભવાસંભવનું, રસના સાતત્યનું–કશાનું ઠેકાણું નહોતું.

આ સૃષ્ટિમાં જયશંકર જેવા સાધક આત્માનો પ્રવેશ થયો હતો. એને બધું ઓછું ઓછું લાગે, એ અકળાયા કરે એ સ્વાભાવિક હતું. ઘણી વાર એમને થતું કે આ બધું ભાંગીને ભુક્કા કરીને કશુંક નવું સરજાવવું જોઇએ. પણ પ્રેક્ષકોની ઘડાયેલી રુચિને અને કલાની ઉચ્ચ અપેક્ષાઓને બેઉને સંતોષે એવું નાટક ક્યાં હતું? છેક પાછળથી જયશંકરના આગ્રહથી અને બાપુલાલની સંમતિથી સ્વ. રમણભાઈ નીલકંઠનું 'રાઇનો પર્વત' નાટક ભજવવાની હિંમત કરેલી, પણ ફરી એવો અખતરો કરવાનું કંપનીવાળાનું દિલ નહિ રહ્યું હોય.

પણ જયશંકરનો નાટકનો રસ એવો હતો કે આમાંથી ભાગી છૂટવાને બદલે ધીરેધીરે કળેકળે આને પલટવાની નીતિ એમણે ગ્રહી. અંગત રીતે એમનો સિતારો ચડતો જતો હતો. એમનો પગાર પણ વધારીને ૪૫ કરવામાં આવેલો અને કંપનીમાં જોડાયાને છએક વર્ષ થયાં હશે ત્યાં તો એમને કંપનીમાં એક આની ભાગ પણ આપેલો, અને એમની ભાગીદારી પણ ૧૯૦૪થી ગણેલી. આમ એમનો વક્કર વધતો જતો હતો ત્યારે એમને એક અભિલાષા એ થતી કે બધું પોતે તૈયાર કરી દે તો કેવું સારું બને? પણ એ સમય ઘણો મોડો આવ્યો. અલબત્ત, ૧૯૦૬થી બીજાઓને તાલીમ આપવાનું નાનુંનાનું કામ એમને સોંપાવું, પણ આખું દિગ્દર્શન એમણે ઘણું મોડું સંભાળ્યું.

અભિનેતા તરીકે જયશંકરનું મુખ્ય કામ 'ગાળા પૂરવાનું' હતું. એમના આ પ્રિય શબ્દો છે. લેખકે જે સૃષ્ટિ સરજી હોય તેમાં થોડુંક પ્રત્યક્ષ હોય છે તેમ થોડુંક સૂચિત અથવા ગર્ભિત હોય છે. આ જે સૂચિત કે ગર્ભિત હોય તે અભિનયથી વ્યક્ત કરવાનું હોય છે. બધું કંઈ લખાણમાં ફોડ પાડીને કહેવાય નહીં. પણ લેખકનો મર્મ પામી જઇને બધાં ઇંગિતો પ્રગટ કરવાં એનું નામ જયશંકરની પરિભાષામાં 'ગાળા પૂરવા.' કેવી રીતે જયશંકર ગાળા પૂરતા તેનો એક રસિક કિસ્સો નોંધવા જેવો છે:

'સ્વામીભક્તિ' નાટક મૂળ મામા વરેરકરે શિવાજીના જીવનની ઐતિહાસિક ઘટના નિરૂપવા લખેલું. મરાઠીમાં એ નાટક વખણાયું એટલે જોસેફ ડેવિડ નામના માણસે એનું ગુજરાતી કરીને બાપુલાલને પધરાવ્યું. મુંબઈ ગુજરાતીએ એ ભજવવાનું નક્કી કર્યું. 'સ્વામીભક્તિ'-માં જયશંકરને પૂતળાબાઇની ભૂમિકા ભજવવાની હતી. પૂતળા ગામડિયણ હતી. એનો પતિ શિવાજીના લશ્કરમાં સૈનિક હતો. એની વફાદારી ઢીલી પડતી દેખીને રખેને હિંદુપત પાદશાહી ઢીલી પડશે એ બીકે સેનાપતિને પૂતળાએ જ ફરિયાદ કરી. સેનાપતિએ સ્ત્રીસુલભ પ્રેમથી પતિનો સ્વદેશપ્રેમ જાગ્રત કરવાની યુક્તિ બતાવી. પછી તો પૂતળાના પતિની દેશભક્તિ દૃઢ થતી ચાલી. હવે એ સૈનિકનો ચહેરો શિવાજીના ચહેરાને મળતો આવતો હતો. તેથી એક પ્રસંગે જ્યારે શિવાજીને દુશ્મન પાસે જવાનું આવ્યું ત્યારે શિવાજીને બદલે આ સૈનિકને મોકલવો એમ નક્કી થયું. જાન જાય એવું જોખમ હતું. પણ દેશના ઉત્કર્ષ આગળ બાઇએ પોતાના સૌભાગ્યને ગૌણ ગણ્યું. પત્નીની વિદાય માગવા પતિ આવ્યો. વિદાયની ભૂમિકારૂપ મિલનની એ ગંભીર ક્ષણે આંખમાં પતિ પ્રત્યે અખૂટ પ્રેમ છલકાતો હતો, હૃદય તૂટતું હતું, છતાં સંભવિત વૈધવ્યનું સાગેયું કરતી હોય એમ પૂતળાએ વગર બોલ્યે એક પછી એક ચૂડીઓ ઉતારવા માંડી. આર્ય સૌભાગ્યવતીને કંકણવિહોણી જોઇને કયો હિંદુ કકળી ન ઊઠે? પતિ ગળગળે સાદે ફક્ત આટલું જ બોલ્યો: "પૂતળા!" અને પૂતળાના બે હાથ જોડીને શેલું વિંટાળી દીધું. કેવળ મૂક ક્રિયાથી વિદાયની પરવાનગી આપવાનો આ પ્રકાર અભિનયની પરમ સિદ્ધિ જેવો હતો. જયશંકરે જ આપસૂઝથી આ ગાળો પૂર્યો હતો.

પણ પ્રસંગનો રસિક ભાગ હવે આવે છે. જે શનિવારે 'સ્વામીભક્તિ'નો પહેલો ખેલ પડ્યો તે શનિવારે આ સાહિત્ય-ચોરી પર લ્યાનતો વરસાવતા મામા વરેરકર નાટકમાં આવ્યા. તે વખતે નાટક ચાલુ હતું. બીજા ડ્રોપ વખતે એ વિંગમાં ગયા. જયશંકરને મળ્યા. ખૂબ ગુસ્સાથી પૂછ્યું: "શું કર્યું આ તમે? નાટક ભજવવા માટે લેખકની પરવાનગી પણ લેવાની નહીં? કાગળની એક ચબરખી સુદ્ધાં નહીં! મારે તમને લોકોને નોટીસ આપવી પડશે. પણ આવતા શનિવાર સુધીમાં તો એ નહીં જ આપી શકાય. મારે મારા નટોને આવતા શનિવારના ખેલમાં અહીં લાવીને આ નાટક દેખાડવું પડશે અને કહેવું પડશે કે, જુઓ, શિવાજીની ભૂમિકા આમ ભજવાય, સેનાપતિને આમ ભજવાય, અને પૂતળાનો અભિનય આવો હોય. એટલે હવે ત્રીજા શનિવાર પર વાત જશે."

જયશંકરે ગુજરાતણને રંગભૂમિ પર સજીવ કરીને અને આવા ગાળા પૂરીને ધંધાદારી રંગભૂમિનું આકર્ષણ ટકાવી રાખ્યું. જ્યાં સુધી એમની સ્ફૂર્તિએ કામ આપ્યું ત્યાં સુધી નાટકના આકર્ષણનું મધ્યબિંદુ એ જ રહ્યા. ત્રણ કોડી કરતાં વધુ નાટકોમાં નાયિકાની ભૂમિકા એમણે ભજવી હતી અને દરેક ભૂમિકા નોખી નોખી હતી. આ બધાં નાટકો એમને એકસરખાં ગમ્યાં નથી, પણ કેટલાંક એમને વિવિધ કારણોસર વિશેષ ગમ્યાં હતાં.

'જુગલજુગારી'માં લલિતા થવાનું એમને ખૂબ પ્રિય હતું. સહનશીલ ગુજરાતણને મૂર્ત કરવાની એમાં તક હતી. લલિતાના કામનું પ્રમાણ ઓછું હતું પરંતુ આખા નાટકમાં છાઈ જવાની એ પાત્રની જે શક્યતા હતી તે પ્રગટ કરવી જયશંકરને ખૂબ ગમતી.

'કામલતા', 'વિક્રમચરિત' અને બીજાં એકબે નાટકનાં થોડાંક દૃશ્યોની છબિઓ આ લેખ સાથે પ્રસિદ્ધ કરી છે. પંદરસોળ વર્ષના જયશંકરનું આકર્ષણ પ્રગટ કરવાની છબિની શક્તિ ખૂબ જ મર્યાદિત છે છતાં આછો ખયાલ પણ એ આપે તો પૂરતું થશે.

'કામલતા' નાટકની ભૂમિકા શાકુન્તલની હતી. કામલતાને સમજવા માટે જયશંકર સાહિત્ય તરફ વળ્યા એટલું વ્યક્તિજીવનમાં એનું ઐતિહાસિક મહત્ત્વ પણ ખરું. પણ પતિ તરફનો ગાઢ પ્રેમ વ્યક્ત

કરવાનો એમાં અવકાશ હતો તે કારણે જયશંકરને એ નાટક ખૂબ ગમતું.

સર્વસ્વસમર્પણની નારીની એષણા 'દેવકન્યા'માં વ્યક્ત થતી હતી. જાણે સ્ત્રી કોઈ આધ્યાત્મિક અનુભવમાંથી પસાર થતી હોય એમ દેવકન્યાના પાત્રને અનુલક્ષીને જયશંકર કલ્પના કરતા અને એ રીતે એ પાત્ર તલ્લીન બનીને ભજવતા.

સ્ત્રીપુરુષના સ્થૂળ દૈહિક સંબંધમાંથી ક્રમેક્રમે છૂટીને પરમાત્મ-સ્વરૂપે કૃષ્ણને પ્રાપ્ત કરવાનો રાધાનો સાધનાક્રમ રાધાની ભક્તિમાં કલ્પવાની એમણે ટેવ પાડી હોઈ 'કૃષ્ણચરિત્ર'માં રાધા થવા એ તલસતા.

'મધુબંસરી' અને 'સ્નેહસરિતા'માં સતી સુલક્ષણી અને કહ્યાગરી હિંદુ નારીને ઠેકાણે નવા શિક્ષણના પ્રભાવે કરીને સરજાતી નવીન સ્ત્રી ઉદય પામતી હતી. પણ 'મધુબંસરી' તેમજ 'કાશ્મીરનું પ્રભાત' એ બે નાટકો એકબીજા કારણે પણ પ્રિય લાગતાં હતાં. જયશંકરનું નવલકથાઓનું અને નાટકોનું વાચન જેમ વિપુલ હતું તેમ ધાર્મિક સાહિત્યનું વાચન પણ વિપુલ હતું. ધર્મની બાબતમાં એ સામ્પ્રદાયિક નહોતા—આજે પણ નથી. પણ કુટુંબપ્રાપ્ત ધર્મને યથાર્થ સમજીને બીજા ધર્મોના અભ્યાસથી ધર્માચરણ પરિશુદ્ધ કરતા જવું એવો એમનો ક્રમ હતો. આવી સંવેદનશીલ નિર્મળ વ્યક્તિને ગાંધીજીની લોકલડતો આકર્ષ્યા વિના કેમ રહે? વ્યવસાય છોડીને લડતમાં ઝંપલાવવાનું એમને હાથે બન્યું નહીં. પણ વ્યવસાય આચરતાં દેશમાં પ્રબળ થતી સ્વાતંત્ર્યની અકાંક્ષાને મૂર્ત કરવાનું એમને ખૂબ ગમતું.

ગુજરાતી રંગભૂમિ પણ એમ તો પરિવર્તન પામતી લોકલાગણીની પારાશીશી બની છે એમ સૂક્ષ્મ નજરે જોતાં લાગશે. વસ્તુ મધ્યકાલીન હોય કે અર્વાચીન, ઐતિહાસિક હોય કે સામાજિક પણ પ્રજાની સ્વાતંત્ર્ય ઝંખનાનું રંગભૂમિએ પણ યત્કિંચિત્ સમર્થન કર્યું છે. સ્વ. નૃસિંહ વિભાકરનાં નાટકોએ નવી ઉદય પામતી આકાંક્ષાઓને મૂર્ત કરવાનું કામ તે સમયની મર્યાદાઓમાં રહીને પણ સુંદર રીતે બજાવેલું. નવાં મૂલ્યાંકનો, સમાનોન્નતિની સ્વચ્છ દૃષ્ટિ, સ્વરાજ્યના સંકેતો, નવી અપેક્ષાઓ, નવી સ્ત્રીઓ, એ સૌનો એક નવલો વણાટ વિભાકરે ઉપજાવ્યો. સંગીતની તરજો તેમ છતાં વિભાકર બરાબર સાચવતા. ચમકવાળા સંવાદો અને વાચાળ, વિનોદી, છટાવાળાં સ્ત્રીપાત્રો એ વિભાકરનાં નાટકોની બીજી વિશેષતા હતી. જયશંકરને આ નાટકો કંઈક શ્વાસ ખાવા દે એમ હતાં. એમણે વિભાકરનાં નાટકો હોંસથી ભજવ્યાં.

ધંધાદારી રંગભૂમિમાં વિભાકર–યુગ ૧૯૧૪ની સાલમાં બેઠો ગણાય. ૧૯૧૫માં વિભાકરનું પહેલું નાટક 'સ્નેહસરિતા' ભજવાયું.

'અરુણોદય'નો એક પ્રસંગ રંગભૂમિના ઇતિહાસમાં અવિસ્મરણીય બને એવો છે. નાયિકા બાલિકાઓની એક સંસ્થા ચલાવે છે. એમાં બાલિકાઓને ઉદ્દેશીને નાયિકાએ ગાવાનું હોય છે.

'તમે પહેરોને ખાદી.'

નાયિકાની ભૂમિકામાં જયશંકરે છૂટ એ લીધી કે બાલિકાઓને ઉદ્દેશીને 'તમે પહેરોને ખાદી' ગાયા પછી પ્રેક્ષકોમાં કાળી ટોપી પહેરીને બેઠેલાઓને નોંધીને ફરીથી એ લીટી સંભળાવી. ટપોટપ કાળી ટોપીઓ માથેથી ઊડીને રંગભૂમિ પર આવી. સો-બસો કાળી ટોપીઓનો ઢગલો થયો. પણ ઉઘાડે માથે ફરવાનો એ જમાનો નહીં એટલે નાટક પૂરું થયા પછી ટોપીઓ પાછી લેવા પ્રેક્ષકો દોડ્યા. પછી તો ક્રમ એવો રાખ્યો કે રંગભૂમિ પર જેમની કાળી ટોપીઓ આવી પડે તેના બદલામાં ખાદીની સફેદ ટોપીઓ પ્રેક્ષકોને આપવી!

'ભજવવામાં હું આનંદાતિશયનો અનુભવ કરું છું' એમ જયશંકર વારંવાર કહે છે. પણ ભૂમિકા જેમ અઘરી અથવા અટપટી તેમ જયશંકરનો ઉત્સાહ દ્વિગુણિત થતો. 'નૂરજહાં' એ દ્વિજેન્દ્ર રૉયનું નાટક. જયશંકર વ્યાસે એનું ગુજરાતી કરેલું. એ પાત્રની વિશેષતા એ હતી કે ચિત્તની ભીતરમાં જે મથામણ ચાલતી હોય તેથી વિરુદ્ધના ઉદ્ગારો એ કાઢે અને છતાં મનોગ્રંથન દર્શાવવું પડે. આખરે નૂરજહાં ગાંડી થઈ જાય છે. એ ગાંડી નૂરજહાંનો પાઠ કરવા માટે જયશંકર ગાંડાની ઇસ્પિતાલમાં જઈને દાક્તરની મદદથી ગાંડપણની વિવિધ સ્થિતિઓનો અભ્યાસ કરી આવ્યા.

એવું જ પાત્ર 'અજબકુમારી' નાટકમાં અજબકુમારીનું. અંતરમાં જ્વાલા પ્રગટી હોય ત્યારે પણ જીભ એનો અણસાર સરખો આવવા ન દે. એ પાત્રના આંતરજીવનને અભિનયથી વ્યક્ત કરવા એ બીજા પ્રકારની ગાંડી છોકરી સાથે તાદાત્મ્ય સાધી અભિનય કરતા.

પણ જયશંકરને ગમતાં નાટકોનો વાસ્તવિક પરિચય એ નાટકો ભજવાય તો જ આવે એટલે અહીં અટકવું જોઈશે.

ધંધાદારી રંગભૂમિને ચીલાબહાર નીકળવાની ઉતાવળ નહોતી અને ભજવાતાં નાટકોથી જયશંકરને કષ્ટ થતું હતું. તેથી મુંબઈ ગુજરાતી નાટકમંડળી ભાગી પડી પછી 'આર્ય સુબોધ નાટકમંડળી' અને 'લક્ષ્મીકાંત નાટક સમાજ'માં થોડો સમય કામ કરી સ્વ. બાપુલાલે ફરી શરૂ કરેલી મુંબઈ ગુજરાતી નાટકમંડળીમાં જયશંકર જોડાયા. પણ ૩૫ વર્ષ અભિનેતા તરીકે કામ કર્યા પછી "રંગભૂમિને મારો ખપ નથી" એવા ભાવ સહિત ૧૯૩૨માં જયશંકર નિવૃત્ત થયા.

પણ નાટ્યરસમાંથી એમને નિવૃત્તિ મળે એવું નિર્માણ જ નથી. નિવૃત્ત થઈને વીસનગર આવ્યા. એમના મિત્ર અને પ્રેરણાદાતા શ્રી. રસિકલાલ પરીખ કહે છે તેમ 'ઘી-ગોળની દુકાન માંડી' છતાં નાટકને એ વિસર્યા નહીં. અવેતન રંગભૂમિ અહીંતહીં ડોકું કાઢતી હતી તેમાં જયશંકરે ભાવી આશાનું દર્શન કર્યું. વીસનગરમાં એમના પ્રમુખપદે એક સાહિત્ય-કલામંડળ સ્થપાયું તેણે પણ અવેતન નાટ્યપ્રવૃત્તિ શરૂ કરી. 'શંકિત હૃદય' (ર. વ. દેસાઈ કૃત) અને 'રૂપિયાનું ઝાડ' (ર. છો. પરીખ કૃત) એ નાટકો તૈયાર કર્યાં, ને વીસનગર, પાટણ તથા મહેસાણામાં ભજવ્યાં. અવેતન કલાકારોને ઘડવા, એમને નાટકનો રસ લગાડવો અને એમ કરતાં કોઈ વાર રંગભૂમિનો ઉદ્ધાર કરનારો નીકળી આવે તો પ્રયત્નની સાર્થકતા અનુભવવી એ જ એમનું લક્ષ્ય.

તે ઉપરાંત રંગભૂમિ વિશે લેખો લખવામાં પણ એમણે નિવૃત્તિનો ઉપયોગ કર્યો. 'રંગભૂમિના મારા સહયોગીઓને', અને 'મારું સ્વપ્ન ફળશે કે સ્વપ્નનું ખંડેર થશે' એ બે લાગણીભર્યા લેખો જયશંકરના હૃદયમાં રંગભૂમિના ઉદ્ધારની જે લગની છે તે પ્રગટ કરે છે. 'ભવાઇ અને તરગાળા' એ એમનો લેખ માહિતીપૂર્ણ છે. શ્રી મૂળશંકર મૂળાણી સન્માન-સમારંભ ગુજરાત સાહિત્ય સભાએ ઉજવ્યો તે પ્રસંગે શ્રી મૂળાણીનાં નાટકો વિશે એમણે જે સાભિનય સુદીર્ઘ વ્યાખ્યાન આપ્યું હતું તે વ્યવસાયી રંગભૂમિનાં અપ્રગટ નાટકોની સરસ સમીક્ષા કરે છે. જયશંકરને સાહિત્યિક કહી શકાય એવી ભાષા વરેલી છે તેની પણ આટલી અલ્પ સામગ્રી સાક્ષી પૂરે છે. એમનું જીવન વ્યવસાયી રંગભૂમિનો ૩૫ વર્ષનો ઇતિહાસ છે. એમની નોંધોમાંથી જ્યારે એ ઇતિહાસ સરજાશે ત્યારે એની પ્રતીતિ થશે.

૧૯૪૮માં ગુજરાત વિદ્યાસભાની કારકિર્દીનાં પહેલાં સો વર્ષ પૂરાં થયાં. એ શતાબ્દી મહોત્સવ પ્રસંગે 'રાઇનો પર્વત' નાટક અમદાવાદની બધી અવેતન નાટ્યસંસ્થાઓના સહકારથી ભજવવું એમ નક્કી થયું. નટોને તાલીમ આપવા માટે શ્રી જયશંકરને વીસનગરથી તેડાવવામાં આવ્યા. એ આવવા નીકળ્યા હશે ત્યારે એમને ભાગ્યે જ ખયાલ હશે કે નાટક એમની નિવૃત્તિ તજાવશે. એમણે જે તાલીમ આપી તેથી અવેતન કલાકારોને પ્રતીતિ થઈ કે (અનુ. પૃ. ૧૬૩મે)

કલાવાર્તા

દાદીમા મોઝીસ

વૃદ્ધાવસ્થાએ પહોંચેલી વ્યક્તિમાંથી લોકોનો રસ સામાન્યતઃ ઊડી જતો હોય છે અને એને પણ પોતાના જરાજીર્ણ થતા જીવનમાં બહુ રસ રહેતો નથી હોતો. પરંતુ આ સામાન્ય ધોરણથી મુક્ત એવી કેટલીક વ્યક્તિઓ હોય છે, જે જીવન પ્રત્યે જરા યે વિરસ બન્યા વિના પોતાની સર્જનપ્રવૃત્તિ ચાલુ રાખે છે, અને એ સર્જકતાને કારણે લોકોનો પણ રસ એનામાં જેવો ને તેવો ઉત્કટ રહે છે. ખરું જોતાં પ્રવૃત્તિવિમુખતા જ જીવનમાં વિરસતાનું પ્રધાન કારણ હોય છે. બર્નાર્ડ શૉ એથી કહેતા કે, 'હું કટાવાને બદલે ઘસાવાનું વધુ પસંદ કરું છું.' શૉની પરંપરાની જ બીજી એક વ્યક્તિ આજે આપણી વચ્ચે જીવંત છે ને તે ન્યૂ યૉર્કમાં ઈગલબ્રિજ નજીક રહેતી ૯૩ વર્ષની શ્રીમતી મોઝીસ, જે 'દાદીમા મોઝીસ' (Grandma Moses) નામે અમેરિકામાં તેમજ બહાર પણ પ્રસિદ્ધ છે.

આ પ્રસિદ્ધિ એને અપાવનાર છે એનાં ચિત્રો. એ ચિત્રોમાં આદિકાલના માનવમાનસના પડતા પ્રતિબિંબે દાદીમા મોઝીસને એક અસામાન્ય ચિત્રલેખા સિદ્ધ કરી છે. એ પોતે તો અર્થ કે કીર્તિથી નિઃસ્પૃહ રહી પોતાનું કાર્ય કર્યે જાય છે અને આજ સુધીમાં હજારેક જેટલાં ચિત્રો ચીતરી ચૂકેલ છે. ઈ. સ. ૧૯૪૨માં પહેલવહેલું રાષ્ટ્રીય કલાપારિતોષિક મેળવ્યા પછી વર્તમાનપત્રો ને કલા-સામયિકોમાં એનાં ચિત્રોની સમીક્ષા થતી જ રહી છે. અનેક સંગ્રહાલયો અને ખાનગી સંગ્રાહકોના સંગ્રહમાં એનાં ચિત્રો પહોંચી ગયાં છે. પરંતુ અમેરિકાના પ્રમુખ દ્વારા સંમાનસમારંભ-નિમંત્રણ મળ્યું હોય કે કોઈ કલાસંસ્થા દ્વારા સંમાનસમારંભ યોજાયો હોય, પણ દાદીમા મોઝીસ તો જરાયે મોટપ અપનાવ્યા વિના સીધાંસાદાં નિરભિમાન ગ્રામ્ય નારી જ રહ્યાં છે.


દાદીમા મોઝીસનું જન્મનું નામ આના મેરી રૉબર્ટસન. મોટા પરિવારમાં જન્મેલી આનાએ બાર વરસની ઉંમરથી જુદાં જુદાં કુટુંબોમાં ઘરકામ કરવા માંડી સ્વતંત્રપણે કમાવું શરૂ કરેલું. આગળ જતાં ટૉમસ મોઝીસ નામના એક ખેડૂત સાથે લગ્ન કરી ખેડૂતજીવન શરૂ કર્યું, અને ૧૯૨૭માં પતિના અવસાન પછી પોતાનાં સંતાનો સાથે મળી જાતે ખેતીનું બધું કામ સંભાળવા માંડ્યું.

અત્યાર સુધીમાં જેમનાં ચિત્રોનાં પચાસ ઉપરાંત પ્રદર્શનો ભરાઈ ચૂકેલાં છે એ દાદીમા મોઝીસની આ કલાપ્રતિભા પાંગર્યે બહુ લાંબો સમય નથી થયો. આજથી પંદર વર્ષ પહેલાં



અગાઉ અનેકવાર કહેવાયું છે તેમ, ભારતીય ચિત્રકળા હૂબહૂ આલેખન દ્વારા નહિ, પણ વસ્તુ કે પાત્રની વિશિષ્ટતા તથા લાક્ષણિકતાને જરા અતિશયોક્તિની માત્રાથી તથા જનસામાન્યને હૃદયસ્પર્શી બને તેવી વિશદતા–સરલતાથી પોતાનું કથયિતવ્ય રજૂ કરે છે. અજંતાની નારીઓનાં લાંબાં નેણ કે મુલાયમ વળાંક લેતી આંગળીઓ આનું દૃષ્ટાંત છે, જેમાં જણાતી અતિશયોક્તિની માત્રાનો ઉદ્દેશ સ્ત્રીસૌંદર્યમાં રહેલા લાવણ્યના તત્ત્વને આગળપડતું કરી બતાવવાનો છે. પ્રાચીન શિલ્પો તથા ચિત્રોની એ શૈલી ઉપર રચાએલું 'રવીન્દ્રનાથ સુવર્ણજયંતી-ગ્રંથ'માંનું આ ઉપર આપેલું સુશોભન તેનું એક દૃષ્ટાન્ત છે. તેમાં ચીતરેલાં ઝાડનું આલેખન આબેહૂબ નથી; છતાં એકેએક વૃક્ષ જે જુદીજુદી જાતનું છે તે ઓળખાવતાં તેનાં પાંદડાંની આકૃતિની લાક્ષણિકતા તેમાં આલેખી છે. એ ઉપરાંત, વિશેષ તો તેને ભાત(design)ના ઘાટ પર રૂઢસ્વરૂપ આપ્યું છે. છતાં, તેમાંથી વડ કયો ને આંબો કયો તે તમે પારખી શકો. અતિ પુરાતન શિલ્પો તથા ચિત્રોમાં આવા રૂઢિપ્રયોગો જોવા મળે છે.





ડાબી બાજુ: ૯૩ વર્ષના જઈફ ચિત્રકાર દાદીમા મોઝીસ: જમણી બાજુ: એમની વિશિષ્ટ શૈલી દર્શાવતું ગ્રામપ્રદેશનું એક દૃશ્યચિત્ર



મુંબાઈના યુવાન કલાર્થી ભાઇ પ્રદ્યુમ્ન તન્નાએ, સૌરાષ્ટ્રનાં લોકનૃત્યો ઉપરથી ચાલુ ગતિએ ફાઉન્ટન પેન તથા કિંચિત રંગછાંટવાળા કરેલા ઝડપી સ્કેચોના થોડા નમૂના આ ઉપર આપ્યા છે. મુંબાઈના જે. જે. કલા વિદ્યાલયની છેલ્લી પરીક્ષા પસાર કરીને કલા વ્યવસાયમાં પ્રવેશતા એ ભાઇ કાવ્યરચનામાં પણ એટલો જ રસ ધરાવે છે.

એમની ૭૮ વર્ષની ઉમરે પોતાનાં આંગળાં અક્કડ બનતાં જતાં લાગતાં ભરવા-ગૂંથવાનું છોડી એમણે ચિત્રકામ શરૂ કર્યું અને થોડા સમયમાં તો અમેરિકાના પ્રાથમિક કલાસ્વરૂપનાં પ્રમાણભૂત ચિત્રકાર તરીકે તેમની ગણના થવા માંડી. બહુ ઓછા અમેરિકન કલાકારોએ આટલા ટૂંક સમયમાં આટલી બધી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હશે.

આજે ન્યૂ યૉર્કમાં પોતાના સૌથી નાના પુત્ર જોડે રહેતાં દાદીમા મોઝીસ પોતાનાં ચિત્રો ગ્રામજીવનની પોતાની બાલ્યકાળની સ્મૃતિને આધારે ચીતરે છે. ગામડાંના લોકો, એમનાં નિવાસસ્થાનો, એમના આનંદપ્રમોદો અને એમની દૈનિક પ્રવૃત્તિનાં, ગ્રામજીવનની સાદાઇથી યુક્ત એમનાં ચિત્રોમાં એમના પોતાના બાલ્યજીવનનું પ્રતિબિંબ છે. ઉનાળામાં એમના ઘરનું એકઢાળિયું એમનો સ્ટુડિયો બને છે. બાકી સામાન્યતઃ પોતાના શયનખંડમાં બેસીને જ એ ચીતરે છે.

દાદીમા મોઝીસ પોતાના ચિત્રો માટે કૅનવાસનો નહિ પણ મેસોનાઇટનાં પાટિયાંનો ઉપયોગ કરે છે; કારણ, એમના કહેવા પ્રમાણે, એ કૅનવાસ કરતાં વધુ વર્ષ ચાલે છે. પાટિયા પર પહેલાં અળસીનું તેલ ચોપડી તે પર સફેદ રંગ લગાવી દે છે જેથી ચિત્રમાં ચમકદારપણું આવે છે. એમનામાં રહેલા સ્કૉચ જીવડાને લીધે એકી સાથે એક જ ચિત્ર ન ચીતરતાં ત્રણ કે ચાર ચિત્રો તે એકસાથે શરૂ કરે છે. એમના કહેવા પ્રમાણે 'એથી રંગ બચે છે, સમય બચે છે.' ગતિના કે દૃષ્ટ-પ્રમાણના કોઈ નિયમનું બંધન એમણે નથી સ્વીકાર્યું અને પોતાનાં ચિત્રોમાં પ્રકૃતિને છાયા કે વિષાદને બદલે રંગ અને ઉજાસનું જ પરિધાન એ કરાવે છે.

જયશંકર 'સુંદરી' (અનુસંધાન પૃ. ૧૬૧થી) જેની હાંસી ઉડાવવામાં આવે છે તે વ્યવસાયી રંગભૂમિની પણ એક આંતરિક શિસ્ત હતી, જેની પરપરાનો ઉપયોગ નાટકને વિકસાવવામાં થવો ઘટે. શ્રી જયશંકર જેવા ગુરુ મળતા હોય તો તો પછી જોઇએ જ શું?

અમદાવાદમાં એક નાટ્ય સંસ્કરણ સમિતિ રચવાનું નક્કી થયું અને શ્રી. જયશંકરે એક પાઈ પણ લીધા વિના ગાંઠને ખરચે પોતાની સેવા આપવાનું સ્વીકાર્યું. એમાંથી નાટ્ય-વિદ્યામંદિરની કલ્પના જાગી અને એનો બે વર્ષનો અભ્યાસક્રમ ઘડાયો. નટો અને નાટ્ય-રસિકો વિદ્યાર્થીઓ તરીકે એમાં જોડાયા. આચાર્યપદ શ્રી. જયશંકરને આપવામાં આવ્યું. પણ જ્યારે અધ્યાપક ન હોય ત્યારે આ સજ્જન પોતે પણ નોટ અને પેન્સિલ સાથે રાખીને વિદ્યાર્થી બની જતા હતા. શ્રી. જશવંત ઠાકર, શ્રી. ધનંજય ઠાકર, શ્રી. અરુણ ઠાકોર વગેરે નાટ્ય-રસિયાઓના સહકારથી એક સૂત્રધારપંચ અસ્તિત્વમાં આવ્યું. નટો તો આવતા ને જતા, પણ જયશંકરે ખીચડી હાથે પકાવીને, દુકાનને વીસનગરમાં વહેતી મૂકીને, કુટુંબનો પણ વિયોગ સહીને નાટ્ય વિદ્યામંદિરમાં પ્રાણ પૂરે રાખ્યો. ભગવદજ્જુકીયમ્, સાગરઘેલી વગેરે નાટકો તૈયાર થયાં. ત્યાં નાટ્ય વિદ્યામંદિરમાં શ્રી. દીનાબહેન ગાંધી અધ્યાપક તરીકે જોડાયાં. લોકનાટ્ય સંઘ તરફના 'ઢીંગલી ઘર'માં દીનાબહેનનો અભિનય જોઇને આ નિવૃત્ત નટનું હૈયું હરખેલું. હવે બંનેને ભેગાં કામ કરવાનો, જૂની અને નવી રંગભૂમિને સાંધવાનો સુયોગ પ્રાપ્ત થયો છે.

'નાટ્ય વિદ્યામંદિર'માંથી 'નટમંડળ'નો, નાટકો ભજવનારા મંડળ તરીકે ઉદય થયો તેના પણ શ્રી. જયશંકર નિયામક છે. આમ ૬૫ વર્ષની વૃદ્ધ વયે પણ નિઃસ્પૃહ ભાવે ગુજરાતના આ નટશિરોમણિ રંગભૂમિની સેવા કરી રહ્યા છે. ગુજરાત સાહિત્યસભાએ ગયે મહિને એમને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો ત્યારે અર્પણવિધિનો ઉત્તર વાળતાં એમણે જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તે પણ નાટક માટેની એમની દાઝના દ્યોતક છે:

"પાંસઠ વર્ષે મારે પોતાને માટે કશું નથી જોઇતું. ગુજરાતે મને ઘણું આપ્યું છે. ફક્ત એક જ વસ્તુ માગું છું: રંગભૂમિને સજીવન કરવાના કાર્યમાં સહકાર આપો. નટના વ્યવસાયને માનભરી નજરે નિહાળો, અને નટ માનભેર જીવી શકે એવો પ્રબંધ કરો. લેખકો અને કવિઓ સામે મારે એક જ ફરિયાદ કરવાની છે: તમે સારાં નાટકો લખી આપતા નથી તેથી અમારે પરદેશી નાટકો ભજવવાં પડે છે. અને તમે સારાં નાટકો આપો નહીં ત્યાં સુધી ઈબસન જેવાનાં નાટકો દ્વારા મળતી તાલીમ ખોવી પાલવે એમ નથી."

આપણે પ્રાર્થીએ કે ગુજરાતી રંગભૂમિની હજી વધુ સેવા કરવાને ગુજરાતના આ સપૂતને આયુ આરોગ્યની ખોટ ન પડે. **યશવંત શુક્લ**

સિનેમાસ્કોપ



અહીં દર્શાવ્યા પ્રમાણે ચાલુ ચલચિત્રોના પડદાની સરખામણીમ ઘણા મોટા અને આંતરગોળ પડદા પર 'સિનેમાસ્કોમ' જોતાં પ્રેક્ષકોને તેઓ પણ ભજવાતા દશ્ય સાથે જ સંકળાએલા હોવાનો ભાસ થાય છે.

ચલચિત્રોની શોધ થઈ તે પહેલાં રંગભૂમિ મનોરંજનની દુનિયામાં સૌથી મોખરાનું સ્થાન ધરાવતી હતી. પણ ચલચિત્રો આવતાં તેનું એ સ્થાન એ ગુમાવવા લાગી, તેમાં વળી, ચલચિત્રોમાં અવાજ, ઉમેરાયો, એટલું જ નહિ પણ ટેકનિકલર, સિનેકલર વગેરે રંગોની પણ અવનવી પદ્ધતિઓના પ્રયોગો થવા માંડતાં ફિલ્મ ઉદ્યોગે મનોરંજનની દુનિયા સર કરી લીધી. પરંતુ વિજ્ઞાને તો એથી વધુ આગેકૂચ કરી અને ટેલીવિઝનની શોધ કરી. અલબત્ત, હજી આ સાધન એટલું બધું પ્રચલિત નથી થઇ ગયું, પણ એની લોકપ્રિયતા એટલી વધી ગઇ છે કે ફિલ્મ ઉદ્યોગની હસ્તી ભયમાં આવી પડે. ઘરની બહાર પણ નીકળ્યા વિના ફિલ્મ જોવા જેટલું જ મનોરંજન આપતા આ સાધન સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ફિલ્મ-ઉદ્યોગ પણ ઠીકઠીક પ્રયત્નો કરી રહ્યો છે, અને એને પરિણામે થ્રી ડાઇમેન્શન—ત્રિપરિમાણ અને સિનેરમા જેવી પદ્ધતિઓ શોધાઇ છે. પરંતુ આ પદ્ધતિઓની અજમાયેશ દ્વારાએ જોઇએ તેટલી સફળતા મળી નથી.

થ્રી-ડી ફિલ્મ ઉતારવામાં ખર્ચ ઘણો વધી જાય છે. કેમકે તેમાં બે કેમેરા વપરાતા હોઇ ફિલ્મ બેવડા પ્રમાણમાં વપરાય છે. અને સૌથી વધુ અગત્યની વસ્તુ તો એ કે એ ચિત્રો જોવા માટે ખાસ બનાવટના ચશ્મા પહેરવા પડે છે. ને ફિલ્મ જોવા ટટ્ટાર જ બેસવું પડે છે આથી પ્રેક્ષકોની અગવડ વધે છે એથી લોકો તે જોવાનું વધુ પસંદ કરતા નથી.

સિનેરમા કે સિનેરાની પદ્ધતિ પણ નિષ્ફળ નીવડી છે. એક માત્ર હોલીવુડ સિવાય તે બીજે ક્યાંય બતાવવામાં આવી નથી. એમાં ત્રણ કેમેરા ને ત્રણ પ્રોજેક્ટરોનો ઉપયોગ થાય છે. ને તેની રજૂઆતમાં હાલના કરતાં ચારગણા મોટા પડદાઓ વાપરવા પડે છે. જોકે આમાં ચશ્મા પહેરવાની જરૂર પડતી નથી. પરંતુ તે ઉતારતાં ખર્ચ ઘણો વધી જાય છે.

પરંતુ ત્રિપરિમાણ ચિત્ર અંગે સફળ થએલી પદ્ધતિ તે 'સિનેમાસ્કોપ'ની છે. સિનેમાસ્કોપની પદ્ધતિ પ્રથમ ટવેન્ટીએથ સૅંચરી ફૉક્ષે અપનાવી ને તેના પહેલા ચિત્ર 'ધી રોબ'ને મળેલી ભારે ફતેહના કારણે થોડાઘણા ફેરફાર સાથે બીજી કંપનીઓ હવે એ અપનાવવા લાગી છે.

સિનેમાસ્કોપમાં સામાન્ય ચલચિત્રોની જેમ એક જ કેમેરા અને ફિલ્મ બતાવવા માટે એક જ પ્રૉજેક્ટર વાપરવામાં આવે છે. સિનેમાસ્કોપની વિશિષ્ટતા એ છે કે આમાં જે દશ્ય ઝડપાય તે ખાસ લેન્સ દ્વારા કોમ્પ્રેસ્ડ (સંકુચિત) કરવામાં આવે છે અને રજૂ કરતી વખતે એનામોરફિક લેન્સ દ્વારા ખૂબ મોટું બતાવવામાં આવે છે.

સિનેમાસ્કોપ માટે ૨૫ ફૂટ ઊંચો ને ૬૦થી૬૫ ફૂટ લાંબો સહેજ આંતર્ગોળ પડદો વાપરવો પડે છે. ટવેન્ટીએથ સૅંચરી ફૉક્ષે એને 'મિરેકલ મિરર સ્ક્રીન' નું નામ આપ્યું છે. સામાન્ય સ્ક્રીન કરતાં તે અઢીથી ત્રણ ગણો મોટો હોય છે. પડદાનું આ માપ જુદીજુદી કંપનીઓએ જુદુંજુદું રાખ્યું છે. આ સિવાય એ બધી પદ્ધતિમાં બીજ કોઈ ખાસ ફેરફારો નથી. મોટા પડદા અને એનામોરફિક લેન્સના ઉપયોગથી દેખાતા દશ્યમાં ત્રિપરિમાણની અસર જોઈ શકાય છે. ને કે એ અસર થ્રી-ડી ચિત્રો જેટલી તો નથી જ, પરંતુ એ જોવા માં ચશ્મા પહેરવા પડતા ન હોઈ સિનેમાસ્કોપને (અનુ.પૃ.૧૬૭



'સિનેમાસ્કોપ'ની પદ્ધતિએ તૈયાર થએલ પ્રથમ ચિત્ર 'ધી રોબ'નું એક દશ્ય. ડાબી બાજુ ફિલ્મની પટ્ટી પર એનામોરફિક લેન્સ વડે દશ્ય કેવું ઝડપાય છે તે દર્શાવ્યું છે. એ જ દશ્ય પડદા પર કેવું દેખાય છે તે જમણી બાજુ દેખાડ્યું છે.





ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ને ચોમાસું મહાલ્યો, કરડકણી કૂતરીને હડકવા હાલ્યો.
મરકટ ને વળી મદિરા પીએ, અખા એથી સૌ કો બીએ.
એક અફીણ, બીજું આળસ, એ બેમાં છે કેવો રસ;
જેમ જેમ અદકું ખાતો જાય, અંગ અકલે હીણો થાય;
જો મૂકે તો કારજ સરે, નહિ તો અખા તે ખાતો મરે.

પન્નાલાલ પટેલ

જીવનની વિષમ પરિસ્થિતિઓના આઘાત-પ્રત્યાઘાતમાંથી જેમની સાહિત્યિક પ્રતિભા ક્રમશઃ જાગ્રત થતી ગઈ છે એ શ્રી પન્નાલાલ પટેલ ગુજરાતની વર્તમાન પેઢીના એક મહાન નવલકથાકાર છે. ગુજરાતી નવલકથાના માર્ગસ્તંભો જો ગણવા બેસીએ તો સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી, શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રી રમણલાલ દેસાઇ પછી ચોથું નામ નિર્વિવાદ શ્રી પન્નાલાલ પટેલનું આવે. અને એ ચારે વચ્ચે જો તુલના કરીએ તો આંતરપ્રાંતીય નહિ પણ આંતરરાષ્ટ્રીય રજૂઆતની પાત્રતામાં પન્નાલાલની નવલકથાઓનો નંબર કદાચ પહેલો આવે.

પન્નાલાલે વાર્તાઓ પણ લખી છે અને કેટલીક બહુ સારી વાર્તાઓ લખી છે, પરંતુ એમની પ્રતિભાએ વિશેષ વિકાસ નવલકથાના ક્ષેત્રે સાધ્યા છે. સાહિત્યપ્રકારોમાં એમને સૌથી વધુ પ્રિય પ્રકાર પણ નવલકથાના જ છે. સ્વ. મેઘાણીએ જેની મુક્ત કંઠે પ્રશંસા કરેલી એ એમની પહેલી લાંબી વાર્તા 'વળામણાં'મા એક સફળ નવલકથાકારની પ્રતિભાનાં બી રહેલાં જે આગળ જતાં અંકુરિત થઇ 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઇ'માં વિકસિત થયાં. ગુજરાતની શ્રેષ્ઠ નવલકથાઓની કોઇ પણ યાદીમાં એ બે નવલકથાઓ આગળ પડતું સ્થાન મેળવે. ગ્રામ-જીવનના ફલક પર એમની કલમ દ્વારા આલેખાતું કોઈ પણ પાત્ર અપ્રતીતિકર નહિ લાગે. કોઈ પણ ગામડાના રોજિંદા જીવનમાં આપણને ભટકાતાં પાત્રો એમાં મળશે. એ પાત્રોમાં વરતાતી જીવનની સચ્ચાઇ અને બલિષ્ઠ લોકબોલીમાં પ્રતિબિંબિત થતું એમનું અંતર આજના કથાલેખકોમાં એમને આગવું સ્થાન અપાવી રહે છે. ગામડામાં વસતી જુદીજુદી કોમોની સમૂહગત ખાસિયત અને વ્યક્તિગત વલણો તથા સંસ્કારો પોતાની નવલકથાઓમાં ઝીલીને પન્નાલાલે આપણા ગામડાનું સુરેખ, સ્વાનુભૂત અને સહૃદયતાપૂર્ણ ચિત્ર આલેખ્યું છે. એમણે શહેરી જીવનને પણ પોતાની વાર્તાઓમાં નિરૂપવાનો પ્રયાસ કરેલો છે, પરંતુ જીવનની જે માર્મિક અનુભૂતિ અને સંવેદનની તીવ્રતા ગ્રામજીવનને લગતી તેમની કૃતિઓમાં મળે છે એટલી હદે શહેરી જીવનને સ્પર્શતી કૃતિઓમાં નથી મળતી, અને તે સ્વાભાવિક જ છે.



સંસારની રંગભૂમિનાં અનેકરંગી પાત્રોના આલેખન પાછળ જેમની માનવતાની ઉપાસના અભ્રષ્ટપણે ચાલુ છે એવા શ્રી પન્નાલાલ પટેલનો જન્મ ગુજરાતની પૂર્વસરહદ પર આવેલા ડુંગરપુર રાજ્યના નાના ગામડા માંડલીમાં ઇ. સ ૧૯૧૨ ના મેની ૭મીએ આંજણા નામની પાટીદારની લગભગ નિરક્ષર જેવી ખેડૂત જ્ઞાતિમાં થએલો. એમના પિતાનું નામ ન્હાનાલાલ ખુશાલભાઈ પટેલ, માતાનું નામ હીરાબા. અંગ્રેજી ચાર ધોરણ પૂરા કર્યા પછી આર્થિક મુશ્કેલીના કારણે અભ્યાસ છોડી દઈ આજીવિકા માટે એમને આથડવું પડયું છે. દારૂની ભઠ્ઠી. શણવાળાના ગોદામ. પાણીની ટાંકી, વીજળીઘર વગેરે જુદેજુદે સ્થળે કરેલી જુદા જુદા પ્રકારની નોકરીઓ જ નહિ, પણ વાસણ

[માસમાસનાં પંખી-૯૯]

પિદ્દી



કચ્છ-સૌરાષ્ટ્રમાં વ્યાપક અને એકમાત્ર મુનિયા તે પિદ્દી. આસામ સિવાય, હિમાલયની ૬૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીની ગીચ ઝાડીથી દૂરના ખુલ્લા સૂકા સીમ-વગડાની કાંટાળી ઝાડી આસપાસમાં નાનકડા ટોળામાં એ રહે છે. પણ વગડાઉ પંખી તરીકે પરિચિત હોવા કરતાં વધુ તો એ પળાતા પંખી તરીકે જાણીતું છે. અલબત્ત શહેરોમાં ચકલેચૌટે રખડતા જોષીઓ પોતાના ગ્રાહકોનાં નસીબનાં પરબીડિયાં ઉપાડવા માટે તેને પાળે છે, એ સિવાય તેને પાળવા જેવું કશું મહત્ત્વ તેનામાં છે નહિ. સ્વભાવે પણ એ બેવકૂફ કહેવાય એટલું પાલતુ છે. લાલ મુનિયા સાથે તેને પણ એક જ પાંજરામાં રાખવામાં આવે છે. જો કે લાલ મુનિયાના સૂર જેટલી તેના ગળામાં મીઠાશ નથી.

કદમાં ચકલી જેવડાં એટલે કે પાંચેક ઇંચનાં આ પંખી દેખાવે ધૂળિયાં; પેટાળે ને ઢીંઢે ધોળાં, કાળી અણિયાળી પૂછડી ને કણભક્ષી પંખીઓ જેવી જાડી જૂહ ચાંચવાળાં છે. વગડામાં ટોળામાં ફરતાં જમીન પરથી ઘાસનાં બીઆં વગેરે શોધી ખાતાં, કે સવારે જ પકડાયાં હોય તો યે સાંજે જ પાંજરામાં ફૂદતાં જોવા મળે છે.

એકાદ વર્ષનું થયું યે ન હોય ત્યાં એ પ્રજનન કરવા લાગે છે. આખું વરસ તેનાં ઈંડાં જોવા મળે છે. એમની નવીનતા જો કંઇ હોય તો તે તેમના સમૂહપ્રજનનની જ. જમીનથી પાંચસાત ફૂટ ઊંચે કૂંળાં ઘાસનો મોટો ગોળાકાર માળો બનાવી તેમાં પ્રવેશવા માટે, એક ગોળાકાર કાણું રાખે છે. પહેલી નજરે તો એ પ્રવેશદ્વાર ઝટ નજરે પણ ન ચડે. એમાં થઇને અંદરની કૂંળાં ઘાસની સુંવાળી જગ્યામાં જવાય છે. ક્યારેક તેઓ કુલ્કીના પડતર માળાનો પણ ઉપયોગ કરે છે. એક માળામાં એકીસાથે વધુ માદાઓ ઇંડાં મૂકે છે. દરેક માદા ચારથી આઠ, ચોખ્ખા સફેદ રંગનાં, પહોળાં, સંપૂર્ણ લંબગોળ ઈંડાં મૂકે છે. તેને સેવવામાં નર-માદા સરખા જ ભાગ લે છે. બચ્ચાં મોટાં થયા પછી યે તેઓ માળાનો ઉપયોગ કરતાં જોવા મળે છે.

માંજનારા તરીકે તેમણે કામ કરેલું છે. કૌટુંબિક વિટંબણાઓએ અને ભયંકર માંદગીઓએ એમને શારીરિક તેમજ માનસિક યંત્રણાનો જે અનુભવ કરાવેલો છે એ યંત્રણાએજ એમને ભૌતિક પરિસ્થિતિથી ઉદાસીન બનાવી સર્જનના સાત્વિક આનંદ પ્રતિ પ્રેરેલ છે. એ પ્રેરણામાં સૌથી વધુ હિસ્સો કોઇનો હોય તો તે શ્રી ઉમાશંકર જોષીનો છે. સાહિત્યજગતમાં જીવનની આવી વિલક્ષણતા જો કે નવાઈની નથી. કેટલાય સાહિત્યકારો આપણને જાણતાં નવાઈ ઊપજે એવા સાહિત્ય-વિમુખ જીવનાવલંબ છતાં એ અસહાયતા સામે નિરંતર સંઘર્ષ કરતા રહીને પોતાની સર્ગશક્તિનો વિકાસ સાધતા રહે છે. આ સંઘર્ષમાં એમની જીવનશક્તિ ક્ષીણ થતી જ હોય છે અને પન્નાલાલને તો એ સંઘર્ષે ક્ષયગ્રસ્ત સુધ્ધાં બનાવી મૂકેલા. એમની જીવનશક્તિને જો આ રીતે ક્ષીણ ન થવું પડયું હોત તો અવશ્ય એમણે આપ્યું છે એ કરતાં પણ આપણને કંઈક અધિક અને ઉત્કૃષ્ટ આપી શકયા હોત. પરંતુ જે આપ્યું છે એ પણ એમની પ્રતિભાનું દ્યોતક હોઇને ગુજરાત સાહિત્ય સભાએ ૧૯૫૧ની સાલનો રણજીતરામ સુવર્ણચન્દ્રક એમને પ્રદાન કરી એમનો કરેલો સત્કાર સર્વથા યોગ્ય છે.

(પન્નાલાલ પટેલનો બ્લૉક 'સંદેશ'ના સૌજન્યથી)

નાગરી પ્રચારિણી સભા

ગયા માસમાં જેનો હીરકજયંતી-મહોત્સવ ઊજવવામાં આવ્યો એ કાશીની નાગરી પ્રચારિણી સભાએ હિંદી ભાષા અને સાહિત્યના વિકાસમાં અપૂર્વ ફાળો આપ્યો છે. ઈ. સ. ૧૮૯૩ના જુલાઈની ૧૦-માએ તેની થએલી સ્થાપનાથી માંડીને આજ દિવસ સુધીનો એનો ઇતિહાસ એ આધુનિક હિંદી ભાષાના વિકાસનો જ ઇતિહાસ રહેલ છે. ભારતેન્દુ હરિશ્ચન્દ્રે 'નિજ ભાષા ઉન્નતિ અહે, સબ ઉન્નતિકો મૂલ' એ સૂત્ર ઉદ્બોધ્યા પછી કાશીના કેટલાક ઉત્સાહી વિદ્યાર્થીઓએ એ દિશામાં કંઈક કરવાનો નિર્ણય કર્યો, જેમાં સ્વ. બાબુ શ્યામસુંદર દાસ, સ્વ. પં. રામનારાયણ મિશ્ર તથા ઠાકુર શિવકુમાર સિંહ મુખ્ય હતા. ભારતેન્દુના ફોઇના છોકરા બાબુ રાધાકૃષ્ણદાસ એના પહેલા પ્રમુખ હતા અને બાબુ શ્યામસુંદર દાસ મંત્રી. વાર્ષિક લવાજમની માત્ર ૧ રૂ. ૧૫ આનાની રકમથી શરૂ કરવામાં આવેલી આ સંસ્થાએ છેલ્લાં ૬૦ વર્ષમાં સાધેલો વિકાસ ખરેખર આશ્ચર્યકારક છે.

હિંદીને હિંદની રાષ્ટ્રભાષાના પદે સ્થાપવાની સ્વામી દયાનંદ સરસ્વતી તથા ભારતેન્દુ હરિશ્ચન્દ્રની મનીષાને મૂર્ત કરવા માટે સ્થપાએલી આ સભાની શરૂઆત તો વિદ્યાર્થીઓની એકાદ ચર્ચાસભા જેવી જ હતી. પ્રથમ ભારતેન્દુની 'નૉર્મલ સ્કૂલ'માં અને પછી એક બગીચામાં તેની બેઠક મળતી. ત્યારબાદ બનારસના નીચીબાગ વિસ્તારમાં એક તબેલા પરનો મેડો ભાડે રાખવામાં આવ્યો. ઉત્તર હિંદમાં ઉર્દૂ અને ફારસીની ત્યારે બોલબાલા હતી. એની સામે આ પ્રયાસ કેટલેક સફળ થશે એ વિષે પણ ઘણાને શંકા હતી.

સભાના તમામ સભ્યોએ નાગરી લિપિ અને હિંદી ભાષામાં જ લખવા બોલવાનું, મિત્રો તથા અન્ય જનોને તેમ કરવા સમજાવવાનું, વર્તમાનપત્રો અને સામયિકોમાં તે વિષે પ્રચાર કરવાનું, ઠેકઠેકાણે તેની શાખાઓ ખોલવાનું તથા અન્ય સંસ્થાઓનો આ બાબતમાં સહકાર મેળવવાનું ચાલુ રાખ્યું. લોકમત સારા પ્રમાણમાં કેળવાયા પછી સરકાર પર પણ સભાએ દબાણ લાવવાનું ચાલુ કર્યું. પહેલાં એક પુસ્તિકા અંગ્રેજીમાં છાપવામાં આવી જેમાં નાગરી લિપિમાં હિંદી ભાષાના સ્વીકાર માટે જોરદાર હિમાયત કરવામાં આવી. ત્યાર બાદ ૧૮૯૮માં ઉત્તર પ્રદેશના ગવર્નર સમક્ષ એક પ્રતિનિધિમંડળ મોકલવામાં આવ્યું અને અદાલતોમાં હિંદી ભાષાનો સ્વીકાર કરાવવા માટે પ્રાંતભરમાં આંદોલન ઉપાડવામાં આવ્યું. પંડિત મદનમોહન માલવીયની આગેવાની નીચે હિંદી ભાષાની તરફેણમાં હજારો સહીઓ લેવામાં આવી અને હિંદીનો વિરોધ કરી રહેલી કાયસ્થ કોમને પણ છેવટે હિંદીના પક્ષમાં લેવામાં આવી.

સભાની સ્થાપનાના ત્રણ જ વર્ષ બાદ 'નાગરી પ્રચારિણી પત્રિકા' નામક ત્રૈમાસિક પત્રિકાનું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું જેમાં સાહિત્ય, ઇતિહાસ, વિજ્ઞાન, પુરાતત્ત્વ, દર્શનશાસ્ત્ર વગેરેને લગતા અભ્યાસપૂર્ણ લેખો આજ સુધી પ્રસિદ્ધ થતા રહ્યા છે. હિંદી ભાષાના નિર્માણમાં આ પત્રિકાનો ફાળો અવિસ્મરણીય છે. એવો જ અવિસ્મરણીય ફાળો હિંદી સાહિત્ય સંમેલનનો છે, જે પણ આ નાગરી પ્રચારિણી સભાનું જ સંતાન છે. એનું પ્રથમ અધિવેશન સભાના જ પ્રાંગણમાં બાબુ શ્યામસુંદર દાસના પ્રયત્ને યોજાએલું. ત્યાર બાદ વિશેષ કામગીરી અર્થે એનું કાર્યાલય અલ્લાહાબાદ (પ્રયાગ) ખસેડવામાં આવ્યું.

અલ્લાહાબાદના 'ઈન્ડીયન પ્રેસ' તરફથી નાગરી લિપિ અને હિંદી ભાષામાં એક માસિક બહાર પાડવાનું નક્કી થતાં સભાએ તેને સંપૂર્ણ સહકાર આપ્યો. તેણે એ માટે એક સંપાદકમંડળ ઊભું કર્યું અને આગળ જતાં પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદીને તેનું સંપાદનકાર્ય સોંપ્યું. આ માસિક 'સરસ્વતી'એ ખડીબોલીના પાયા પર નિર્માએલી હિંદી ભાષાને લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનો ફાળો આપેલો છે.

શરૂઆતમાં સભાનો ઉદ્દેશ નાગરી લિપિ અને હિંદી ભાષાના પ્રચાર-પ્રસારનો હતો, પરંતુ ધીમેધીમે સાહિત્ય ને સંસ્કૃતિના વ્યાપક સ્વરૂપ તરફ પણ એણે લક્ષ આપવા માંડયું. 'ક્ષત્રપ્રકાશ', 'સુજાનચરિત્ર', 'જંગનામા', 'પૃથ્વીરાજ રાસો', 'પરમાલ રાસો', 'ઢોલા મારૂરા દૂહા', 'બીસલદેવ રાસો' આદિ ઐતિહાસિક કાવ્યગ્રંથો ઉપરાંત તુલસી, સૂર, જાયસી, ભૂષણ, દેવ, ભારતેન્દુ વગેરે પ્રસિદ્ધ કવિઓની કૃતિઓની સસ્તી અને પ્રમાણભૂત આવૃત્તિઓ બહાર પાડેલી છે. હિંદી શબ્દકોશ, વ્યાકરણ વગેરેના નિર્માણ ઉપરાંત પ્રાચીન ગ્રંથોના સંપાદન-પ્રકાશનનું કાર્ય સભાએ હાથ ધરેલું છે. આ દિશામાં થએલા કાર્યના પરિણામે જ હિંદીભાષી જગતને પંડિત રામચંદ્ર શુક્લકૃત 'હિંદી સાહિત્યકા ઇતિહાસ' નામક સંશોધનપૂર્ણ ગ્રન્થ પ્રાપ્ત થએલ છે. 'હિંદી શબ્દસાગર' આ સભાના સતત ૨૨ વર્ષના અથાક પરિશ્રમનું પરિણામ છે. સભાનું આર્યભાષા પુસ્તકાલય હિંદી ભાષાનાં પુસ્તકાલયોમાં અનન્ય છે અને દેશના જુદાજુદા ભાગમાંથી અનેક વિદ્યાર્થીઓ એમાંના મુદ્રિત અને હસ્તલિખિત પુસ્તકોનાં અભ્યાસ-સંશોધન માટે ત્યાં આવે છે. ૩૫૦૦૦ જેટલાં પુસ્તકો અહીં છે. જ્યારે એના સંશોધનવિભાગમાં ૧૫૦૦ હિંદી ભાષાનાં અને ૩૦૦ સંસ્કૃતના દુર્લભ હસ્તલિખિત ગ્રંથો સંઘરાયાં છે.

બાબુ રાધાકૃષ્ણદાસ, ગૌરીશંકર હીરાચંદ ઓઝા, મહાવીરપ્રસાદ દ્વિવેદી, રામચન્દ્ર શુક્લ, આચાર્ય નરેન્દ્રદેવ આદિ પ્રકાંડ વિદ્વાનો સભાનું સભાપતિપદ સંભાળી ચૂકેલ છે. હાલના સભાપતિ ડૉ. અમરનાથ ઝા છે જ્યારે પ્રધાનમંત્રીપદ ડૉ. રાજબલી પાંડે સંભાળી રહ્યા છે. સભાની વ્યવસ્થાપક સમિતિમાં ડૉ. સુનીતિકુમાર ચેટરજી, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, શ્રી શ્રીપ્રકાશ, બાબુરાવ વિષ્ણુ પરાડકાર વગેરે નામાંકિત વ્યક્તિઓ છે. સભાને તેનું પોતાનું છાપખાનું છે જેને વધુ વિકસિત કરવાના પ્રયત્નો ચાલુ છે. પુરસ્કારો અને ચંદ્રકોની યોજના પણ સભા તરફથી ચાલુ છે અને એણે સ્થાપેલા સંકેતલિપિ (શૉર્ટહેન્ડ) વિદ્યાલયનો લાભ દર વર્ષે સેંકડો વિદ્યાર્થીઓ લે છે.

સભાની અન્ય પ્રવૃત્તિઓમાં ઈ.સ. ૧૯૩૦ના માર્ચમાં સ્થાપવા આવેલું ભારતીય કલાભવન ખાસ ઉલ્લેખનીય છે. ભારતીય કલા અને સંસ્કૃતિના સંરક્ષણના ઉદ્દેશે એની સ્થાપના કરવામાં આવેલ છે. કલા,

શિલ્પ, સ્થાપત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ, માનવવંશશાસ્ત્ર વગેરે ક્ષેત્રોને લગતા નમૂનાઓનો વિપુલ સંગ્રહ એ ધરાવે છે. એનો ચિત્રસંગ્રહ ૫૦૦૦થી યે વધુ ચિત્રોનો બનેલો છે, જેમાંનાં કેટલાંકનો સમય તો બારમી સદીથી યે પહેલાંનો છે. રાજસ્થાની, પહાડી, મુગલ આદિ પ્રણાલીનાં ચિત્રોનો આ સંગ્રહ દેશમાં જ નહિ પણ દેશબહાર પણ બિનહરિફ છે. એના શિલ્પ-વિભાગમાં પણ મોહેં જો ડેરો, કુશાન, ગુપ્ત વગેરે સમયના અનેક નમૂનાઓ છે.

ઉપર જેનો ઉલ્લેખ આવી ગયો એ ૨૨ વર્ષના પરિશ્રમે તૈયાર કરવામાં આવેલા 'હિંદી શબ્દસાગર'નાં ૪,૨૮૧ પૃષ્ઠોમાં કુલ ૯૩,૧૧૫ શબ્દો સંઘરવામાં આવ્યા છે. રૂ. ૧,૦૮,૭૧૯-૧૪-૯ના ખર્ચે તૈયાર થએલા આ મહાગ્રંથની કિંમત ૫૦ રૂપિયા રાખવામાં આવેલી છે. પરંતુ સામાન્ય વર્ગના લોકો તથા વિદ્યાર્થીઓ આટલી ભારે કિંમત ખરચી શકે તેમ ન હોઈને ૧૯૩૩માં ૧૨૦૦ પાનાંની એની સંક્ષિપ્ત આવૃત્તિ માત્ર રૂ. ૪ની કિંમતે બહાર પાડવામાં આવી છે.

સોનાગેરૂ: એક ગુણકારી નાચીજ ઔષધ

આમ તો એ એક પ્રકારની માટી જ છે, અને તેથી એ સહજ ઉપેક્ષિત રહે છે. પણ એમાં કેટલાંક ઉપયોગી તત્ત્વો હોવાથી એ એક ઔષધીય ખનિજ છે એ બહુ ઓછા જાણે છે. લોઢાની તે ઉપધાતુ હોઈ તેમાં રહેલાં લોહજન્ય તત્ત્વોને કારણે તેને Irom Ochre પણ કહે છે. અને લોહ, માટી તથા ઑક્સિજનનાં તત્ત્વોવાળો એ સોનાગેરૂ ધાતુ તેમજ ચૂના બંનેનાં તત્ત્વો પૂરાં પાડતી ઔષધી છે.

ખનિજશાસ્ત્રની દૃષ્ટિએ તેના ત્રણ પ્રકારો છે: (૧) વિશેષ માટીવાળો કનિષ્ઠ-હલકો ગેરૂ. (૨) પ્રમાણસર ચીકણી માટી ને લોહનાં તત્ત્વોવાળો ચિકાશદાર, તેજદાર અને ગુરુ એવો સોનાગેરૂ અને (૩) બહુ જ ઓછી માટી ને લોહનાં વિશેષ તત્ત્વોવાળો પાષાણ કે પથ્થરિયો ગેરૂ. આ ત્રણેમાં સોનાગેરૂ જ ઔષધીય રીતે ઉપયોગી છે. પાષાણગેરૂનો ઉપયોગ ફક્ત લોઢું ગાળવા પૂરતો જ થાય છે. તાતાના કારખાનામાં જે લોખંડ બને છે તે આ પાષાણગેરૂમાંથી જ છૂટું પડાય છે.

સોનાગેરૂ સ્વાદે અને રસે તૂરો ને મધુરો તથા બહારથી ચોપડવાથી શીતળ ને ગરમીને દૂર કરનારો છે. તેમાં રહેલી ચિકાશ ઠંડક અને પોષણ આપે છે. પરંતુ તેમાં રહેતાં ખનિજ તત્ત્વો ને કેટલીક અશુદ્ધિઓ તથા વિજાતીય તત્ત્વોને કારણે પ્રથમ તેનું શોધન કર્યા પછી જ તેનો ઔષધીય ઉપયોગ થવો ઘટે. સોનાગેરૂમાં એ ડૂબે એટલું ગાયનું દૂધ નાખી તેને સાત દિવસ સુધી ઘૂંટવાથી એ શુદ્ધ થાય છે. આ રીતે શુદ્ધ થએલો સોનાગેરૂ પિત્તજ ગરમીનાં દરદો દૂર કરે છે.

૨ વાલ ગળોનું સત્ત્વ, ૧ વાલ ચંદનનું ચૂર્ણ, ૧ વાલ સીતોપલાદી ચૂર્ણ અને ૧ વાલ પ્રવાલપિષ્ટી સાથે ૩ વાલ શુદ્ધ સોનાગેરૂ મેળવી તેનાં બે પડીકાં બનાવી સવાર-સાંજ ગુલકંદ સાથે લેવાથી રક્તપિત્તમાં પડતું લોહી અટકી જઈ દર્દીને ઠંડક ને પોષણ મળે છે. રક્તપ્રદર-લોહીવાને કારણે સ્ત્રીને થતો કમરનો કાયમી દુખાવો, હાથપગમાં દાહ, અતિ પરસેવો, માથાનો કાયમી દુખાવો, માનસિક નબળાઈ, પાંડુ, જીર્ણજ્વર વગેરે પર ૧ રતી ફુલાવેલી ફટકડી અને ૨ વાલ નાગકેસર સાથે ૨ વાલ સોનાગેરૂ મેળવી ત્રણ પડીકાં બનાવી સવારસાંજ લીલી ધરોના રસ સાથે કે ચોખાના ધોવાણ સાથે આપવાથી આરામ થાય છે. ૧ વાલ શેકેલા કડુ ને ૨ વાલ સોનાગેરૂ મેળવી સવારસાંજ મધમાં ચાટવા સાથે સોનાગેરૂ તથા હળદરને સાથે ઘૂંટી શરીર પર લગાડવાથી શીળસ મટે છે. રતવાની ગાંઠ ઉપર પણ દશાંગલેપ સાથે સોનાગેરૂ મેળવીને લગાડાય છે. દાઝવા પર સોનાગેરૂને કોપરેલ તેલમાં કાલવીને ચોપડવાથી રૂઝ આવી જાય છે. લીમડાનાં પાનની ત્રણ તોલા ચટણીને ૧૦ તોલા તલના તેલમાં ઉકાળીને બનાવેલા **નીંબતેલમાં** સોનાગેરૂ તથા થોડું વેસેલિન કાલવીને ચોપડવાથી ગરમીનાં ગૂમડાં મટે છે. ગળોના ઘન કે સ્વરસ સાથે સોનાગેરૂ આપતાં તાવમાં પણ આરામ મળે છે. વળી, ફટકડી સાથે તેનું અરધો વાલ ચૂર્ણ તુલસીનાં પાનના રસ સાથે આપવાથી મૅલેરિયા અટકે છે. આંતરડાના દરદને લઈને મોંમાં પડતાં ચાંદાં પર પણ મધ સાથે ૨ વાલ જેઠીમધનું ચૂર્ણ ને ૨ વાલ સોનાગેરૂ દિવસમાં ચાર વાર ચાટવાનું રાખવાથી આરામ મળે છે. ચડેલા અવાળુને લઈ દાંતના પેઢામાં દરદ અને તેને લઈને ગાલ પર સોજો આવ્યો હોય ત્યારે ૨ વાલ કોડિયા લોબાન સાથે ૨ વાલ સોનાગેરૂનું ચૂર્ણ ભેળવી તેને રૂમાં લપેટી મોંમાં મૂકી દેવું ને બે બે કલાકે તે બદલતા રહી ગરમ પાણીના કોગળા કરતા રહેવાથી અવાળુ પાકી જઈને ફૂટી જશે ને રૂઝ આવી જશે. ૧૦ તોલા સૂંઠના ચૂર્ણ સાથે ૨૦ તોલા શુદ્ધ સોનાગેરૂને ત્રણ દિવસ નાગરવેલના પાનમાં ઘૂંટીને બે બે રતીની ગોળીઓ વાળી એને દૂધ-સાકરના અનુપાન સાથે આપવાથી પિત્તજન્ય માથાનો દુખાવો, વાતજન્ય આધાશીશી, ખાટી ઊલટી, નિદ્રાનાશ, પિત્તજ ઉન્માદ, દુર્ગંધી પરસેવો, મોં-નાક વાટે લોહીનું પડવું તથા આમદોષને લઈને મોંમાં પડતાં ચાંદાં પર તે ઘણો ગુણ કરે છે. માટી ખાવાથી નાનાં બાળકોને ઘણીવાર 'હાથપગ દોરડી ને પેટ ગાગરડી' જેવું થઈ જાય છે ત્યારે સોનાગેરૂનાં બબ્બે વાલનાં પડીકાં મધ સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી પેટનો ભરાવો દૂર થઈ જાય છે. કોઈ પણ પ્રકારનાં ઝેરી જીવજંતુઓના કરડવા ઉપર સોનાગેરૂમાં પાણી નાખી બનાવેલો લોંદો મૂકવાથી ઝેર શોષાઈ જઈ સોજો દૂર થાય છે. એવી જ રીતે ઉનાળામાં અતિ તાપથી લોહી ઉશ્કેરાઈ નાનાં બાળકોને ગરમી નીકળે છે તેમાં આ સોનાગેરૂ સાથે ચંદન કે રતાંજલીનો લેપ કરવાથી ચામડી સુંવાળી, ઠંડી ને ચીકણી બની આરામ મળે છે. આ બધા ઔષધીય ગુણો જોતાં ખાતરી થશે કે સામાન્ય રીતે માત્ર સોનાને દેદીપ્યમાન કરવા માટે કે કોઈ ઘરગથ્થુ ઉપયોગ માટે જ વપરાતી આ નાચીઝ વસ્તુ કેટલી ગુણકારી છે.


('આયુર્વેદ વિજ્ઞાન'માંના વૈદ્ય પ્રાગજીભાઈ રાઠોડના લેખપરથી તારવીને)


સિનેમાસ્કોપ (અનુ. પૃ. ૧૬૪થી)

સારો આવકાર મળ્યો છે. વળી, સિનેમાસ્કોપની સફળતાનું બીજું પણ કારણ છે. એ છે 'સ્ટીરીઓફોનિક સાઉન્ડ.' સામાન્ય ચિત્રોમાં અવાજનો એક જ ટ્રેક આવે છે અને પડદા પાછળ એક જ લાઉડસ્પીકર મુકાય છે. જ્યારે આમાં ફિલ્મ ઉપર ચાર ટ્રેક્સ આવે છે અને સિનેમામાં પડદા પાછળ ત્રણ ને પ્રેક્ષકગૃહમાં પાછળ અને આજુબાજુ લાઉડસ્પીકરો રહે છે. આથી પડદા ઉપર પાત્ર જે દિશાએથી બોલતું હોય તે દિશામાંથી જ તેનો અવાજ આવતો સંભળાય છે.

પણ આ સિનેમાસ્કોપની પદ્ધતિમાં પણ એક ખામી છે. આ પદ્ધતિએ તૈયાર થતાં ચિત્રો જોતાં આપણે જાણે નાટક જોતાં હોઈએ તેવું લાગે છે. અન્ય પદ્ધતિના ચલચિત્રોની પેઠે આમાં 'ક્લોઝઅપ' જોવા મળતા નથી. કેમેરા ફરે છે ખરા પણ મોટે ભાગે 'મીડ શોટ્સ' અને 'લૉંગ શોટ્સ' જ હોય છે. તેથી રંગભૂમિ પર ભજવાતા નાટકની પેઠે એક મોટું સમગ્ર દૃશ્ય જ આપણને જોવા મળે છે.

સિનેમાસ્કોપ દ્વારા હવે ફિલ્મ ઉદ્યોગ ટેલીવિઝન સામે ટક્કર લઈ રહ્યો છે. પણ આ સિનેમાસ્કોપ હોય યા અન્ય કોઈ પ્રકારની ફિલ્મો હોય, એક વસ્તુ નિશ્ચિત છે કે તેમાં સારી વાર્તાઓ, સારા વિષયો વગેરે નહિ હોય તો ફિલ્મઉદ્યોગે આજે જે હાલ રંગભૂમિના કર્યા છે એ જ હાલ ટેલીવિઝન ફિલ્મઉદ્યોગના કરશે એમ વિનાસંકોચ કહી શકાય.





ઉત્તર અને દક્ષિણ ભારતની શિલ્પકળા

થાડા તાત્ત્વિક ફેરફારો સિવાય ઉત્તર ને દક્ષિણ ભારતનાં શિલ્પો ભારતની પ્રાચીન શિલ્પશાસ્ત્રીય પરંપરા અનુસાર થતાં હોઇ એકબીજાંને કેટલાં મળતાં આવે છે તે દર્શાવતાં આ ચિત્રો શ્રી પૂ-શ્રુ-તાનનાં દોરેલાં રેખાંકનો છે. મથાળાની ત્રણ આકૃતિઓ દક્ષિણ ભારતના મદુરાના મીનાક્ષી મંદિરની શિલ્પપ્રતિમાઓ ઉપરથી છે, જ્યારે નીચે ડાબી બાજુએ આપેલાં ત્રણ રેખાંકનો ઓરિસ્સાના ભુવનેશ્વરના મંદિરમાંની પ્રતિમાઓની પ્રતિકૃતિ છે. ચિત્રકળામાં પોતે સિદ્ધહસ્ત ન હોવા છતાં અન્ય વ્યવસાયમાંથી વખત કાઢીને એક સામાન્ય માણસ તરીકે શૉખને ખાતર ખીલવેલી એમની કલમ પ્રશંસનીય ગણાય.

આજનો મિત્ર પડછાયા જેવો છે: સૂર્યના પ્રકાશમાં આપણો પીછો નથી છોડતો; અને ઘેરાં વાદળોમાં દેખાતો પણ નથી.
સ્ત્રીને અરીસો કેમ ગમે છે, ખબર છે? અરીસો બોલ્યા વગર પ્રતિબિંબ પાડે છે, ત્યારે સ્ત્રી પ્રતિબિંબ પાડ્યા વિના બોલે છે.
ચલચ્ચિત્ર અને પ્રત્યક્ષ જીવનમાં એક જ ફેર છે, અને તે એ કે ચલચ્ચિત્રમાં લગ્ન પછી મુસીબત આવે છે ત્યારે પ્રત્યક્ષ જીવનમાં લગ્ન પછી.

સહનની આવડત હો તો મુસીબતમાં ય રાહત છે,
હૃદય જો ભોગવી જાણે તો દુઃખ પણ એક દોલત છે.

ન્યાયમૂર્તિ રાનડે નાનપણમાં અત્યંત તામસી સ્વભાવના હતા. કૉલેજમાં આવ્યા પછી એ ઘણી વાર કલાકો સુધી પોતાની ઓરડીમાં પુરાઈ રહેતા. એક વાર એક મિત્રે આનું કારણ પૂછતાં તેમણે કહ્યું, 'હવે જ્યારે રોષનો પ્રસંગ આવે છે ત્યારે મારા મોંમાંથી માઠું વચન ન નીકળી જાય એ માટે શાંત થતાં સુધી હું અંદર ભરાઇ રહું છું અને આમ સંયમ કેળવું છું.

અનેકાર્થી શબ્દ: ફડક=ફિકર; હૃદયનો ધબકારો; ઢાલ; ઊડવું તે; અંગરખા, સાલ્લા કે એવા કપડાનો છૂટો છેડો; બે કટકા પૈકીનો એક; બારણાનું કમાડ; સઢ; એકદમ.

કહેવતો: 'વીશા શ્રીમાળીના વિચાર'–ચર્ચા, વિચાર કે મતભેદમાં જ વખત વીતાવ્યા કરીને કોઈ પણ નિશ્ચય ઉપર નહિ આવવાની દ્વિધાવૃત્તિ કે દીર્ઘસૂત્રીપણું દાખવવા વપરાતી આ કહેવતનો આખો પાઠ આમ છે: 'વીશા શ્રીમાળીના વિચાર, તે બે મણ ઘી તાવડામાં જ બળી ગયું!' એની પાછળની વાત એમ છે કે જમણવારમાં કયું પકવાન કરવું તેનો વિચાર કરવા વીશા શ્રીમાળીઓ મળે તો તાવડામાં બે મણ ઘી બળી જાય ત્યાં સુધી નિર્ણય ઉપર ન આવી શકે એવા દીર્ઘસૂત્રી તેઓ હોય છે. વાતોમાં જ વખત વિતાવવા વિષે એને મળતી બીજી કહેવતો :'વાતોનાં વડાં ન થાય;' 'વાતે પાડા ગાભણા કરવા';'વાતે પાપડ, વાતે વડી, વાતે વહુ ગત્રેડે ચડી.' વગેરે.

ગણિત-ગમ્મત: ૧થી ૯ સુધીનો કોઇ પણ અંક ધારવાનું તમારા મિત્રને કહો. તેને ૨ વડે ગુણાવો. ગુણાકારમાં ૫૦ ઉમેરાવો. જે જવાબ આવે તેમાંથી ધારેલો અંક બાદ કરાવો અને શો જવાબ આવ્યો તે પૂછો. તે રકમનો છેલ્લો આંકડો તે જ એનો ધારેલો આંક હશે.

(જયંત શ્રોફ)

સ્થળ વિષે લોકોક્તિ :

ઊમરેઠ ગામના ઊંડા કૂવા
દીકરી દીધી તે જીવતા મૂવા.

ભારતનું તાર અને ટપાલખાતું રોજ ૭૦ લાખ જેટલી ટપાલમાં આવતી વસ્તુઓની લેવડદેવડ કરે છે. આ ચીજો પર લગભગ ૩૫ ભાષાઓમાં સરનામાં લખેલાં હોય છે, જે પૈકી સરેરાશ ૩૪૫ વસ્તુઓ પર લોકો સરનામાં કરતાં જ ભૂલી ગયા હોય છે!



યહૂદીઓની પવિત્ર દીપમાળ મેનોરાહ: તેને પ્રકટાવી ડિસેમ્બરની પહેલીથી આઠ દિવસ સુધી 'હનુક્કા' નામનો એક દીપોત્સવ તેઓ ઊજવે છે, જેમાં રોજની એક મીણબત્તી પ્રકટાવવી વધારતા જઈ આઠ દિવસે તેઓ એ આખી દીપમાળ પૂરી કરે છે. (વધારાની વચલી મીણબત્તી એ દરેક દીપ પ્રકટાવવા માટે છે.) કહેવાય છે કે ઇ. સ. પૂર્વે ૧૬૮માં સીરિયાના રાજા એન્ટીઓક્સ એપિફેનસે યહૂદીઓનો દેશ પૅલેસ્ટાઈન જીતી લઈ એ ધર્મનો ત્યાં નાશ આદરેલો. તેની સામે ત્રણ વર્ષ સુધી લડીને આખરે તેમણે એ પરદેશીને પાછો કાઢ્યો અને પરદેશીઓએ ભ્રષ્ટ કરેલા પોતાના દેવળમાં સાફસૂફી કરી મુખ્ય પવિત્ર દીપ પ્રકટાવ્યો. પણ એ દીપ માટે દેવળમાં રહેતું પવિત્ર તેલ ફક્ત એક દિવસ પૂરતું જ હોઇ વધારાનું પવિત્ર તેલ બનાવવાના કામમાં પણ તેઓ લાગી ગયા. લોકોક્તિ મુજબ ચમત્કાર એ થયો કે એ નવું તેલ તૈયાર ન થયું ત્યાં સુધી–એટલે કે લાગટ આઠ દિવસ સુધી પેલું એક દિવસ પૂરતું હતું એ તેલ જ બળ્યા કર્યું! આ દૈવી બનાવની યાદમાં ત્યારથી યહૂદીઓ પોતે ધાર્મિક સ્વાતંત્ર્ય માટે ભોગવવી પડેલી મુસીબતોમાં મળેલા ઈશ્વરના આશીર્વાદને સંભારીને, ભોજનસમારંભ, ભજનકીર્તન તથા રમતગમતથી એ ઉત્સવ ઊજવે છે.



'હેં બાપુજી! ફુમ.વો એટલે શું?'

ગામડાંના લોકો ઝાડા પર બકરીની લીંડીનું બેવાલ સુધી ચૂર્ણ ટાઢા રોટલા સાથે દહીંમાં ખવડાવે છે.

બાળક જન્મે ત્યારે એના શરીર પરનું પાતળું ત્વચાપડ તથા નાળ જે આજે નકામાં ગણીને ફેંકી દેવામાં આવે છે, એ કોઈ વાર મોટા જખમમાં તાકીદના આવરણ તરીકે હવે ઉપયોગમાં લઇ શકાશે એમ 'અમેરિકન સોસાઍટી ઑાવ પ્લાસ્ટિક ઍન્ડ રીકન્સ્ટ્રક્ટિવ સર્જરી' નામની સંસ્થા જણાવે છે.


માથું દુખતું હોય તો તુલસીનાં પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડી જોજો.

'તમને હાથ જોતાં આવડે છે?'


'ખાસ તો ન કહી શકું, પણ એક વાર મેં એક બહેનનો હાથ જોયો હતો અને તરત જ મને લાગેલું કે તે ફાવવાની છે.'

'તે કેવી રીતે?'

'તેના હાથમાં ચાર એક્કા ને કાળીના બાદશાહ, રાણી, ગુલામ, દસ્સો તથા નવ્વો હતા.'



કલાકણિકા: વિવિધ, ઘાટ તથા શોભનવાળી પિત્તળની દીવીઓની ઓળખ ગુજરાતને આપવી પડે એમ નથી. પણ અહીં આપી છે તે દીવી મદ્રાસની છે તે દક્ષિણ ભારતનો વિશિષ્ટ ઘાટ દાખવે છે.



વસિષ્ઠ અને અરુન્ધતી
ચિત્રકાર:
રવિશંકર રાવળ

આર્યોને વરુણદેવે આપેલા વચનથી જ્યાં સપ્તઋષિમાંથી સાતમો ઋષિ પ્રકટે ત્યાં જ આર્યાવર્ત સ્થપાય એવી આર્યોની માન્યતા છે. એ પદ માટે વસિષ્ઠ અને અરુન્ધતી બન્ને તપ કરે છે. વરુણની આજ્ઞા થાય છે. વસિષ્ઠને સપ્તઋષિમાં સ્થાન મળે છે. સપ્તર્ષિપદ લઈ અરુન્ધતીથી અલગ થવાની વસિષ્ઠ ના પાડે છે. આ દ્રોહથી આર્યો ગુસ્સે થાય છે ને વસિષ્ઠનો આશ્રમ બાળી મૂકે છે. જગતમાં દાઝેલાં, પણ અવિભક્ત આત્માની સિદ્ધિમાં જીવનસાફલ્ય માનતાં વસિષ્ઠ અને અરુન્ધતી દૂર નાસી જાય છે; જંગલમાં આશ્રમ પૂરો કરે છે. એમને કાઢી મૂકવા માટે આર્યો ઉપર વરુણદેવ ક્રોધે ભરાય છે. આખરે વસિષ્ઠ અને અરુન્ધતીના અવિભક્ત આત્માનો વરુણદેવ સ્વીકાર કરે છે; બન્નેને સંયુક્ત સપ્તર્ષિપદ મળે છે. વસિષ્ઠ અને અરુન્ધતી એમના પુત્ર સાથે જંગલમાં વસ્યાં હોય છે ત્યાં આર્યો જાય છે અને તેમને પાછાં તેડી લાવે છે. આમ વસિષ્ઠ અને અરુન્ધતી એક જ અવિભક્ત આત્માના જુદાજુદા દેહો આજે આકાશમાં જ્યાં સપ્તઋષિ-તારકસમૂહ શોભે છે ત્યાં સાથેસાથે સ્થાન પામ્યાં છે; ને તેથી જ લગ્નવિધિ પૂરો થયે વરકન્યાને તેમનાં દર્શન કરાવવામાં આવે છે.

(ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી પ્રકાશિત ‘શ્રી ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ’ નામક ૩૨ પૂર્ણરંગી ચિત્રોના સંપુટમાંથી: સભાના સૌજન્યથી)